કુમાર





આવતી કાલનાં નાગરિકો માટેનું આજની ઘડીનું માસિક · સંસ્થાપક રવિશંકર રાવળ

નીચેઃ ચિત્ર 'નાગપાશ'ની સુશોભન કોતરણીવાળી રાણકપુરના મંદિરની છતઃ ફોટો · ડૉ. · ધીરજલાલ મહેતા

વર્ષ ૩૦ અંક ૫ · મે ૧૯૫૧
૩૫૩





સપ્ત સ્વર · ચિત્રકાર શ્રી સોમાલાલ શાહ (કલાકારના સૌજન્યથી)

'કુમાર' મે · ૧૯૫૩ના અંકનું મુખચિત્ર

કુમાર

મે ૧૯૫૩

અંક ૩૫૩

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છુટક નકલ: બાર આના

વાચકો લખે છે.....

આ અંકમાં પ્રકટ થતા દરેક ચિત્ર, ફોટોગ્રાફ તથા પત્ર માટે તેના મોકલનારને 'કુમાર'માં આવેલું અમારી અનુકૂળતા પ્રમાણેનું કોઈ પણ એક ત્રિરંગી ચિત્ર ભેટ મોકલવામાં આવશે.

સિકંદરે હિંદમાં બલુચિસ્તાન વાટે પ્રવેશ કર્યાનું 'કવેટા'ના લેખમાં કહેવામાં આવ્યું છે તે હકીકત ખરી નથી. સિકંદર ખાઈબર ઘાટ વાટે આવેલો; પણ જ્યારે તે પંજાબથી ઈરાન તરફ પાછો ગયો ત્યારે તેણે બલુચિસ્તાનની વાટ લીધેલી; એની તપાસ કરવા તેનો એક સરદાર આગળથી એ પ્રદેશ તરફ ગયો હતો.

પ્રો. ખુશાલ ત. શાહનું 'ફેડરલ ફાઈનાન્સ' ઉપર લખેલું પુસ્તક કંગાલ હતું, ને તે તેઓ સુધારી શક્યા નહોતા. 'કુમાર'ના લેખમાં આ પુસ્તકનાં વખાણ કરવામાં આવ્યાં છે તે બરોબર નથી.

એમનું 'સ્પ્લેન્ડર ધૅટ વૉઝ ઈન્ડ' નામનું પુસ્તક અહીં હિન્દમાં બહુ વખણાઈ ગયું હતું એ 'કુમાર'ના લેખકની વાત ખરી છે; પણ હમેશાં અહીં બને છે તે પ્રમાણે આ પ્રશંસાઓ ખરા વૃત્તાંતથી અજાણ્યા લોકો અથવા અવલોકનકારો તરફથી કરવામાં આવેલી. મેં એ પુસ્તકને અથથી ઇતિ સુધી જ્યારે તે પ્રસિદ્ધ થએલું ત્યારે વાંચેલું; એમાં ઘણી ગંભીર ભૂલો કરવામાં આવી છે, અને વૃત્તાંતોનાં મૂલ્ય-અંકન પણ અ-યોગ્ય થયાં છે; જર્મની, ફ્રાંસ, ઇંગ્લંડ વગેરે પ્રદેશોના હિન્દની સંસ્કૃતિના અભ્યાસીઓએ તેનાં નિન્દાત્મક અવલોકનો આપેલાં; કેટલાંક અવલોકનો તે પ્રદેશોની ભાષાઓમાં આવેલાં હતાં. વડોદરા કૉલેજના સંસ્કૃતના પ્રો. ભાવેએ મને એકાદ બે આવાં અવલોકનો બતાવેલાં તે મને હજુ યાદ છે. એ ન્યૂનતાઓ વિષે પ્રો. ખુશાલ શાહ સાથે મારે વાત થએલી; પ્રો. શાહ આ પુસ્તકને ફરી લખવાની અભિલાષા સેવતા હતા, અને ત્યારે મારા જેવા મિત્રોની મદદ પોતે જરૂર સત્કારશે એમ તેઓ કહેતા હતા—પ્રો. ખુશાલ શાહનો છેલ્લો પ્રયત્ન આપણી નવી રાજ્યવ્યવસ્થા ઉપર સારું વિવેચન-આત્મક બયાન આપવા માટે થવાનો હતો. એ વાત એમણે રૂબરૂ મિત્રોને અનેક વાર કરેલી. આ પ્રયત્ન માટે પ્રો. ખુશાલ શાહની યોગ્યતા ચોક્કસ પ્રથમ પંક્તિની કહી શકાય. પ્રો. ખુશાલ શાહ વીસ વર્ષો અગાઉ અર્થશાસ્ત્રના નિષ્ણાત ગણાતા હતા; પણ હમણાં હમણાં તેમનું તે માટે પ્રથમ સ્થાન રહ્યું નહોતું. તેઓ નૅશનાલિસ્ટ—અંગ્રેજોના કટ્ટા વિરોધી હતા, બાહોશ દલીલબાજ હતા, એકદમ સ્વતંત્ર મિજાજના હતા, અને રહેણી કરણીએ બહુ જ સરળ હતા. ખાનગી વાતચિતમાં તેમનો કચ્છી સ્વભાવ ખાસ તરવરી આવતો. એક બાબતનો ઉલ્લેખ કરવો જોઈએ. પ્રો. ખુશાલ શાહનું 'સ્પ્લેન્ડર' ધૅટ વૉઝ ઇન્ડ' એવા જ 'ગ્લોરી ધૅટ વૉઝ ગ્રીસ' એ પુસ્તકને આધારે લખાએલું.

(વડોદરા) —(પ્રો.) કેશવલાલ હિ. કામદાર

'કુમાર'માં ઘણાં બધાં જીવનચરિત્રો આવે છે. એક તો ચાલુ; ત્રણ (શ્રી ચંદ્રવદન મહેતા, શ્રી અવની ઠાકુર અને શ્રી કાલેલકરની) આપકથાઓ; એક માધુકરીમાં અને એક વ્યક્તિ વિશેષમાં. તો એમાંથી એકાદ ઓછું કરી આગળ જેમ બાળવિભાગ આવતો તેમ બાળકોનાં બે પાનાં રાખો તો? અથવા તો 'કુમાર'ને વાંચનારી ઘણી બહેનો પણ હશે; તો સ્ત્રી ઉપયોગી વિષયોનાં એક-બે પાનાં આપો તો ઘણું સારું. એથી વાચનમાં વૈવિધ્ય પણ આવે અને બહેનોને પણ આપણા 'કુમાર'નું માર્ગદર્શન મળે અને વાંચવામાં એ જાગૃત થાય. અમે બહુ જૂના સમયથી 'કુમાર'-નાં ગ્રાહક-વાચક છીએ આગળના બાળવિભાગોમાં આવેલી ઘણી બાળવાર્તાઓ હું મારા બાબાને આજે પણ કહું છું

બીજું ઘણા વખતથી 'કુમાર'માં સાગરકથા આવી નથી. આપણા પેલા પ્રિય ને પરિચિત 'સુકાની' ક્યાં સંતાઇ ગયા છે? સાગરકથાઓ કુમાર'માં આવતી તે મને બહુ ગમે છે અને જૂની વાર્તાઓ હજી વાંચું છું. આશા છે કે હવે પછી આ વર્ષમાં 'સુકાની'ની એકાદ વાર્તા તો વાંચવા મળશે.

અમારા ઘરમાં અમે 'કુમાર'ની ફાઈલો બંધાવીને જાળવી રાખી છે—અમારા બાબા માટે. નાનપણથી અમને 'કુમાર' તરફ ખૂબ પ્રેમ છે. અમારા જીવનમાં એણે જે સંસ્કાર-ફાળો આપ્યો છે તેનાં અમે ખૂબ ઋણી છીએ.

(બોરીવલી) —લોપા એન. વસા

ઇ. સ. ૧૮૫૦માં પહેલું ગુજરાતી સામયિક 'બુદ્ધિપ્રકાશ' શરૂ થયું. તે પછીના સૈકામાં કેટલાંયે સાપ્તાહિક, પાક્ષિક, માસિક—વિવિધ વિષયનાં પ્રગટ થયાં. તેમાંનાં કેટલાંકનું બાળમરણ થયું કેટલાંક બે-પાંચ વરસ જીવ્યાં. 'બુદ્ધિપ્રકાશે' તો સો વરસ પૂરાં કર્યાં, જ્યારે 'નવચેતન' અને 'કુમાર' જેવાં ત્રીસેક વરસથી ડગુમગું થતાં થતાં પણ ચાલુ રહ્યાં છે.

એ બધાં સામાયિકોનો ઇતિહાસ ખરેખર રસપ્રદ હશે. ગુજરાતી પત્રકારત્વનો ઇતિહાસ તો છે. પણ ગુજરાતી સામયિકોનો ઇતિહાસ લખાયો હોય એવું ધ્યાનમાં નથી.

કોઈ ભાઈ એ વિષે કોઈ પુસ્તક યા કોઈ સામયિકમાં આવેલા લેખ સૂચવશે યા પત્ર દ્વારા માહિતી આપશે તો આભારી થઈશ.

(મુંબાઈ) —એસ. પી. આસર

હમણાં હમણાં શિલ્પ (માટીનાં) બનાવવાં મેં શરૂ કર્યાં 'કુમાર'ના જૂના અંકોમાં મીણમાટીનો પ્રયોગ બતાવેલો તે બનાવી જોયો. પણ આ મીણમાટીમાંનું ટર્પેન્ટાઈન થોડા દિવસે સુકાઈ જાય છે તેથી બનાવેલા શિલ્પમાં તડો પડે છે. પછી હબંટની પ્લૅસ્ટેસીન માટી મંગાવી જોઈ. તે તો સુંદર જ છે, પણ મોંઘી બહુ પડે. આથી ઘેર તેવી જ માટી બનાવવા પ્રયત્ન કર્યો તેમાં ઘણી સફળતા મળી. અને આ પ્રયોગ 'કુમાર'માં બતાવેલા પ્રયોગ કરતાં પણ સસ્તો પડ્યો.

૧ શેર મીણ (રૂા. બે), ૧ શેર વેસેલીન (૧૩ આના), ૩ શેર પીળી માટી (૬ આના). આ પીળી માટી કદાપિ સુકાતી નથી, હાથ બગડતા નથી. પહેલાં મીણને કટકા કરી ઓગાળ્યું. પછી નાખી માટી અને texture લાવવા ૧ શેર વેસેલીન નાખ્યું. જોઇએ તેવું texture થયું અને તેનાથી ગમે તેવો ઘાટ થાય છે. બીજીવાર ઉપયોગમાં પણ લાવી શકાય છે. આ પત્ર સાથે ત્રણે માટીના નમૂના મોકલું છું જેથી કોઇકને ઉપયોગી પણ થાય. બનાવેલાં શિલ્પોના ફોટોગ્રાફ પછીથી મોકલીશ.

(ભરૂચ) —પ્રમોદરાય પટેલ

'કાયાની કરામત' શીર્ષક હેઠળ પ્રકટ થતા ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીના લેખો પૂરા થઇ રહે પુસ્તિકા રૂપે પ્રગટ કરવામાં આવે તો આયુર્વેદમાં અભ્યાસ કરતા, ડિપ્લોમા મેળવી પ્રૅક્ટિસ કરનારા તેમજ મેડિકલ-ડિગ્રી કોર્સના વિદ્યાર્થીઓને જરૂર ઉપયોગી થઈ પડે.

અત્યાર સુધીમાં જેઓનાં જીવન ચરિત્રો-માધુકરી અને સ્વતંત્ર શિર્ષકો નીચે પ્રકટ થઈ ગયાં છે તે બધા સંકલિત કરી બહાર પાડવાં જોઇએ જેથી આજના યુવાનોને પ્રગતિ, ઉત્સાહ, ને શક્તિ અર્પનારું વાચન મળી રહે.

(ઉપલેટા) —નરેન્દ્ર પી. મહેતા

આ દરિયાની ભરતી[1]

· ગાન ·

આ દરિયાની ભરતી
ક્યાં લઇ ચાલી નાવ તે મારી કાંઠેકાંઠે તરતી ?—આ૦

છેક તલેથી લીધો જાણે ઊંચા શિખરમિનારે,
ને ક્ષણમાં તો ખીણ ધકેલ્યો, આ શું પારાવારે;
પૂર બ્હારમાં જુવતી જાણે, જોબનથી તરવરતી—આ૦

આભ લગી એવી છવરાતી અષાઢ-અભ્રો થથરે,
ત્યાંનું જળ લઇ લેવા જાણે ઉછળે લહરે લહરે;
હાક-છાક શી એનો ! પ્રકટતાં દામિનિ પણ ડરતી—આ૦

નહીં તેગ ને નહીં કટારી અણુઅણુ તો યે ઘાવ,
પલપલમાં પલટાતા એના અવળાસવળા દાવ;
ઘોર કાનને નાગણ કાળી ઝેર ભરી કૈં ઝરતી—આ૦

કહીં નાવ ? ને કોણ સુકાની ? રહ્યું નહીં નાંગરવું,
આ ઝંઝામાં તો યે મારે બે બાહુથી તરવું,
ભેદ ભણું હું પૂરો આજે શું દરિયો શું ધરતી—આ૦

પ્રિયકાન્ત મણિયાર

ફરી પાછી તું કાં ?[2]

· વ્યસ્ત શિખરિણી–અનુષ્ટુપ ·

સજ્યા'તા તેં તારાં સુરૂપ મૃદુ અંગો પર કંઇ
અલંકારો ન્યારા, તવ ચરણમાં
સુરીલ લયનાં ઝાંઝર લઇ,
અનેરા છંદે તું મધુર ઉરભાવો વહવતી,
જનેતા-ગેહેથી ગઇ તું કંઈ કોડે છલકતી.
વિસારી દુઃખો મેં મન મનવ્યું માની લઈ તદા,
સુખી તું થાશે ત્યાં જરૂર ગૃહલક્ષ્મી થઇ સદા.
'હમેશાં શોભે છે શ્વસુર-ઘરપે સર્વ વનિતા...'
કહું છું આવું ત્યાં
ફરી પાછી તું કાં
અરે તંત્રીકેરા સદનથકી, હે મારી કવિતા ?
ગમે કે ના ગમે તોયે સ્વીકાર કરવો રહ્યો
અસ્વીકારાયલીકેરો જનનીને સદા અહો !

ગીતા કાપડિયા

નિશાની[3]

મારા મુખે મલકાટ જે તે છે નિશાની દર્દની;
શોભા દુકાનોમાં વધે, જો હોય ધંધો ખોટમાં.

પ્રબોધ જોષી

મનનું મેઘધનુષ્ય

વાદળોને આપણે દુઃખનાં પ્રતીક ગણીને કહીએ છીએ કે જીવનમાં દુઃખનાં વાદળો ઉમટી આવ્યાં.

આંસુને વર્ષાની ઉપમા આપીને કહીએ છીએ કે આંખમાં આંસુંની હેલી વરસે છે.

વીજળીને ઘાવનું રૂપક માનીને કહીએ છીએ કે હૃદયમાં બળતો ચીરાડો પડી ગયો.

આ બધું સાચું છે. વ્યવહારુ જિન્દગીને જગતની વાસ્તવિકતાના અનુભવથી જોઈએ કે કવિતાની કલ્પનાથી જોઈએ, તોપણ આ બધું સાચું છે. પણ આટલી ઉદાસ માન્યતા, આટલું નિરાશ દૃષ્ટિબિંદુ અને આટલો નિરુત્સાહી અભિપ્રાય બાંધીને વિહ્વળતાની મૂઢતામાં નિષ્ક્રિય નથી બની જવાનું. આ બધાંની વચ્ચે પણ મનનો રંગ અને જીવનનું ધ્યેય તો જાળવી જ રાખવાનાં છે.


મનના ઘણા બધા રંગ છે: મસ્તીનો રંગ છે, પ્રેમનો રંગ છે, શૌર્યનો રંગ છે, ઉદારતાનો રંગ છે, લાપરવાહીનો રંગ છે, મહત્વાકાંક્ષાનો રંગ છે, શ્રદ્ધાનો રંગ છે, રૂપનો રંગ છે, વ્યક્તિત્વનો રંગ છે અને પ્રભાવનો રંગ છે. મનના ઘણા બધા રંગ છે. એ બધા રંગ ભેગા થાય છે ત્યારે મનનાં મેઘધનુષ્ય બંધાઇ જાય છે. એ બધા બહુરૂપી રંગોનું એકીકરણ કરીને એક સફેદ રંગને આપણું ધ્યેય બનાવવાનું છે. સફેદ રંગ એટલે પવિત્રતા, પ્રામાણિકતા, પરિશ્રમ; સફેદ રંગ તે કર્તવ્યનો રંગ.

તો, અનુભવોની કાળી ઘટાઓની વચ્ચે મનનું વિવિધરંગી મેઘધનુષ્ય અને જીવનનું એકરંગી ધ્યેય સદા સાચવી રાખજો.

(બેધડી મોજ)

૧–કાંઠેકાંઠે તરતી નાવ (સરળ વહેતી જિંદગી)ની, દરિયાની ભરતી (પ્રેમ) જે દશા કરે છે તેનું આલેખન ? ૨–કાવ્યમાંના અલંકાર, લય, ચરણ, છંદ, ઉરભાવ વગેરે શબ્દોનો શ્લેષ પણ સમુચિતરીતે યોજાયો છે એટલું જ ધ્યાન ખેંચવાનું; ૩–આની સુંદર ચોટને તો સમજણની જરૂર જ નથી.

ભારતીય લિપિનો વિકાસ (આ અંકમાં આપેલા 'ગુજરાતના પ્રાચીન રાજાઓના હસ્તાક્ષરો'વાળા લેખના અનુસંધાનમાં ચિત્રબોધ): ભારતની રાષ્ટ્રભાષા હિંદી આજે જેમાં લખાય છે તે 'દેવનાગરી' લિપિમાંથી જ આજે ઉત્તર ભારતની બધી પ્રાંતલિપિઓ (ગુજરાતી, મહારાષ્ટ્રી–મોડી, કૈથી, બંગાળી, પંજાબી–ગુરુમુખી, કાશ્મીરી–શારદા વગેરે) ઊતરી આવી છે. એ લિપિમાતા નાગરીનો વિકાસ મૂળ બ્રાહ્મી લિપિમાંથી ક્રમશઃ કઈ રીતે થયો તે આ આલેખમાં દર્શાવ્યું છે.



શરૂના ખાનામાં વર્તમાન ગુજરાતીના અક્ષર આપીને તે પછીના ખાનાઓમાં, ઇ. પૂર્વે ૩૫૦ના અશોકના શિલાલેખ પરની બ્રાહ્મીની આકૃતિઓથી શરૂ કરીને પછી તેમાંથી બીજી સદીની ક્ષત્રપ સમયની બ્રાહ્મી, ૬ થી ૯મી સદીની કુટિલા (નાગરીનું આદ્ય રૂપ) તેમજ રાષ્ટ્રકૂટો તથા ચૌલુક્યોના સમયની લિપિ દર્શાવીને ઉત્તરોત્તર આજની નાગરીનું રૂપ કેમ બંધાયું તે દર્શાવ્યું છે. કાનો, માત્રા વગેરેનાં ખાનાંઓમાં તે તે ચિહ્નો અખંડ લીટીથી અને જેને તે લગાડ્યા છે તે અક્ષરો ટપકાંવાળી લીટીથી દર્શાવ્યા છે.



ભારતની પ્રજાને તેના ગૌરવ અને સામર્થ્યનું ભાન કરાવતા સૌપ્રથમ શુદ્ધ અને તેજસ્વી ઇતિહાસગ્રંથો આપનાર આપણા સમર્થ અને પ્રતિભાવંત ઇતિહાસકાર

જદુનાથ સરકાર

ઇતિહાસનો અભ્યાસ માનવીના જ્ઞાનને દેદીપ્યમાન બનાવતો હોવાથી બેકને સાચું જ કહ્યું છે કે 'ઇતિહાસ મનુષ્યને બુદ્ધિપ્રદાન કરે છે.' પરંતુ આપણા દેશનો ઇતિહાસ અત્યાર સુધી વિદેશીઓની કલમે લખાએલો હોઈને ભારતીય પ્રજાને તેના ગૌરવ અને સામર્થ્યનું ભાન ભાગ્યે જ થવા પામેલું. આ દિશામાં સૌ પહેલો પ્રયત્ન કોઇએ કર્યો હોય તો તે શ્રી જદુનાથ સરકારે. પશ્ચિમમાં ટ્યુટૉનિક પ્રજાનો ઇતિહાસ લખીને રૅન્કે ઈતિહાસ પણ એક વિજ્ઞાન હોવાનું સિદ્ધ કરેલું; અને એ જ વૈજ્ઞાનિક પદ્ધતિએ શ્રી જદુનાથ સરકારે હિંદનો મુઘલકાલીન ઈતિહાસ લખીને જગતભરના વિદ્વાનોની પ્રશંસા મેળવી. બીવરિજ જેવાએ તો એમને 'બંગાળી ગિબન' સુદ્ધાં કહી દીધા. પરંતુ ગિબન ને જદુનાથ વચ્ચે એક જબરો તફાવત રહેલો છે. ગિબને જે પ્રજાઓના ઇતિહાસ લખેલા છે તે પ્રજાઓ જોડે એને પોતાને કશી નિસ્બત નહોતી, જ્યારે જદુનાથે તો એક હિંદી તરીકે હિંદના ઈતિહાસ સાથે તાદાત્મ્ય સાધેલું છે. ભારતીય ગૌરવ એમના દેહના કણેકણમાં વ્યાપ્ત છે, અને એટલે જ, અંગ્રેજો એ અને તેમના અનુકરણરૂપે હિંદી ઇતિહાસકારોએ ઇતિહાસની પ્રામાણિકતાનો લોપ કરી ઇતિહાસના નામે જે કલ્પનાસૃષ્ટિ સરજેલી તેને તેમણે પાયામાંથી તોડી પાડી. શ્રી જદુનાથ સરકાર આ રીતે હિંદના એક મહાન ઈતિહાસકાર જ નહિ, પરંતુ એક ઇતિહાસ સંપ્રદાયના પ્રવર્તક છે, જે માને છે કે 'જે વાતનું પ્રમાણ રજૂ ન કરી શકાય એવી એકે વાત ઇતિહાસમાં આવવી જોઇએ નહિ.' ઈતિહાસલેખકના પૂર્વગ્રહો હકીકતની આડે ન આવવા જોઈએ, તેમ કશી રંગદર્શી આભા પણ એને ન અપાવી જોઇએ. એમણે એક સ્થળે કહેલું છે તેમ

'Truth must override prejudices and science must demolish romance.'

બંગાળના રાજશાહી જિલ્લામાં, નાટોરના સ્ટેશનથી દસ માઈલ દૂર આવેલા કરચમડિયા ગામના એક કાયસ્થ જાગીરદાર કુટુંબમાં ઈ. ૧૮૭૦ની ૧૦મી ડિસેમ્બરે એમનો જન્મ થએલો. એમના પિતા શ્રી રાજકુમાર સરકાર ભારતીય કલા અને ઇતિહાસ પ્રત્યે અનન્ય પ્રીતિ ધરાવતા હોઈ એ વિષયનાં અનેક પુસ્તકો એમણે વસાવેલાં. આજથી પોણોસો વરસ પહેલાંના એ કાળમાં 'ઈલસ્ટ્રેટેડ લંડનન્યુસ'નું ચિત્રપત્ર અને કૅસલ કંપનીનું 'કલા માસિક' એટલા દૂરના ખૂણામાં પણ એ મંગાવતા. જદુનાથને પણ આ પુસ્તકો તથા સામયિકોના વાચન પછી ભારતીય કલા અને ઇતિહાસ પ્રત્યે એવી જ પ્રીતિ બંધાઈ. એક ઈતિહાસકારનો કલાપ્રેમ કેટલાકને કદાચ આશ્ચર્ય ઉપજાવશે, પરંતુ ખરું જોતાં એ બંને પરસ્પર વિરોધી નથી. કોઈ પણ યુગના ઇતિહાસને યથાર્થ સમજવો હોય તો તે યુગની કલાની સમજણ અનિવાર્ય છે. શ્રી જદુનાથ સરકારે મુઘલકાલીન ઇતિહાસ લખેલો છે તે સાથે મુઘલ ચિત્રશૈલીનો પણ ઊંડો અભ્યાસ કરેલો છે. મુઘલ કલમથી ન ચીતરાએલાં બનાવટી ચિત્રો તેઓ પળવારમાં પકડી પાડે છે. તેઓ કહે છે કે દેશનો ખરો વૈભવ તેનાં કલા અને તત્ત્વજ્ઞાન છે. મોટાં રાજ્યો હતાં ન હતાં થઈ ગયાં છે, પણ તેમની કીર્તિ જીવંત રાખી હોય તો તેનાં કલા અને તત્ત્વજ્ઞાને જ.

રાજશાહીમાંથી ૧૬મે વર્ષે માન સાથે ને પ્રમથનાથ સ્કૉલરશિપ લઈ મૅટ્રિકની પરીક્ષા પસાર કરીને એ કલકત્તાની પ્રેસિડેન્સી કૉલેજમાં જોડાયા; અને ઈ.સ. ૧૮૯૧માં અંગ્રેજી તથા ઇતિહાસનો 'ડબલ ઑનર્સ'નો કોર્સ લઈ એમણે બી.એ.ની પરીક્ષા પસાર કરીને માસિક રૂા. ૫૦ની શિષ્યવૃત્તિ મેળવી. પછી બીજે જ વર્ષે અંગ્રેજી સાહિત્યનો વિષય લઈ એમ.એ.માં પહેલા વર્ગમાં પહેલા આવી રૂા. ૧૦૦નું ઈનામ તથા સોનાનો ચાંદ મેળવ્યાં. આ પરીક્ષામાં એમણે મેળવેલા ૯૫ટકા માર્ક આજસુધી કલકત્તાયુનિવર્સિટીમાં 'રેકોર્ડ માર્ક' ગણાયછે.

એમનો બાંધો જન્મથી બહુ મજબૂત નહોતો અને અવારનવાર મૅલેરિયાનો ભોગ બનતા; પરંતુ પ્રેસિડેન્સી કૉલેજમાં જોડાયા પછી હોસ્ટેલમાં એમની સાથે રહેતા સુરેશચંદ્ર ચક્રવર્તીએ એમને ફૂટબૉલનો નાદ લગાડયો. આ રમતથી એમનું શરીર ઠીકઠીક કસાયું. અને એ પોતે કહે છે તે પ્રમાણે તો 'ખરું કહું તો એણે મારી જિંદગી બચાવી.' પછી તો એનો નાદ એટલો વધી ગયો કે અધરાતમધરાતે પણ મંડળીને સાથે લઈ એ ફૂટબૉલ રમવા નીકળી પડતા. એ રમતમાં એકવાર એમનું ગળાનું હાડકું ભાંગેલું, અને બી.એ.ની પરીક્ષાને બે જ મહિના બાકી હતા તેવે વખતે ત્રણ અઠવાડિયાંની પથારી ભોગવેલી. આમ છતાં ફૂટબૉલનો નાદ તો કાયમ જ રહ્યો. ઠેઠ ૧૯૨૨ સુધી એ રેવનશૉ કૉલેજની ફૂટબૉલની મેચોમાં 'રેફરી' તરીકે રહેલા.

એમ.એ. પાસ થઇને ઈ.૧૮૯૩માં એ પહેલવહેલા રિપન કૉલેજમાં અધ્યાપક તરીકે જોડાયા. ૧૮૯૬થી '૯૮ સુધી બે વર્ષ ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર કૉલેજમાં અંગ્રેજીના અધ્યાપક રહ્યા. આ અધ્યાપનની સાથોસાથ અધ્યયન પણ એમણે ચાલુ રાખ્યું અને અત્યંત મુશ્કેલ ગણાતી 'લાયબ્રેરી એક્ઝામિનેશન' પસાર કરી રૂા. ૧૦ હજારની પ્રેમચંદ રાયચંદ શિષ્યવૃત્તિ મેળવી. અને એ 'પ્રેમચંદ રાયચંદ સ્કૉલર' તરીકે એમણે 'ઔરંગઝેબના સમયનું ભારત' લખીને કલકત્તા યુનિ-

વર્સિટીમાં એક સંશોધક ઇતિહાસકાર તરીકે નામના મેળવી.

જુદીજુદી કૉલેજોમાં અધ્યાપક તરીકે કામ કર્યા બાદ ઈ.૧૯૦૨ના જાન્યુઆરીમાં એમની નિમણૂક પટણા કૉલેજમાં થઈ. ત્યારથી પંદર વર્ષ (૧૯૧૭ના ઑગસ્ટ સુધી) એમણે એ કૉલેજમાં ઇતિહાસના અધ્યાપક તરીકે ગાળ્યાં, જે એમના જીવનનાં ખરેખરા પરિશ્રમનાં વર્ષો હતાં. જગતને ભારતનો ઇતિહાસ તેના સાચા સ્વરૂપે સમજાવવાની એમની મહત્ત્વાકાંક્ષા અહીં ફલવતી બની. 'નેશન' પત્રમાં રણજીતસિંહ, ટીપુ વગેરે પર છૂટક લેખો લખીને એમણે પોતાની ભારતીય તેમજ વૈજ્ઞાનિક દૃષ્ટિનો પુરાવો તો આપેલો જ હતો. હવે પછીથી તો ભારતીય ઇતિહાસ એ જ એમનું એકમાત્ર ધ્યેય બની રહ્યું. મોડી રાત સુધી તેઓ વિવિધ ઇતિહાસ-સામગ્રીના અધ્યયનમાં લીન રહેતા. સામાજિક જીવન જેવી કોઈ ચીજ તેમના માટે ન રહી, અને તેમણે એનો અફસોસ પણ ન કર્યો. પટણા છોડતી વખતે ત્યાંના પ્રજાજનોએ આપેલા માનપત્રના જવાબમાં એમણે ઉચ્ચારેલા શબ્દો એમની ઊંડી સ્વદેશપ્રીતિ અને ધ્યેયનિષ્ઠા વ્યક્ત કરી રહે છે:

'જે કોઇ હિંદવાસી અત્યારે જ્ઞાનમાં આગળ વધેલા જગતના બીજા દેશોની પંક્તિએ પોતાના દેશને પહોંચાડવા ઉમેદ રાખતો હોય તેને લેશમાત્ર આરામ ઘટતો નથી. સ્વાર્થને દૂર હડસેલી તેણે સામાજિક જીવન પ્રત્યે પણ પીઠ ફેરવી લેવી જોઇએ. હું તો એટલે સુધી કહું કે કુટુંબ પ્રત્યે પણ દુર્લક્ષ કરવું જોઇએ. જોકે આ ત્યાગ ઘણો ભારે છે, પરંતુ જગતમાં હિંદવાસીઓનું મોં ઊજળું રાખવું હોય તો પ્રસન્ન ચિત્તે આવો ભારે ત્યાગ કરવો જ જોઇએ.'

ઈ.૧૯૧૭માં પટણામાંથી છૂટા થયા પહેલાં એમનાં 'ચૈતન્ય' તથા 'ઈકૉનૉમિક્સ ઑવ બ્રિટિશ ઈન્ડિયા' પુસ્તકો બહાર પડેલાં, જેમાંની બીજી કૃતિ તો બે દાયકા સુધી એ ક્ષેત્રના પ્રથમ પ્રમાણભૂત ગ્રંથ તરીકે ગણાતી રહેલી. ત્યાર બાદ એમનું મન પાછું ઔરંગઝેબના શાસનકાળ તરફ વળ્યું અને 'હિસ્ટરી ઑવ ઔરંગઝેબ' તથા તેના પૂરક ગ્રંથ તરીકે 'ઍનેક્ડોટ્સ ઑવ ઔરંગઝેબ' બહાર પાડ્યાં. પટણા છોડી બનારસ હિંદુ યુનિવર્સિટીમાં અધ્યાપક તરીકે રહ્યા એ દરમિયાન એમણે ઔરંગઝેબ પર બીજાં બે પુસ્તકો અને ૧૯૧૯માં બનારસ છોડી કટકની રાવણેશ્વર કૉલેજમાં જોડાયા તે પહેલાં એમણે 'શિવાજી ઍન્ડ હિઝ ટાઈમ્સ' બહાર પાડ્યાં. ૧૯૨૩ સુધી કટક રહી એ સાલમાં એ પાછા પટણા કૉલેજના પ્રિન્સિપલ નિમાઈને ગયા.

શ્રી સરકારની ખ્યાતિ એક સુજ્ઞ ઇતિહાસકાર તરીકે ફેલાઈ ચૂકી હતી. એટલે એ પ્રિન્સિપલ નિમાયા એ જ સાલમાં ગ્રેઈટ બ્રિટન અને આયર્લૅન્ડની રૉયલ એશિયાટિક સોસાઍટીએ તેમને પોતાના માનાર્હ સભ્ય બનાવ્યા. એ મંડળમાં દુનિયામાંથી માત્ર ત્રીસ જ વિદ્વાનો ચૂંટાય છે. ઇ. ૧૯૨૨માં બ્રિટિશ સરકારે પણ એમની કદર કરી એમને સી.આઈ.ઈ. (કમ્પૅનિયન ઑવ ધી ઇંડિયન એમ્પાયર)ના ખિતાબથી નવાજ્યા અને એ જ સાલના જૂન માસમાં મુંબાઈની રૉયલ એશિયાટિક સોસાઍટીએ એમને સર જેમ્સ કૅમ્પબેલ સુવર્ણચંદ્રક પ્રદાન કર્યો. એમનું અધ્યાપક તરીકેનું સર્વોચ્ચ સન્માન એ એમની કલકત્તા યુનિવર્સિટીના ઉપકુલપતિ તરીકે થએલી નિમણૂક છે.

શ્રી સરકારની ઇતિહાસવિષયક પ્રતિભાનો વિકાસ એમના કૉલેજના ભણતરને નહિ પરંતુ એમના પિતાના પુસ્તકાલય ને એમના દ્વારા પ્રાપ્ત સંસ્કારોને, તેમજ 'અર્લી ઍનાલ્સ ઑવ ધી ઇંગ્લિશ ઇન બૅંગાલ'ના લેખક ડૉ. સી. આર. વિલ્સનના પરિચયને આભારી છે. આજકાલ કૉલેજ-કેળવણીના વ્યાપક પ્રસાર અંગે તેઓ કહે છે: 'આપણા બધા જ યુવાનોએ કૉલેજની કેળવણી લેવાની કશી જરૂર નથી; પણ સર્વ વિષયોનું સામાન્ય વ્યવહારુ જ્ઞાન જરૂરનું છે. એથી આગળ જવાની દરેકને જરૂર નથી, અને દરેકમાં એ માટેની લાયકાત પણ હોતી નથી. કૉલેજની ફી તથા પુસ્તકો પાછળ નાણાં ને જિંદગી ખર્ચી નાખવા કરતાં સૌએ વિવિધ વિષયોનું સામાન્ય જ્ઞાન મળી રહે તેટલી કેળવણી લઈ પોતપોતાને ફાવતા ઉદ્યોગધંધા પાછળ લાગી જવું બહેતર છે. પોતાની અસાધારણ બુદ્ધિ વડે દેશને કંઇક પણ લાભ આપી શકે તેવા હોય એમણે જ આગળ કૉલેજનો અભ્યાસ કરવો.'

શાહજહાંના શાસનકાળથી આરંભીને અંગ્રેજી અમલના પ્રારંભ સુધીનો હિંદના ઇતિહાસનો પટ એમણે લીધો છે અને ઊંડા તથા સતત સંશોધનપૂર્વક એમણે તે સરળ અને સુંદર રીતે રજૂ કર્યો છે. એમના પહેલાં ઔરંગઝેબના સમયનો ઇતિહાસ ઇલિયટ અને ડૉસન તથા ખાફીખાન અને ગુલાબહુસેનના ગ્રંથોમાં જ સમાઈ જતો. પણ શ્રી જદુનાથ સરકારને તો પ્રમાણભૂત ઇતિહાસ જોઇતો હતો. અને એ પ્રમાણો એકઠાં કરવા તે હિંદભરમાં રખડ્યા, અનેક ભાષાઓમાંથી દસ્તાવેજી પુરાવા એકઠા કર્યા અને અસંદિગ્ધપણે એ પુરાવાઓને ન્યાય આપી શકાય તે માટે તે તે ભાષાઓ પણ શીખ્યા! આજે તેઓ બંગાળી અને અંગ્રેજી ઉપરાંત હિંદી, ફારસી, ફ્રેન્ચ, ડચ, પોર્ટુગીઝ વગેરે ભાષાઓ જાણે છે. મુઘલકાલીન ઇતિહાસ-સામગ્રીનો એમની પાસે જેટલો સંચય છે એટલો ભાગ્યે જ બીજા કોઈ પાસે હશે. ઔરંગઝેબના સમયના કાગળપત્રોના એમના સંગ્રહમાંના કેટલાક તો ખુદ ઔરંગઝેબના હાથે લખેલા છે! આ સંગ્રહમાં એમને એમના બે યુરોપિયન મિત્રો અને પ્રશંસકો સર એડવર્ડ ગેટ અને સર વિલ્યમ અર્વિનની જબરી સહાય મળેલી. અનેક દેશી રાજ્યોનાં ખતપત્રો એ મિત્રોને લીધે જ જદુનાથને સુલભ બનેલા. જદુનાથનો પોતાનો ઉમંગ પણ એટલો બધો હતો કે કશીક ઐતિહાસિક સામગ્રી મળવાનું કહેવામાં આવે તો હિંદુસ્તાનના કોઈ પણ ખૂણે તે પહોંચી જતા. મહારાષ્ટ્રના એક બ્રાહ્મણને ત્યાં કેટલાંક અગત્યનાં ખતપત્રો હતાં, પણ કોઈ અબ્રાહ્મણને તે એ જોવા આપતો ન હોવાથી શ્રી સરકારને તે માટે ખાસ બ્રાહ્મણનો વેશ લેવો પડેલો! ઝીણામાં ઝીણી ઐતિહાસિક વિગતોની ચોક્કસાઈ માટે તેઓ ખૂબ આગ્રહ રાખે છે. દુર્ગાદાસ રાઠોડ વિષે વાત કરતા હોય ત્યારે આપણને એમ જ લાગે કે એ એમના જાની મિત્ર હશે! શિવાજીને આઠ રાણી હતી એ વાતની જાહેરાત એમણે કરી ત્યારે જ આપણને થઈ. કોઈ પણ મહારાષ્ટ્રી ગ્રંથકાર તરફથી એ હકીકત બહાર પડી ન હતી. કલકત્તાના કારાગૃહ જેવો કોઈ પ્રસંગ બન્યો જ નથી એ પુરવાર કરનાર પણ એ જ છે.

ઉપર ગણાવેલા શ્રી સરકારના બે મિત્રોમાંના એક અર્વિને 'The Later Moguls' લખેલું, જેનું સંપાદન શ્રી સરકારે કરેલું. એનું અવલોકન કરતાં 'ટાઇમ્સ લિટરરી સપ્લિમેન્ટે' લખેલું: 'મિ. અર્વિન મુઘલ ઇતિહાસના જ્ઞાતા હતા, પરંતુ એમના દુઃખદ અવસાન પછી શ્રી સરકાર જ એમના યોગ્ય ઉત્તરાધિકારી છે.' અર્વિન પરથી પ્રેરણા મેળવીને શ્રી સરકારે 'ફૉલ ઑવ ધ મુઘલ એમ્પાયર' નામક વિસ્તૃત ગ્રંથ લખવો શરૂ કરેલો, જેનો પ્રથમ ખંડ ૧૯૩૨માં અને છેલ્લો ચોથો ઈ. ૧૯૫૦માં બહાર પડી ચૂક્યા છે.

ભારતીય ઇતિહાસના ક્ષેત્રમાં 'હિસ્ટૉરિકલ રેકૉર્ડ્સ કમિશન'નું મહત્ત્વ આજે સમજાવવાની જરૂર નથી રહેતી. પરંતુ પ્રો. રૉબિનસન અને શ્રી સરકારના પ્રયત્ન વિના એ સંસ્થા ઊભી જ થઈ શકી ન હોત. સરકાર તો પૈસાના અભાવનું કારણ આપીને વચ્ચે એ સંસ્થા

બંધ પણ કરી દેવા તૈયાર થએલી, પરંતુ એ વખતે શ્રી સરકારે પોતાનું બધું વજન એ ચાલુ રાખવાની તરફેણમાં મૂકીને એ નિભાવવા જેટલાં નાણાં ઉધરાવી આપવાની બાંહેધરી આપી અને એ તાબડ-તોબ ઊઘરાવી પણ આપ્યાં, જેથી આ મહત્ત્વની ઇતિહાસસંસ્થા ચાલુ રહી શકી. એ જ રીતે ઇતિહાસના નગદ વિદ્યાર્થીઓને તૈયાર કરવામાં પણ એમણે સમય અને નાણાં ખર્ચ્યા છે. સતત કાર્યનિમગ્ન રહેતા હોવા છતાં વિદ્યાર્થીઓને છૂટથી પોતાના જીવનમાં તે ભળવા દે છે અને સારા વિદ્યાર્થીઓને પોતાને ગાંઠને ખર્ચે પોતાને ઘેર રાખી એ ક્ષેત્રમાં તૈયાર કરી બહાર પાડ્યા છે. ઇતિહાસ અને સંશોધનના ક્ષેત્રમાં નામના મેળવેલા સ્વ. રાખાલદાસ બૅનરજી તથા શ્રી રાધા-કુમુદ મુખર્જી તેમના જ શિષ્યો.

મુઘલ ઇતિહાસને લઇને શ્રી સરકારને મરાઠી ઇતિહાસમાં રસ જાગેલો. વળી ઔરંગઝેબનાં પહેલાં ચાળીસ અને ઉત્તરનાં પચ્ચીસ વર્ષ મોટે ભાગે મહારાષ્ટ્રમાં જ વીત્યાં હોઈ તેમને મરાઠી ભાષા-માંની તદ્દ્વિષયક ઐતિહાસિક સામગ્રી જાણવાની જરૂર જણાઈ. ઈ. ૧૯૦૪માં મહારાષ્ટ્રીય વિદ્વાન શ્રી ગોપાળરાવ દેવધર પટણા ગએલા ત્યારે શ્રી સરકારે એમને એ સામગ્રીની વાત પૂછી. શ્રી દેવધરે જણાવ્યું કે રાજવાડે આદિ ઇતિહાસકારો એમને એ માટે બહુ કામ નહિ લાગે; અને વધારામાં એ વેળા વડોદરામાં રહેતા શ્રી સરદેસાઈ સાથે એમનો પરિચય કરાવી આપ્યો. શ્રી સરદેસાઈ પાસેથી એમણે મરાઠી વ્યાકરણ તથા 'સભાસદાચી બખર' મંગાવ્યાં, અને પછી તો એમણે મરાઠી ભાષામાં પણ ઇતિહાસ સામગ્રીનો વિપુલ સંચય કર્યો.

સ્વ. રમેશચંદ્ર દત્ત વડોદરાના દીવાન હતા ત્યારે, ઇ. ૧૯૦૯માં, ત્યાં મળેલા મહારાષ્ટ્ર સાહિત્ય સંમેલનમાં તેમણે શ્રી જદુનાથ સરકાર અને આશુતોષ મુખરજીને નિમંત્રેલા. શ્રી સરદેસાઈ એ સંમેલનના મંત્રી હતા. સંમેલનના બીજા દિવસે મહારાજા સયાજીરાવે ન્યાયમંદિરમાં શ્રી સરકારનું ખાસ વ્યાખ્યાન ગોઠવેલું. સૂત્રની રીતે થોડામાં ઘણું કહી દેવાની ટેવને લઈને એમનું એ વક્તૃત્વ સામાન્ય જનોને એમના લેખન જેટલું રસપ્રદ ન લાગ્યું હોય એ બનવાજોગ છે.

પચીસ વર્ષ સુધીના અધ્યાપનકાળ દરમિયાન શ્રી સરકારે દેશનો ખૂણે ખૂણો ખૂંદી નાખ્યો છે. અંગત ખર્ચ માટે બિનજરૂરી એક પાઇ પણ નહિ ખર્ચનાર અને મોજશોખમાં નોદમડી પણ નહિ ખર્ચનાર શ્રી સરકારે જૂના ઐતિહાસિક લેખો મેળવવામાં તથા તે અંગે પ્રવાસ કરવામાં પોતાનું પુષ્કળ અંગત નાણું ખર્ચી નાખ્યું છે. ઐતિહાસિક સ્થળો, રણક્ષેત્રો અને શિલ્પસ્થાપત્યનો વૈભવ ફરી ને ફરી વાર નિરખતાં એ ધરાતા નથી. હમેશાં ત્રીજા વર્ગમાં જ એ મુસાફરી કરે છે અને દૂધ તથા રોટીથી ચલાવી લે છે. પ્રવાસનો આ નાદ પોતાના વિદ્યાર્થીઓને પણ એમણે લગાડેલો. વિદ્યાર્થીઓને તેઓ ભગિની નિવેદિતાનું આ વાક્ય વારંવાર સંભળાવતા કે, 'Before you love your country, you must see it.'

શ્રી સરદેસાઇ સાથે મૈત્રીસંબંધ બંધાયા પછી તેઓ અવારનવાર મહારાષ્ટ્ર બાજુ જાય ત્યારે એમને ત્યાં જ ઊતરે છે. શીખંડ એ મહારાષ્ટ્રીઓનું મોટામાં મોટું મિષ્ટાન્ન, અને શ્રી સરકાર જ્યારે આવે ત્યારે સરદેસાઈનાં પત્નીને અચૂક કહી જ દે કે 'લક્ષ્મીબાઇ, આપણા માટે શીખંડ જ બનાવશોને?' આથી એમને મિષ્ટાન્નનો શૉખ હોવાનું રખે કોઈ ધારે. આહારવિહાર બંનેમાં એ ખૂબ સાદા છે. ચા સુદ્ધાં એ લેતા નથી. જ્યાં જાય ત્યાં એમનો વિદ્યાવ્યાસંગ તો ચાલુ જ હોય. દેશનાં તમામ પુસ્તકાલયો અને સંગ્રહાલયો તો એ ખૂંદી વળ્યા છે, પરંતુ પરદેશનાં પણ પુસ્તકાલયો અને સંગ્રહા-લયોમાં જ્યાં કશાં દુર્મિલ ખતપત્રો કે પુસ્તકો હોવાનું જાણવામાં આવે ત્યાંથી તરત તેઓ પૈસા ખરચીને તેમના ફોટોગ્રાફ કે નકલ મેળવી લે છે. એક સમયે તો એમણે ફારસી પુસ્તકોની નકલો ઉતારવા માટે બે લહિયા દસ વરસ સુધી પોતાને ઘેર રોકેલા!

સ્વભાવે વિનમ્ર હોવા છતાં પોતાને જ્યાં કંઇ કહેવાયોગ્ય લાગે તે તેઓ બેધડકપણે કહી દે છે અને પરિણામ ભોગવવા તૈયાર રહે છે. ઇસલિંગ્ટન કમિશન સમક્ષ અંગ્રેજ સમયના સરકારી કેળવણીખાતાની એમણે કાઢેલી ઝાટકણી તેનો પુરાવો છે. વળી પટણા કૉલેજમાં તો એક વાર વિદ્યાર્થીઓની હડતાળની એમણે ખુલ્લેખુલ્લી તરફદારી કરેલી અને એ કારણે એમનું પ્રમોશન જાણી જોઈને વિલંબમાં નાખવામાં આવેલું. 'મૉડર્ન રિવ્યૂ'માં કેટલાક સમય પર કલકત્તા યુનિવર્સિટીના અંધેર કારભાર પર એમણે સખ્ત ટીકા કરેલી છે.

શ્રી સરકાર સમર્થ ઇતિહાસકાર ઉપરાંત એક સારા સાહિત્ય-કાર પણ છે એનો આપણે ત્યાં ઘણાને ખયાલ નહિ હોય. ત્રણ વાર તેઓ બંગીય સાહિત્ય પરિષદનું પ્રમુખસ્થાન શોભાવી ચૂક્યા છે. સ્વ. રવીન્દ્રનાથના 'સોનાર તરી' કાવ્ય સામે શ્રી ડી. એલ. રૉય તથા બીજાઓએ શરૂ કરેલા વિરોધ સમયે એમણે જ રવિબાબુનો બચાવ કરેલો. રવીન્દ્રનાથ ઠાકુર પ્રત્યે એમને જબરું માન હતું અને તેમનાં લખાણોનું અંગ્રેજી ભાષાંતર શરૂશરૂમાં એ જ કરતા એ હકીકત અત્યારે લગભગ ભુલાઇ જવા આવી છે.

ગ્રાન્ટ ડફના વિકૃત ઈતિહાસને બદલે મરાઠાઓનો પ્રમાણભૂત ઇતિહાસ શ્રી સરકારે જગત સમક્ષ રજૂ કર્યો હોવા છતાં ગમે તે કારણે મહારાષ્ટ્ર તેમને પુરસ્કારી શક્યું નથી. 'ભારત ઈતિહાસ સંશોધન મંડળ' પાસેની ઇતિહાસસામગ્રી જોઇ જવા માટે ગાંઠના પૈસા ખરચી પાંચપાંચ વાર પૂના ધક્કા ખાધા છતા તેમને તે બતાવવામાં આવી નહિ. દરેક વાર કંઇ ને કંઇ બહાનું કાઢવામાં આવેલું. પરંતુ મહારાષ્ટ્રની ઇર્ષ્યા માત્ર એ પ્રાંત પૂરતી જ મર્યાદિત રહી છે. બાકીનું હિંદ એ મહાનુભાવની પ્રતિભાને પિછાણે છે અને અભિવંદે છે. મહારાષ્ટ્ર વિષે તો ખુદ શ્રી સરદેસાઇએ જ એક સ્થળે શબ્દો વાપર્યા છે કે: 'જગત સમક્ષ એમણે મરાઠાનો ઇતિહાસ રજૂ કર્યો એ હકીકતનું મહારાષ્ટ્ર વિસ્મરણ કરે એ એનું કાર્પણ્ય લેખાય. દુનિયા તો આગળ જ વધે છે, તે કંઈ મહારાષ્ટ્રની પરવા નથી રાખતી.'

અશોક હર્ષ

આ અંકના પૂઠા ઉપરનાં ચિત્રો

મારવાડમાં રેલવે લાઈનથી દૂર આંતરપ્રદેશમાં આવેલું અને આજ સુધી બહુ જાહેરમાં નહિ આવેલું રાણકપુરનું જૈનમંદિર ભારતભરનાં મંદિરોમાં શ્રેષ્ઠ હરોળનું ગણાય છે. હમણાં જ રૂપિયા એક લાખના ખર્ચે સમરાવેલા એ મંદિરનું સ્થાપત્ય તેમજ શિલ્પકળા બંને શાસ્ત્રશુદ્ધ તેટલાં જ સમર્થ અને બેનમૂન છે. બહુ વખણાએલાં આબુનાં દેલવાડાનાં મંદિરોનું તો તે વસ્તુતઃ આદ્ય પ્રેરણાસ્થાન સમું છે, તેની પ્રતીતિ આ અંકના પૂઠા ઉપર આપેલા તેની એક છતમાંના અટપટી શોભનગૂંથણીવાળા ખૂબીદાર શિલ્પકાર્યથી થશે. તેને અનુસંધાને ભારસામ્ય આપવા બે અક્ષરોના ગાળામાં મૂકેલાં નાનાં ચિત્રો (ફોટો : શ્રી વિક્રમ દલાલ) દેલવાડાની છતમાંનાં શિલ્પોનાં છે.

લેખક : અમૃતલાલ વ. પંડ્યા
અધ્યક્ષ, પુરાતત્ત્વ વિભાગ
વલ્લભવિદ્યાનગર

ગુજરાતના પ્રાચીન રાજાઓના હસ્તાક્ષરો

નામાંકિત વ્યક્તિઓની સહીઓ (autograph ઑટોગ્રાફ)સંઘરવાનો શોખ આપણા વિદ્યાર્થીવર્ગમાં ઠીક-ઠીક લોકપ્રિય બન્યો છે. પાશ્ચાત્ય દેશોમાં તો પાછલી પેઢીઓની વ્યક્તિઓની સહીઓ પણ ક્યાંકક્યાંક સંગ્રહસ્થાનોમાં સચવાતી હોય છે. આ દિશામાં આપણે ત્યાં હજુ કશું થયું હોય તેમ લાગતું નથી.


કેટલીક પાછલી પેઢીઓની જાણીતી વ્યક્તિઓની સહીઓ તેમની રોજનીશીઓ, હસ્તપ્રતો અને દસ્તાવેજોમાં મળી આવે છે ને તે પણ સંઘરાવી જોઇએ. સાહિત્યકારો, રાજપુરુષો અને રાજવીઓની સહીઓ આ સાધનો વડે પ્રાપ્ત કરી શકાય છે. પણ ગુજરાતને જ્યાં સુધી લાગેવળગે છે ત્યાં સુધી અહીં સોળમા સૈકા પહેલાંના દસ્તાવેજો કે બીજા કોઇ પ્રકારના ઐતિહાસિક કાગળો હજુ સુધી મળી આવ્યા નથી. હા, પાટણ વગેરે સ્થળે ક્વચિત કાગળ, પરંતુ મોટે ભાગે તાડપત્રો પર લખાએલાં પુસ્તકો પુષ્કળ સંઘરાએલાં પડ્યાં છે. આ સાહિત્યમાંથી ગુજરાત કે બહારની નામાંકિત વ્યક્તિઓની કેટલીક સહીઓ મળી શકે તેમ છે તે હજુ આપણે તપાસવાનું છે.

હિંદમાં તથા તેની સાથે ગુજરાતમાં કાગળનો વપરાશ મુસલમાની જમાનામાં દાખલ થયો. તે પહેલા ગુજરાતમાં સાહિત્યલેખન માટે બીજા દાક્ષિણાત્ય દેશોની જેમ તાડપત્રોનો ઉપયોગ થતો. પણ મુસ્લિમ-પૂર્વ કાળમાંના ગુજરાતમાં—કે બીજે—સરકારી દસ્તાવેજો તથા બીજાં વહીવટી લખાણો કે જેમના પર રાજાઓ વગેરેની સહીઓ હોય તે તદ્દન નાશ પામ્યાં છે. આ છતાં આપણા સદ્ભાગ્યે આવા સરકારી દસ્તાવેજોનો એક પ્રકાર સચવાયો છે, અને તે છે તાંબા પર કોતરેલાં દાનપત્રો, કે જે સામાન્યરીતે તામ્રપત્રો કે તામ્રપટ્ટો (Copper-plate grants or Copper-plates)ના નામે ઓળખાય છે. ગામડાંઓમાં એ 'તાંબાના પટ્ટા' કહેવાય છે. જૂના સમયમાં વિજયોત્સવ, પુત્રજન્મ, તીર્થયાત્રા, યજ્ઞ ઇત્યાદિ શુભ પ્રસંગે રાજાઓમાં બ્રાહ્મણોને ભૂમિદાન આપવાનો રિવાજ હતો. આ ભૂમિદાનના દસ્તાવેજો તાંબાનાં પતરાં પર કોરીને લખવામાં આવતા કે જેથી તે નાશ ન પામે ને દાન ગ્રહણ કરનારનો વંશ લાંબા સમય સુધી તેને આધારે દાનનો ઉપભોગ કરી શકે. હિંદુ રાજવંશોમાં આ રિવાજ ક્યાંકક્યાંક છેક મરાઠા કાળ સુધી પ્રચલિત રહ્યો છે. પણ મુસલમાન રાજવંશો તો કાગળના દસ્તાવેજો કરીને જ ઈનામ-અકરામ આપતા. અને બ્રાહ્મણોને તો તે ભૂમિદાન આપે જ શાના?

આ તાંબાનાં દાનપત્રો કે તામ્રપત્રો કે તામ્રપટ્ટો ઉપર પહેલાં દાનને લગતું વહીવટી પ્રકારનું લખાણ અને નીચે દાન આપનાર રાજાની સહી હોય છે. રાજા શાહી વડે સહી કરે અને કંસારો તેને છીણી વડે પતરામાં કોરી કાઢે, આ રીતની આપણા અનેક પ્રાચીન રાજાઓ તથા તેમના નામાંકિત કારભારીઓની સહીઓ આપણને પ્રાપ્ય છે. માત્ર જરૂરત છે તેમને એકઠી કરવાની. આ તામ્રપત્રોના ફોટોગ્રાફ મોટે ભાગે ઇન્ડિયન ઍન્ટીક્વેરી (Indian Antiquary), એપિગ્રાફિયા ઇન્ડિકા (Epigraphia Indica) તથા બીજાં કેટલાંક શોધખોળને લગતાં માસિકો અને ત્રૈમાસિકોમાં અગાઉ પ્રકટ થઈ ગયા છે અને હજુ પણ થયા કરે છે. આ બધાંની પાછલી ફાઇલો કે છૂટા અંકો જૂનાં પુસ્તકાલયોમાં મળી આવે છે. કૉલેજોનાં પુસ્તકાલયોમાં પણ મોટા ભાગે આ સાહિત્ય હોય છે.

ઉપર્યુક્ત સાહિત્યમાંથી મેં આપણા પ્રાચીન કાળના રાજાઓ અને બીજી નામાંકિત વ્યક્તિઓની સહીઓની નકલો એકઠી કરવા માંડી છે. તેમાંથી ગુજરાતના તથા ગુજરાત સાથે સંબંધ ધરાવતા કેટલાક જાણીતા રાજવીઓની સહીઓ આ લેખ વડે પ્રસ્તુત કરું છું. આ બધી સહીઓ તામ્રપત્રો પરથી લેવામાં આવી છે.


આમ તો તામ્રપત્રો છેક કુષાણ કાળ (ઇ. ૫૦–૩૫૦)થી મળી આવે છે, અને ગુપ્ત રાજાઓનાં કેટલાંક તામ્રપત્રો પણ ઉપલબ્ધ છે, પણ ઉત્તર હિંદનાં આવાં તામ્રપત્રો પરની સૌથી પહેલી સહી તો મહારાજા હર્ષવર્ધન (રાજ્યકાળ ઈ. ૬૦૬-૬૪૭)ની જ મળી આવે છે. એ તેના બંસખેડાના તામ્રપત્ર પર કોતરેલી છે જે હાલ લખનૌના સંગ્રહસ્થાનમાં સુરક્ષિત છે :



स्वहस्तोममममहाराजाधिराजश्रीहर्षस्य

પરંતુ ગુજરાતને આંગણે તો રાજવીઓની સહીઓ ઉત્તર ભારત કરતાં લગભગ સવાસો વર્ષ પહેલાંથી મળી આવે છે. ગુજરાતનું અત્યાર સુધીમાં શોધાએલું જૂનામાં જૂનું તામ્રપત્ર ચોથા સૈકાનું છે. તે મને ચાર વર્ષ પૂર્વે છોટા ઉદેપુર પાસે કળાછળ ગામમાં મળી આવેલું.

પણ તેના છેલ્લા ભાગનું બીજું પતરું કે જેમાં એ દાન આપનાર રાજાની સહી હશે તે હજુ મળી આવ્યું નથી. સરકારી પુરાતત્ત્વ ખાતા તરફથી પણ તેની શોધ ચાલી રહી છે. આ પછીનાં મળતાં ગુજરાતનાં તામ્રપત્રો દક્ષિણ ગુજરાતના ત્રૈકૂટક રાજવંશ (પાંચમી સદી)નાં છે. પણ આ તામ્રપત્રોમાં સહીઓ નથી. તે પછીનાં તામ્રપત્રો લાટના ગુર્જર વંશ (ઈ. ૫૮૦-૮૦૮)નાં છે ને તે બધાં પર એ વંશના રાજવીઓની સહીઓ મળી આવે છે. દાખલા માટે આ વંશના રાજા દદ્દ બીજા—પ્રશાન્તરાગ—ની સહી આ નીચે આપી છે :




श्री प्र शां त रा ग स्य

લાટના ગુર્જર રાજવી પ્રશાન્તરાગના હસ્તાક્ષર ઈ ૬૨૯-૬૪૦

આ પછી વલભીના મૈત્રક રાજ્યવંશનાં દોઢસો જેટલાં તામ્રપત્રો પ્રાપ્ત છે, પણ તેમાંના એકે પર રાજાઓની સહીઓ નથી. અમુક જગ્યાએ 'स्वहस्तो मम' એટલું જ લખેલું મળી આવે છે.

આ પછી આપણે લાટના રાષ્ટ્રકૂટ રાજા અકાલવર્ષ કૃષ્ણના હસ્તાક્ષરની નોંધ લઇએ. દક્ષિણના રાષ્ટ્રકૂટ વંશની એક શાખા દક્ષિણ ગુજરાતમાં સ્થપાઈ હતી. નવસારી (પ્રાચીન નામ નવસારિકા ને નાગસારિકા) શહેર તેમનું પાટનગર હતું. આ વંશનો છેલ્લો રાજા અકાલવર્ષ કૃષ્ણ ઘણો પ્રતાપી હતો. તેણે અંકુલેશ્વર (અંકલેશ્વર)ના એક બ્રાહ્મણને શક ૮૧૦ (ઈ. ૮૮૮)માં દાન આપતાં તેના તામ્રપત્ર

પર જે સહી કોરેલી છે તે આ રહી. તેનું લખાણ સમ્રાટ હર્ષવર્ધન-ની સહીના લખાણ જેવું છે :



स्वहस्तोयंममश्रीमदकालवर्षश्रीकृष्णराजस्य:

નવસારીના રાષ્ટ્રકૂટ રાજા અકાલવર્ષ કૃષ્ણના હસ્તાક્ષર ઇ. ૮૮૮.


ગુજરાતમાં લિપિવિકાસ

આ હસ્તાક્ષરના અક્ષરો તો આપણને ઠીકઠીક પરિચિત લાગે છે, પણ પ્રશાંતરાગની તથા હર્ષની સહીના અક્ષરો ઉકલતા નથી. તેનું કારણ એ છે કે પ્રશાંતરાગના સમયમાં–એટલે કે છઠ્ઠા સૈકામાં હિંદના જુદાજુદા ભાગોમાં જે લિપિઓ પ્રચલિત હતી તે બધી બ્રાહ્મીલિપિની ગુપ્તકાલીન શાખાઓ–પ્રશાખાઓ હતી. એના અક્ષરો અભ્યાસ વગર ઉકેલી શકાય નહિ. આ લિપિમાંથી છઠ્ઠા સૈકામાં–મુખ્યત્વે ઉત્તર હિંદમાં–જે લિપિ વિકાસ પામી તે જ હાલની બાળબોધ અગર નાગરી. પણ તદ્દન આરંભની આ નાગરીના અક્ષરો પણ આપણે સહેલાઇથી ભાગ્યે જ ઓળખી શકીએ. આરંભિક નાગરી 'કુટિલા' કહેવાય છે અને સમ્રાટ હર્ષની સહી એ જ લિપિમાં છે. પણ આ લિપિનાં ઉદાહરણો ગુજરાતમાંથી મળી આવતાં નથી. ગુજરાતમાં લિપિવિકાસ વિષે આપણે એક વાત ખાસ ધ્યાનમાં રાખવાની એ છે કે આપણા પ્રદેશની લિપિઓ આરંભથી જ દક્ષિણ ભારતની લિપિઓ સાથે સંકળાએલી રહી છે. ગિરનારમાં અશોકનો ઇ. પૂ. ત્રીજા સૈકાનો જે લેખ છે તે એ વખતે ભારતભરમાં (પંજાબ સિંધ અને સરહદના પ્રદેશો કે જે પાકિસ્તાનમાં ગયા તેમને બાદ કરતાં) સર્વત્ર એક જ પ્રકારની વપરાતી બ્રાહ્મી લિપિમાં છે. આ પછીના લેખો આપણે ત્યાં ગુજરાતમાં ક્ષત્રપ વંશ (બીજી અને ત્રીજી શતાબ્દી) ના મળી આવે છે. આ બધા કચ્છ અને સૌરાષ્ટ્રમાં જ મળી આવ્યા છે. જૂનાગઢના અશોકના ખડકલેખના એક પડખા પર આ ક્ષત્રપ વંશના રાજા રુદ્રદામનનો ઘણો મોટો લેખ છે. હિંદનો આ સૌથી જૂનો સંસ્કૃત ભાષાનો શિલાલેખ છે તે વાત નોંધપાત્ર છે. આ બધા ક્ષત્રપ લેખો આપણે ત્યાંની અશોક (મૌર્યવંશ) પછીની લિપિનો પરિચય કરાવે છે. ત્યાં સુધીમાં મરોડની દૃષ્ટિએ મૌર્યકાલીન બ્રાહ્મી લિપિ ઉત્તરી અને દક્ષિણી એવા બે સ્પષ્ટ વિભાગોમાં વહેંચાઇ ગઇ હતી. એમાં આપણે ત્યાંના ક્ષત્રપ લેખોની તથા સિક્કાઓની લિપિ દાક્ષિણાત્ય મરોડની છે. તેવી જ રીતે આ પછીના ત્રૈકૂટકો, લાટના ગુર્જરો, વલભીના મૈત્રકો વગેરે રાજવંશોના લેખોની લિપિઓ પણ બધી દાક્ષિણાત્ય છે. ઉત્તરના મરોડની લિપિ ગુજરાતમાં સૌ પહેલાં ધુમલીના સૈન્ધવ વંશ (૭થી ૯મી સદી)નાં તામ્રપત્રોમાં નજરે પડે છે, પણ તે જ વખતના વલભીના મૈત્રકો તથા ગુજરાતના બીજા ભાગોની લિપિઓ તો દાક્ષિણાત્ય જ હતી. ખૂબીની વાત એ છે કે જે વખતે દક્ષિણ ગુજરાતના ગુર્જર વંશના તામ્રલેખો દાક્ષિણાત્ય લિપિમાં લખાતા હતા તે વખતે ઉત્તર ગુજરાતના 'ગુર્જરત્રા' એટલે કે હાલના મારવાડના ગુર્જર (પ્રતિહાર) વંશના લેખો ઉત્તરી લેખનશૈલીમાં લખાતા હતા. આનું કારણ એ લાગે છે કે ધુમલીના સૈન્ધવો મૂળ સિન્ધથી આવીને સૌરાષ્ટ્રમાં સ્થપાયા હતા અને ગુર્જરત્રાના પ્રતિહાર વંશના લેખકો * પણ ઉત્તર ભારતથી આવ્યા હતા એટલે તેમના લેખોની લિપિઓ ઉત્તરી મરોડની મળી આવે છે.

આ ગુર્જરપ્રતિહારોનું રાજ્ય વખત જતાં ગુજરાતથી પૂર્વ તરફ છેક બહાર સુધી પ્રસરી ગએલું, એટલે તેને સાચવવા આ રાજવંશે પોતાના ઉત્તર ગુજરાતમાંના પાટનગર શ્રીમાલ (હાલના ભિન્નમાળ) ને મૂકીને તેમના સામ્રાજ્યના મધ્યભાગે (ગંગાકાંઠે) આવેલા કનોજ શહેરને પોતાનું પાટનગર બનાવ્યું. તેમ થતાં ઉત્તર ભારતની અસર ગુજરાત પર વધવા લાગી. લિપિમાં પણ આ વસ્તુ પ્રતિબિમ્બિત થાય છે. આ ગુર્જર પ્રતિહારોના સમયમાં જ તેમના સામંતો તરીકે ઉત્તર ગુજરાતમાં સોલંકી (ચૌલુક્યો), માળવામાં પરમારો, વગેરેના રાજવંશો અસ્તિત્વમાં આવ્યા ને તેથી આ રાજવંશોના દરબાર તથા રાજવહીવટમાં ઉત્તર પરંપરાઓનો પ્રવેશ થયો. ગુજરાતના સોલંકી રાજાઓ મૂળ તો દક્ષિણના ચૌલુક્ય વંશના હતા અને તેમના સાંસ્કૃતિક સંબંધો મોટા ભાગે કર્ણાટક સાથે વિશેષ રહેતા. આમ છતાં તેમના લેખોની લિપિ દાક્ષિણાત્યને બદલે ઉત્તરી મરોડની જ મળી આવે છે તેનું કારણ ઉપર જણાવ્યું તે જ હોવું જોઇએ.

સોલંકી મહારાજા મૂળરાજના હસ્તાક્ષર ઇ. ૯૮૧

દક્ષિણ ગુજરાતના નવમા સૈકાના રાષ્ટ્રકૂટો પછી આપણે દસમા સૈકામાં સ્થપાએલા ઉત્તર ગુજરાતના ચૌલુક્ય (સોલંકી) વંશના કાળમાં પ્રવેશ કરીએ છીએ. આ વંશનો પહેલો રાજા તે મૂળરાજ (ઇ. ૯૪૨-૯૯૦). એની વિ સં. ૧૦૪૩ (ઈ. ૯૮૬)ના તામ્રપત્રમાં મળી આવતી સહી આ નીચે આપી છે:




श्री मू ल रा ज स्य

આ સહી પ્રાચીન નાગરી લિપિની ઉત્તરી શૈલીમાં છે અને મૂળરાજના સમય એટલે કે સોલંકી વંશની સ્થાપનાના સમયથી ગુજરાત–સૌરાષ્ટ્ર–કચ્છમાં આ મરોડ સામાન્ય પ્રચલનમાં આવે છે. પણ દક્ષિણ ગુજરાત તો સિદ્ધરાજના રાજ્યકાળ સુધી દાક્ષિણાત્ય શૈલી જ વાપરે છે.

ભોળા ભીમના હસ્તાક્ષર

મૂળરાજ પછી સોલંકીવંશમાં મહત્ત્વનો રાજા ભીમદેવ પહેલો (ઈ. ૧૦૨૨-૧૦૬૩) થયો. તેની સહી જુઓ:




श्री भी म दे व स्य

માળવાના મહાન વિદ્યાપ્રેમી મહારાજા ભોજના હસ્તાક્ષર

સાથે સાથે આ રાજાના બે સમકાલીન રાજવીઓની સહીઓના નમૂના પણ આપણે જોઇએ. ભીમદેવ પહેલાના રાજ્યકાળ વખતે માળવામાં જાણીતો વિદ્યાપ્રેમી પરમાર રાજા ભોજદેવ રાજ્ય કરતો હતો. તેનું પાટનગર ધાર હતું. આ વિદ્યાપ્રેમી રાજા ભોજની સહી:

* પ્રાચીન લેખોમાં લેખકો તરીકે નાગરો અને કાયસ્થો મળી આવે છે. કાયસ્થો પોતાની ઉત્પત્તિ વલભીના રાજવંશમાંથી થએલી બતાવે છે અને તે વાત ખરી હોવાની માન્યતા છે. આમ, કાયસ્થો ગુજરાતથી ઉત્તર હિંદમાં ફેલાયા જણાય છે; પણ નાગરો તો ઉત્તર તરફથી આવ્યા હોવાનો સંભવ છે, અને ઉત્તરી મરોડ (નાગરી)માં લખવા સાથે તેમને સંબંધ રહ્યો હોય એ શક્ય છે. ગુજરાતમાં મળી આવતી ત્રીજી લેખક કોમ તે બ્રહ્મક્ષત્રિયોની છે અને તેઓ મુસલમાની જમાનામાં ગુજરાતમાં વહીવટી ભાષા તરીકે ફારસીનું પ્રચલન થતાં ફારસીના જાણકાર તરીકે ઉત્તરથી આવ્યા છે.



स्वहस्तोय श्री भोजदेवस्य

લાટદેશના ચૌલુક્યનૃપ ત્રિલોચનપાલના હસ્તાક્ષર

નર્મદા પ્રદેશમાં અને તેની દક્ષિણે એટલે કે લાટદેશ (દક્ષિણ ગુજરાત)માં આ વખતે એક જુદા ચૌલુક્ય વંશનું રાજ્ય હતું. તેના વંશજો સેનાપતિ બારપ્પના વંશવેલાના હતા. સારસ્વત મંડલ (ઉત્તર ગુજરાત)ના ચૌલુક્યો (સોલંકીઓ) અને આ લાટના ચૌલુક્યો મૂળરાજ અને બારપ્પના વખતથી જ એકબીજા સાથે લડયા કરતા અને તેમાં અનેકવાર લાટના ચૌલુક્યોએ સોલંકીઓને શિકસ્ત આપી હતી. લાટના ચૌલુક્યોનું પાટનગર નંદિપુર—નાંદોદ એટલે હાલનું રાજપીપળા હતું અને એમનો સંબંધ દક્ષિણ સાથે સવિશેષ રહેતો. આ વંશની સમાપ્તિ સિદ્ધરાજના વખતમાં થઈ. ત્યારથી લાટ સોલંકીઓના રાજ્યમાં ભેળવાયો. લાટના આ ચૌલુક્ય વંશના એક પ્રતાપી રાજા ત્રિલોચનપાલની સહી તેના સુરતમાં મળી આવેલા શક સં. ૯૭૨ (ઇ. ૧૦૫૦)ના તામ્રપત્રમાં આ પ્રમાણેની મળી આવી છે:




श्री त्रि लो च न पा ल स्य

આ ત્રિલોચનપાલની સહીને એ જ રાજાના સમકાલીન ભીમદેવ પહેલા તથા ભોજની સહીઓ સાથે સરખાવતાં લિપિમાં કેટલોક ફેરફાર નજરે પડશે: દાખલા તરીકે श्री, न અને य અક્ષરોમાં ભીમદેવ અને ભોજની સહીઓના લિપિ લગભગ સરખી જ છે, પણ ત્રિલોચનપાલની સહીના ઉપર્યુક્ત અક્ષરો ઠીકઠીક જુદા પડે છે. અને न તો વળી તદ્દન જુદો હોઈ આ રાજાના લેખમાં ગુપ્તવંશના સમયના 'न'નો આકાર ધરાવે છે. ઉત્તર ને દક્ષિણ ગુજરાતમાં લિપિ વચ્ચે એક જ સમયે આ ફેરફાર હોવાનું કારણ એ કે દક્ષિણ ગુજરાતની આ સમયની આ નાગરી લિપિ દાક્ષિણાત્ય પ્રકારની ને ઉત્તર ગુજરાતની ઉત્તરી પ્રકારની હતી

પ્રાચીન અમદાવાદ વસાવનાર કર્ણદેવના હસ્તાક્ષરો


અમદાવાદ શહેર (કર્ણાવતી)ના મૂળ વસાવનાર અને સિદ્ધરાજ જયસિંહના પિતા કર્ણદેવની સહી હવે જોઈએ:



श्री क र्ण्ण दे व स्य

સિદ્ધરાજ જયસિંહના હસ્તાક્ષર

અને તે પછી હવે સોલંકીવંશના સૌથી વધુ જાણીતા અને માનીતા મહારાજા સિદ્ધરાજ જયસિંહની સહી જુઓ:




श्री ज य सिं घ दे व स्य

એનું નામ જયસિંહ હતું ને તે જ નામ તેનાં તામ્રપત્રો ને શિલાલેખોમાં મળી આવે છે. સિદ્ધરાજ નામ તો લોકસમાજમાં જ જાણીતું હતું. જૈન પ્રબંધો પણ કેટલેક ઠેકાણે સિદ્ધરાજ નામ નોંધે છે. આ રાજાના હસ્તાક્ષરની વિશેષતા એ છે કે રાજા પોતાનું નામ ગામઠી ઉચ્ચાર પ્રમાણે એટલે કે जयसिंह ને બદલે जयसिंघ લખે છે!


ભીમ બાણાવળીના હસ્તાક્ષર

એ જ સોલંકીવંશના પછીના કાળના એક પ્રખ્યાત રાજા ભીમદેવ બીજા (બાણાવળી)ની (ઇ. ૧૧૭૭-૧૨૪૧) સહી આ રહી:



श्री भी म दे व स्य

આ ભીમદેવ બીજાના હસ્તાક્ષરની લિપિને ભીમદેવ પહેલાના હસ્તાક્ષરની લિપિ સાથે સરખાવતાં દોઢસો વર્ષમાં ગુજરાતમાં થએલા લિપિવિકાસનો કંઇક ખયાલ આવી શકે છે. પ્રાચીન નાગરી લિપિ આધુનિક નાગરી લિપિની વધુ નજીક આવતી દેખાય છે.



અશોકના શિલાલેખમાંની બ્રાહ્મી લિપિની નીચે તેના જ નાગરી પ્રતિઅક્ષરો, તથા તેની નીચે તેનું ગુજરાતી કરી મૂકી બતાવેલું આ દૃષ્ટાંત એ બંને લિપિની સમજણ આપશે.

આ લેખ પૂરો કરતાં પહેલાં ગુજરાતમાં દેવનાગરી લિપિના ઇતિહાસ વિષે થોડુંક લખું. હિંદમાં છઠ્ઠા સૈકા સુધી બ્રાહ્મી લિપિ પ્રસારમાં રહી છે. ગુપ્ત કાળ (૪થા થી ૬ઠ્ઠા સૈકા) સુધીમાં પ્રચલિત શૈલીને 'ગુપ્ત લિપિ' કહે છે, પણ છએક અક્ષરના ફેરફાર સિવાય તે વસ્તુત: બ્રાહ્મી લિપિ જ હોય છે. છઠ્ઠા સૈકા પછી ગુપ્તકાલીન બ્રાહ્મીલિપિ ધીમેધીમે નાગરીમાં રૂપાન્તર પામવા લાગે છે અને ૯મા સૈકા સુધી તેનો આ રૂપાન્તરકાળ ચાલે છે. આ રૂપાન્તરકાળની લિપિને કેટલાક વિદ્વાનો 'કુટિલા' કહે છે, પણ હવે એ નામ મૂકી દેવાયું છે, કારણ કે આ કુટિલા તે વસ્તુતઃ ઉગમકાળની નાગરી જ હતી. ૯માથી ૧૬મા સૈકા સુધી જે નાગરી પ્રચલિત હતી તે 'જૂની નાગરી' કહેવાય છે. એની મુખ્ય વિશેષતા તે 'પડી માત્રા' નો પ્રયોગ. 'પડી માત્રા' એટલે હાલ બંગાળી લિપિમાં માત્રાનો જે રીતે પ્રયોગ થાય છે તે. એમાં માત્રા શિરોરેખા (મથાળા)ની ઉપર આવવાને બદલે અક્ષરની પહેલાં તેને પડખે (કાના કરતાં વિપરિત દિશામાં એક કાનાની પેઠે) મુકાતી. પણ બે માત્રાના પ્રયોગ વખતે (દા.ત. તરીકે 'એ' અને 'ઓ'માં) બીજી વધારાની માત્રા શિરોરેખાની ઉપર હાલની માત્રાની જેમ મુકાતી! (જુઓ નીચે) ૧૬મા સૈકા પછીની

નાગરી તે 'આધુનિક નાગરી' કહેવાય છે ને તેમાં માત્રાનો પ્રયોગ હાલના જેવો હોય છે. આ રીત 'ખડી માત્રા' કહેવાય છે. જૂની અને આધુનિક નાગરી વચ્ચે આ મુખ્ય તફાવતની વાત થઇ. આ સિવાય અક્ષરોનો ક્રમવિકાસ તો દરેક સૈકાની લિપિમાં દેખાઈ આવતો હોય છે અને એના આધારે પ્રાચીન લિપિઓના જાણકાર લોકો એટલે કે લિપિશાસ્ત્રીઓ (Palæographists) લખાણના નમૂનાને જોઇને તુરત જ ચોક્કસપણે કહી શકે છે કે લખાણ કયા સૈકાનું છે. એ લિપિવિકાસનો આલેખ 'ચિત્રબોધ' તરીકે આ અંકની શરૂમાં આપ્યો છે.

રહસ્યકથા-શ્રેણી [૬] ચીલઝડપ

દીવાન બહાદુર રાજારામ મુંબાઈની એક આગેવાન વ્યક્તિ હતા. એમણે જાહેર જીવનમાં પ્રવેશ્યા પછી અનેક સંસ્થાઓ ઊભી કરેલી જેમાં એમના પોતાના નામે ચાલતા અનાથાશ્રમ પાછળ એ ખૂબ શ્રમ લેતા. દર વરસે પોતાને ત્યાં તે એક મોટી મિજબાની ગોઠવતા અને તેમાં શહેરની પ્રતિષ્ઠિત તેમજ શ્રીમંત વ્યક્તિઓને નોતરતા. કોઈ રાજામહારાજાનો નિવાસ એ વખતે મુંબાઇમાં હોય તો તેને પણ નોતર્યા વિના ન રહેતા.

આ સાલ પણ એમણે મિજબાની રાખેલી અને એમાં અન્ય નિમંત્રિતો સાથે વસંતપુરના મહારાજા પણ હતા. એમના ગળામાં લટકતા હારમાંનો હીરો સૌ નિમંત્રિતોનું લક્ષ ખેંચતો હતો, અને મહારાજા પણ એ કીમતી હીરા વિષે સૌને રસપૂર્વક વાત કરી રહ્યા હતા. મિજબાનીનો સામાન્ય શિરસ્તો એ રહેતો કે ખાણીપીણી પતી ગયા પછી સર રાજારામ અનાથાશ્રમનો ખરડો રજૂ કરતા અને એમાં સૌ પોતા તરફથી કંઈ ને કંઇ રકમ નોંધાવતા. એ રીતે આ વખતે ખાણીપીણી પતી ગયા પછી સર રાજારામ ખરડો રજૂ કરવાની તૈયારીમાં હતા ત્યાં ઓચિંતું અંધારું ફેલાઈ ગયું ! પ્રકાશ પાછો ચાલુ થતાં સુધીમાં તો એવી પરિસ્થિતિ ઊભી થઈ ગઈ કે સર રાજારામથી એ પરિસ્થિતિમાં હવે ખરડો રજૂ થઇ શકે તેમ ન હતો.

જે થોડી ક્ષણો અંધારું રહ્યું એ દરમિયાન મહારાજાના ગળામાંનો હાર ગુમ થઇ ગએલો, અને જે થોડી ગરબડ મચેલી એ દરમિયાન એમની જોડેની ખુરશી પરનો મહેમાન પણ ગુમ થઈ ગએલો. મહારાજા તો કીમતી હીરો જતાં ખૂબ વ્યાકુળ બની ગએલા અને પોતાને ત્યાં આવી દુર્ઘટના બનવા બદલ સર રાજારામ પણ ઓછા વ્યાકુળ નહોતા. પરંતુ એમની વિચક્ષણ બુદ્ધિએ તરત માર્ગ શોધી કાઢ્યો. મહેમાનો આવતી વખતે એમના મુનિમે દરવાજે ઊભા રહી સઘળા નિમંત્રિતોનાં જે કાર્ડ એકઠાં કરેલાં તે એની પાસેથી મંગાવીને એમણે તપાસવા માંડ્યાં. એમાં એક કાર્ડ બનાવટી નીકળી આવ્યું, જેના નામનો નિમંત્રિતોની યાદીમાં સમાવેશ થતો નહોતો. ચોક્કસ, મહારાજાની જોડે બેઠેલો પુરુષ જ સર રૂસ્તમજીનું બનાવટી નામ ધરાવનાર વ્યક્તિ હોવી જોઈએ.

પરંતુ હવે એ બનાવટી નામધારી શખ્સને પકડવો ક્યાં અને કેવી રીતે? પોલીસને ખબર આપ્યા વિના છૂટકો જ ન હતો એટલે સમાચાર મળતાં જ ઈન્સ્પેક્ટર દીક્ષિત આવી પહોંચ્યા. તેમણે બધી વાત સાંભળી લીધી અને પછી બોલ્યા, 'જહાંગીર સિવાય બીજા કોઇનું આ ગજું નહિ!'

એમના આ તાત્કાલિક નિર્ણયે સૌને આશ્ચર્યમાં નાખી દીધા સૌનું આશ્ચર્ય શમાવવા એણે જહાંગીરની થોડી ઓળખાણ આપી. ગુનેગાર જગતનો એ બેતાજ બાદશાહ હતો. નાનીસૂની ચોરીમાં એ હાથ જ ન ઘાલતો. અને કોઇક વાર તો પોલીસના પણ હાથ હેઠા પડે એવી સિફતથી ગુનો પુરવાર જ થવા ન દઇને આબાદ છટકી જતો.

દીક્ષિતે આ વખતે તો એને કોઈ રીતે છટકવા ન દેવાનો નિર્ણય કરી લીધો હતો, એટલે એ લાગલો જ જહાંગીરની શોધમાં નીકળી પડ્યો. ગુનેગારોની દુનિયામાંથી જ એનો પત્તો મળે એમ હોઈ, એણે જુદા જુદા નામીચા ગુનેગારો દ્વારા ખૂબીથી માહિતી મેળવવાનો પ્રયત્ન કર્યો. છેવટે પત્તો મળ્યો કે તે અત્યારે તાજમહાલ હોટેલમાં સર રૂસ્તમજીના નામે રહેતો હતો.

દીક્ષિત સીધો પહોંચ્યો તાજમહાલ હોટેલ પર. એ થોડોક જ મોડો પહોંચ્યો હોત તો જહાંગીર આબાદ હાથતાળી આપી ગયો હોત; કારણ તેની બે બૅગ અને બિસ્તરો બંધાઇને તૈયાર પડ્યાં હતાં.

'ક્યાંની તૈયારી કરી, જહાંગીર ?' દીક્ષિતે એના કમરામાં દાખલ થતાં જ બંધાએલો સામાન જોઈને પ્રશ્ન કર્યો.

'આવો, આવો, દીક્ષિતસાહેબ !' જહાંગીરે હસતાં હસતાં હાથ લાંબો કર્યો. દીક્ષિતે સામો હાથ લંબાવતાં સ્વાભાવિક રીતે જ એ સિફતભર્યા ચોરના ચબરાક હાથ પર એક બારીક નજર ફેરવી લીધી, પણ સતત સિગારેટ ફૂંકનારનાં આંગળાં પર હોય છે એવા ડાઘ સિવાય એ પર ખાસ કશું ન હતું.

દીક્ષિતે પછી કમરાનું નિરીક્ષણ શરૂ કર્યું. જહાંગીરના બંધાએલા સામાન ઉપરાંત કમરામાં બીજું કંઈ એવું નહોતું જે તપાસવાની જરૂર પડે—સિવાય કે ખુદ જહાંગીર પોતે. હવે. પ્રથમ એનાં સામાનની જડતી લેવી કે એના અંગની એનો વિચાર દીક્ષિત કરી રહ્યો હતો ત્યાં જહાંગીર બોલ્યો, 'દીક્ષિત સાહેબ, બેસો તો ખરા! અત્યારે કેમ તસ્દી લેવી પડી એ કહો તો હું યે મારાથી બનતી મદદ કરું.'

'મને પહેલાં તો આ સૂટકેસ ખોલીને બતાવ.' દીક્ષિતે જણાવ્યું. પણ પછી એકાએક વિચાર ફેરવી તે બોલી ઊઠ્યો, 'કંઈ જરૂર નથી.' અને પાસેના જ મેજ પર પડેલું સિગારેટ હોલ્ડર ઉપાડી લઇ બીજા હાથમાં ધીમે ધીમે એ ટપકારતો તે બોલ્યો, 'જહાંગીર, ગઇ કાલની સર રાજારામને ત્યાંની મિજબાનીમાંથી વસંતપુરના મહારાજાનો હીરો ચોરવા બદલ હું તને ગિરફતાર કરું છું!'

જહાંગીર તો આભો જ બની ગયો! પણ દીક્ષિતે એને બરાબર પકડી પાડ્યો હતો. તમે કહી શકશો કે શી રીતે?

જહાંગીરે હાથ લાંબો કરતી વેળા ઇન્સ્પેક્ટર દીક્ષિતે જોઇ લીધેલું કે તે પર સિગારેટના ડાઘ હતા. તેને જો સિગારેટ-હોલ્ડરમાં જ મૂકીને સિગારેટ પીવાની ટેવ હોત તો તેનાં આંગળાં પર એવા ડાઘ ન હોત. એટલે એવી બીનજરૂરી વસ્તુ ટેબલ પર પડેલી જોતાં જ તેને વહેમ ગયો. અને પછી હાથમાં લઈ એ ટપકારતાં તેનો વહેમ સાચો ઠર્યો. જહાંગીરે એમાં જ મહારાજાનો હીરો સંતાડેલો અને પછી કોઇને વહેમ ન આવે એમ ટેબલ પર તે મૂકી રાખેલું. ઊપડી જતાં પહેલાં પોતે પકડાય અને પોતાના અંગની કે સામાનની જડતી લેવામાં આવે તો પણ સિગારેટ-હોલ્ડર તરફ કોઇનું ખાસ ધ્યાન નહિ ખેંચાય એવી એની ગણતરી હતી.

તા. ૬ઠ્ઠી જાન્યુઆરીએ તિવારીના હાથમાં આવેલું ૮મી જાન્યુઆરીનું છાપું



રમાકાન્ત તિવારી રોજની ટેવ મુજબ મહાલક્ષ્મીના ઘોડદોડના મેદાનના છેડા પર લટાર મારી રહ્યા હતા. રેસકોર્સનું સાંનિધ્ય અને ખુલ્લી હવા એમને ઘોડદોડના જ વિચારો પ્રેરી રહી હતી.

તિવારી આમ તો જોકે સામાન્ય માણસ હતા, પરંતુ બુદ્ધિ તેજ હોવાથી પોતાનું મોટું ખર્ચ થોડી મહેનતે મેળવી લેતા—ઘોડદોડના રસિયાઓને જીતમાં આવનારા ઘોડાનાં નામ એ આપતા; અને એ વિષયમાં એમનો અભ્યાસ એટલો પૂર્ણ ગણાતો કે સંયોગવશાત્ અથવા ગમે તે કારણે પણ એમણે આપેલાં નામ વિજયી નીવડતાં અને તિવારી લોકોની પ્રશંસાને પાત્ર બનતા.

પરંતુ છેલ્લા એકાદ મહિનાથી કોણ જાણે શું થયું હતું કે એમના પાસા ઊંધા જ પડવા માંડ્યા હતા. એમણે આપેલાં નામમાંથી મોટા ભાગના ઘોડા હારી જતા. જો આમ ને આમ એમની ધારણા ખોટી જ પડતી રહી તો...રહીસહી મિલકત પણ ખલાસ થઇ જવાનો સંભવ હતો. એ આ વસ્તુસ્થિતિ શોચી રહ્યા હતા, ત્યાં જ એકાદ રંગીલા આદમીની સતત ભૂંગળું વગાડતી મોટર તેમની તદ્દન નજીકથી પસાર થઈ ગઇ ત્યારે જ એમને ભાન આવ્યું કે પોતે કેટલે દૂર નીકળી ગયા હતા. ઘડિયાળમાં જોયું તો બાર થવા આવ્યા હતા.

કાલ તો ઘોડદોડ હતી! મોડું ઉઠાયું તો? આ ભયે તરત જ એ ત્યાંથી ઘેર જવા પાછા વળ્યા. ત્યાં અચાનક કોઈ પોતાને બોલાવતું હોય એમ લાગ્યું અને એમણે પાછળ ફરીને જોયું તો દસેક વાર દૂર ઊભેલો એક વૃદ્ધ એમને બોલાવી રહ્યો હતો.

ધૂંધળા પ્રકાશમાં પણ તિવારીને એ વૃદ્ધની લાંબી શ્વેત ફરકતી દાઢી સ્પષ્ટ દેખાતી હતી. એને જોઈ તિવારીને અચરજ થયું. આવા કોઇ સખ્સને પોતે ઓળખતા હોય એમ એમને ન લાગ્યું, એટલે તેની નજીક જઇ એ બોલ્યા, 'કંઇ ઓળખાણ નથી પડતી.' અને પછી એને વધુ ધ્યાનપૂર્વક નિરખતા બોલ્યા, 'આપની કંઈ ભૂલ તો નથી થઇને?'

'નહિ. હું તો તમને બરાબર ઓળખું છું. મારા જેવો રેસનો શોખીન જીવડો તમારા જેવાને નહિ ઓળખે તો બીજા કોને ઓળખશે?'

વૃદ્ધની સહેજ ફરકતી દાઢી અને ચમકતી આંખો સિવાય ઝાંખા પ્રકાશમાં બીજું કંઈ દેખાતું નહોતું. તેનો અવાજ ખૂબ કર્કશ અને એક પ્રકારની તિખાશથી ભરેલો હતો અને એ કર્કશતા અને એ તિખાશે તિવારીના શરીરમાં એક કંપ આણી દીધો.

'એક સમય હતો, ભાઇ સાહેબ, કે જ્યારે તમારી માફક હું પણ લોકોની પ્રશંસાનાં પુષ્પ ઝીલતો—'

'પણ મેં કહ્યુંને કે આપને હું બિલકુલ ઓળખતો નથી?' તિવારીએ એનાથી પીછો છોડાવવા કહ્યું.

'કંઈ વાંધો નહિ; મારે કંઇ ખાસ કામ પણ નથી; માત્ર આ છાપું તમને આપવાનું છે. આઠમી જાન્યુઆરીનું છે ને રેસનું પરિણામ પણ તેમાં આપ્યું છે.'

તિવારીને તારીખ સાંભળી ખૂબ નવાઈ લાગી, કારણ આજે તો હજુ જાન્યુઆરીની છઠ્ઠી તારીખ હતી, અને રેસ તો હજી રમાઈ નથી તો એનો અહેવાલ ક્યાંથી આવવાનો હતો? એમને લાગ્યું કે નક્કી આ બુઢ્ઢો કોઈ ભેભાગુ છે ને કાં તો ગરીબ છે, અને પૈસા પડાવવા પાછળ પડ્યો છે. એટલે છાપું વાળી એમણે બગલમાં દાબ્યું ને ખિસ્સામાંથી હાથમાં આવેલો એક રૂપિયો ઝટઝટ તેના હાથમાં મૂકી દઈ તે આગળ વધ્યા. રૂપિયો આપતી વખતે વૃદ્ધના હાથનો સ્પર્શ તેમને થતાં તે જાણે બરફને અડી ગયો હોય એવો ઠંડો લાગ્યો.

બીજે દિવસે તિવારી રેસના મેદાનમાં જવા ઊપડ્યા ત્યારે ટૅક્સીમાં એમને આગલા દિવસની વાત યાદ આવી. એમણે ખિસામાંથી છાપું કાઢી જોયું તો ખરેખર તે પર તા. ૮મી જાન્યુઆરીની છાપ હતી! આજે તો ૭મી તારીખ હતી એ એમણે ડ્રાઈવરને પણ પૂછી જોઇને ખાતરી કરી. પછી છાપાંવાળાઓ પર પોતાનો ઉકળાટ ઠાલવતા બોલ્યા, 'આ છાપાંવાળાઓ પણ કેટલા બેવકૂફ છે? આટલી મોટી ભૂલ પણ એમની નજર બહાર રહી જાય છે!'

કશા ચોક્કસ ખયાલ વિના એ છાપાનાં પાનિયાં ઉથલાવી રહ્યા હતા, ત્યાં એક જગાએ અચાનક એમની નજર થંભી ગઇ. તા. ૭મી જાન્યુઆરીએ ખેલાએલી રેસનું પરિણામ ત્યાં છાપેલું હતું! તિવારીને પહેલાં તો પોતાની આંખ પર પણ વિશ્વાસ ન બેઠો, પરંતુ સામે પડેલી હકીકત ખોટી ઠરાવી શકાય તેમ નહોતું. છાપાના હેવાલમાં પડેલી દોડમાં 'રીસી' નામનો ઘોડો પહેલો આવવાનું લખ્યું હતું.

આ કઈ રીતે શકય હતું એ પર લાંબો વિચાર કરી શકે તે પહેલાં તો ડ્રાઈવરે ટૅક્સી થોભાવી. મેદાન આવી ગયું હતું.

ડ્રાઈવરને ભાડું ચૂકવી તિવારી મેદાન ભણી આગળ વધ્યા ત્યાં તો એક ઓળખીતાએ એમની સાથે થઈ જઈ સવાલ કર્યો, 'હલ્લો મિ. તિવારી, આજે કયા ઘોડા પર ખેલવાના છો?'

'રીસી પર.' તિવારી બોલ્યા—એમનાથી બોલાઇ ગયું.

'હોપલેસ! કંઇ પાગલ તો નથી થઈ ગયાને?' પેલાએ પ્રશ્ન કર્યો.

'એમ જ સમજી લો.' કહેતા તિવારી આગળ વધ્યા. (અનુ. પૃ ૧૯૦)

હિમાલય સામે હોડ

વિનોદ મેઘાણી



કૅમ્પ ૪ થી ૫ આગળ થઈને અન્નપૂર્ણાનું શિખર જે માર્ગે સર કર્યું તે દર્શાવતું એ શિખરનું આલેખન.

થાકીને લોથપોથ થએલા અને બરછી જેવા ઠંડા પવનથી વીંધાએલા અમે ધીમેધીમે સરકતા એક સીધા ખડક પર પહોંચ્યા. ત્યાંથી આગળ હવે કશું જ ન હતું;—અને—અને અમારી ઉપર પણ કાંઈ જ ન હતું. અમે—હું ને મારો સાથીદાર—માનવ મર્યાદામાં આવેલી ઊંચાઈ વટાવી ગયા હતા, અને બેપગા માનવીની મૂર્ખાઈ પર સદા હસતા રહેલા હિમાલયના એક ઉચ્ચ સેનાપતિને અમે જીવતો કેદ પકડ્યો હતો. એનું નામ હતું અન્નપૂર્ણા!

દુનિયાના પરાજિત માનવીઓની હાંસી કરતા હિમાલયના ૨૬,૦૦૦ ફૂટ કરતાં ઊંચાં શિખરોમાંના એક પર અમે વિજય મેળવ્યો હતો. ૧૯૫૦ની ફ્રેન્ચ પર્વત-આરોહક ટુકડીના અમે બે સભ્યો હતા—લૂઈ લૅકેનલ અને મૉરિસ હર્ઝોગ. મૉરીસ અમારી ટુકડીનો મોવડી હતો તેને Honour of Franceના મોટામાં મોટા ઈલ્કાબનું માન મળ્યું હતું. પરંતુ તેની સિદ્ધિ એ ઈલ્કાબ કરતાં પણ ચડિયાતી હતી.

દુનિયાનો સરતાજ હિમાલય અને ૨૬,૦૦૦થી વધુ ઊંચાઈવાળાં તેનાં શિખરો તેના સર્જનકાળથી અપરાજિત રહ્યાં છે ને જગતની અનેક પ્રજાઓએ તેને સર કરવાના પ્રયત્નો કર્યા છે. અમને તિબેટ તરફથી ચડવા માટે પરવાનગી ન મળી. અને ભારત તથા પાકિસ્તાન પોતાની વિચારણામાંથી ઊંચાં આવે તે પહેલાં ૧૯૪૯માં હિંદની ઉત્તરે આવેલા અને એ જ નગાધિરાજની ગોદમાં છુપાએલા નાનાસરખા નેપાલના મહારાજાએ ફ્રાન્સના એલચી દ્વારા આવા ચડાણ માટે અમને મંજૂરી આપી અને પોતાનો આનંદ પણ વ્યક્ત કર્યો.

આ તરફ ફ્રાન્સમાં એ સાહસ માટેની તૈયારીનાં યંત્રો ઝડપથી ચાલવા લાગ્યાં અને ફ્રાન્સની સરકારે જરૂરી ખર્ચનો ત્રીજો ભાગ આપવાનું મંજૂર કરીને એ યંત્રોનો વેગ બેવડાવ્યો.


હજારો ઉમેદવારોમાંથી નવ જણા ચુંટાયા. જેમાં મને પણ તક મળી. તેના નેતા તરીકે આલ્પ્સ પર ચડવાના અનુભવી અને એન્જિનીઅરિંગમાં નિષ્ણાત એવા મૉરિસ હર્ઝોગની વરણી થઈ. તેમની ઉંમર ૩૧ વર્ષની હતી. બીજા પાંચ જણાએ તો હજી પૂરી પચ્ચીસી પણ વટાવી ન હતી. તેમાં હું (લૂઈ લૅકેનલ), લાયોનેલ ટેરે, ગેસ્ટન રૅબફૅટ, જીન કૂઝી અને માર્શલ શાત્ઝ હતા. ડૉ. જૅક્સ આઉડોટને ટુકડીના ડૉક્ટર તરીકે નીમવામાં આવ્યા.

૧૯૫૦ની સાલ હતી અમે એપ્રિલની અધવચ્ચે નેપાલની સરહદ પરથી પ્રવાસ શરૂ કર્યો. અમારી સાથે થોડા મજૂરો અને ચાર ટન જેટલો અમારો સામાન હતો; અને સામે બરફથી ઢંકાએલો અડગ હિમાલય હતો. પરંતુ તેથી યે ભયંકર તો તેની રાતદિન ચોકી કરતાં જંગલો હતાં. દિવસોના દિવસો સુધી જંગલો પસાર કરતી અમારી વણઝાર ચાલી અને અંતે અમને અમારી ઝંખિત વસ્તુ દેખાઈ. હજી તે અમારા હાથમાં ન હતી, પણ અમારી પાસે હોવાનો સંતોષ સર્વેના મુખ પર ફરકતો હતો.

પરંતુ આ સંતોષ તો ત્યાં પહોંચવાનો રસ્તો શોધવાની મગજમારીની ભૂલભુલામણીમાં અટવાઈ પડ્યો. જે થોડા નકશા પ્રાપ્ત હતા તે નિરુપયોગી હતા. ખીણમાં રહેલા નેપાલીઓ તો 'એ દેવનું થાનક છે' એ સિવાય કશું જાણતા ન હતા. ઉતાવળ પણ કરવાની હતી, કારણકે આવો પ્રયત્ન કરવાનો ટૂંકો ગાળો શિયાળુ બરફ ઓગળે અને વરસાદ આવે તે વચ્ચેનો હતો. વાયુશાસ્ત્રી પણ હિમાલયની મદદે ચડીને પુકારતો હતો કે મેના અંતમાં વરસાદ શરૂ થઈ જશે.—અને અમે ઊપડ્યા ત્યારે મેની શરૂઆત હતી.

અન્નપૂર્ણાની કેટલી યે વાર પ્રદક્ષિણા કર્યા પછી મહામહેનતે અમે ઉપર જવાનો રસ્તો શોધી શક્યા. બધી સાધનસામગ્રી અન્નપૂર્ણાની તળેટીમાં અમારી ચડવાની જગ્યા પાસે લઈ આવ્યા. અમારી સામે બરફથી ઢંકાએલો બે માઈલ ઊંચો હિમાલય હતો, ને અમારી પાસે હતાં ફક્ત ત્રણ અઠવાડિયાં.

ચડાણની શરૂઆતમાં જ શરીર ભાંગી નાખે તેવું છાવણીઓ નાખવાનું કામ શરૂ થયું. ઉપર જવામાં ને પાછા ઊતરવામાં અને ફરી



અન્નપૂર્ણાના શિખર પર પહોંચવા માટે નાખેલી છાવણીઓ (નં. ૧ થી ૫) અને ચડાણનો માર્ગ (ટપકાંવાળી લીટીથી) દર્શાવતું આલેખન. નં. ૬ એ અન્નપૂર્ણાનું ૨૬,૪૯૩ ફૂટ ઊંચું શિખર છે. તેનો નિકટનો દેખાવ આ લેખને મથાળે આપ્યો છે.



કેટલાંક ચડાણ કેવાં કપરાં હતા તે છાતીસમો
એક ખડક ચડતાં મૉરિસનું આ ચિત્ર દર્શાવે છે.

ખોરાક સામગ્રી ઉપર પહોંચાડવાના આંટાફેરામાં દિવસ પર દિવસ વીતવા લાગ્યા. પહેલી છાવણી તો તળેટીથી ૨,૦૦૦ ફૂટ ઊંચે જ નાખી. બીજી, બીજા ૨,૫૦૦ ફૂટ ઉપર. પછી અમે બધા પાછા નીચે આવ્યા ત્યારે મૉરિસ ઉપર જઇને ત્રીજી છાવણી નાખવાની જગ્યા શોધી આવ્યો. એ ત્રીજી છાવણી ૨૧,૦૦૦ ફૂટ ઊંચે થઈ.

હજી સુધી તો હવામાનની મહેરબાની હતી, પણ તેનો વિશ્વાસ ન જ કરી શકાય. ખરો ભય તો હવામાન કરતાં પણ ઉપરથી તૂટી પડતા બરફના ખડકોનો હતો.

બીજી છાવણી નાખીએ તે પહેલાં તો હવામાનનું ચક્ર પણ ફર્યું અને તેણે અમારી મુશ્કેલીઓ વધારવામાં એ તૂટી પડતા ખડકોને સાથ પુરાવ્યો. પર્વત પર ગાઢું ધુમ્મસ રહેતું અને બરફ તો ચોવીસે કલાક વરસતો. અમારામાંના અથાક પરિશ્રમી અને મહાન આશાવાદી મૉરિસે પણ જો હવે બે દિવસ વધારે આવી પરિસ્થિતિ ચાલુ રહે તો પ્રવાસ પડતો મૂકવાનું નક્કી કર્યું.

પરંતુ અન્નપૂર્ણાએ જાણે મૉરિસના નિર્ણયોમાં ભંગ પડાવવાના સોગંદ લીધા હોય તેમ આવી આબોહવા બંધ કરી. બરફ વરસતો અટકી ગયો. પવન સાવ પડી ગયો. આંખને આંજી દેતો સૂર્ય ઝગઝગી ઊઠયો અને ફરી એકવાર મેઘધનુષ્યના સપ્તરંગોથી પ્રકાશિત હિમાલયના બરફ પર અમારી વણઝાર ચાલી નીકળી. આખરે ૨૨,૭૦૦ ફૂટ ઊંચે શિવના ધનુષ્યની કમાન જેવા બરફના ખડક પર ચોથી છાવણી નંખાઈ. અને તે જ વખતે તળેટીના કૅમ્પમાં રેડિયો સંદેશો ઝીલાયો : 'ચોમાસું મારમાર કરતું કલકત્તા સુધી પહોંચી ગયું છે!'

અત્યાર સુધી અમે બબ્બેની ટુકડીમાં ચડતા હતા. હવે હું અને મૉરિસ ટુકડી નં. ૧માં ફેરવાઈ ગયા અને થોડા જ વખતમાં અમે ૨૪,૩૦૦ ફૂટ ઊંચે પાંચમી છાવણી નાખી.

રાત્રી આવી અને ગઈ અને સાથેસાથે અસહ્ય વાવાઝોડું પણ એંજરની જેમ સૂસવતું પસાર થઇ ગયું. હવે તો ફક્ત ૨૨૦૦ ફૂટ અને અન્નપૂર્ણા ! ! અમારા સાથીઓ પણ અમારી પાછળ અમારાં પગલાં દબાવતા આવી પહોંચતા હતા.

દિવસ પ્રકાશમાન હતો, છતાં બરફનાં વાદળો અમારા ચહેરા પર અવારનવાર ઝાપટાં મારવાનું ભૂલતાં નહિ. કલાક પછી કલાક અમે ચાલ્યા જ કર્યું. પગલે પગલે અમારા પગ પાતળાં પડવાળા બરફના ભૂકાની અંદર ખૂંપી જતા હતા અને સાથેસાથે અમારો શ્વાસ પણ ઊંચે ચડી જતો હતો! અમારાં કાળજાંમાં બળતરા ઊઠતી હતી. દરેક ૫૦ પગલે અમે નેતાગીરીની અદલબદલ કરી લેતા.

અમારા દેહ સૂર્યનાં અસંખ્ય કિરણોમાં જાણે ડૂબતા હતા. અમારાં માથાં પર સળગતી સગડીઓ મૂકી હોય તેમ તે બળતાં હતાં, તો બીજી તરફ ઠંડીને લીધે અમારાં કપડાં કડક બની ગયાં હતાં, અને મોજાંની અંદર છુપાએલાં હાથપગનાં આંગળાં થીજી ગયાં હતાં. અર્ધ બેભાન જેવા અમે બંને થોડીથોડી વારે શ્વાસ લેવા અટકતા, પણ ઑક્સીજન ખૂબ જ થોડો મળતો હતો. મિનિટો કલાકો જેવડી લાગતી અને કલાકો તો અકલ્પ્ય એવી અનંતતામાં ડૂબતા લાગતા.

થોડા કલાકો પછી અમને અમારી સામે ટેલીવીઝનના પડદા પર નાચતા ઓળા જેવું અન્નપૂર્ણાનું શિખર દેખાયું ! તેની પાસે જઇને જોયું તો શિખરની નીચેનો એક ખડક સાવ સીધો હતો. હિમાલયે અમારી સામે જાણે વિનાશક હોડ માંડી હતી. પણ ના, એ પણ અભિમાનમાં થોડુંક ભૂલ્યો. ખડકની એક બાજુની જરા ખરબચડી સપાટી તેને પોતાની મહત્તાના ગર્વ આડે નહિ દેખાઈ હોય ! એક પગલું—બીજું પગલું—અને ત્રીજું ! અને અન્નપૂર્ણા સર ! !

સદીઓ થયાં ગર્વથી મલકી રહેલા અન્નપૂર્ણાના સોનેરી શિખર પર અમને વિજય મળ્યો. પરંતુ હારેલો હિમાલય હજી પણ તરફડતો હોય તેમ પોતાનું છેલ્લું જોર અજમાવતો હતો જાણે બુઝાતા દીપકનો છેલ્લો ચમકારો. મૉરિસે પોતાની બૅગ ખોલી તેમાંથી ફ્રાન્સનો નાનકડો વાવટો બરફ ખોદવાની કોદાળીના હાથા પર ચડાવ્યો અને મારા હાથમાંના કૅમેરાએ એ અદ્ભુત દૃશ્યને અંકિત કર્યું.

થોડી જ વારમાં અમે બંને થાક અને શરીરને વીંધતા, સૂસવતા, પવનથી બેવડ વળી જઇને નીચે ઊતરતા હતા. અમારાં શરીર ને મગજ બેશુમાર થાક તથા ઑક્સીજનના અભાવને લીધે બહેર મારી ગયાં હતાં. અચાનક મૉરિસના હાથ તરફ જોતાં મારાથી ચીસ પડાઈ ગઈ: 'મૉરિસ ! મૉરિસ !' તેણે પાછું વળીને પ્રશ્નાત્મક દૃષ્ટિથી જોયું, અને મેં બતાવ્યું કે તેણે તેનાં હાથનાં મોજાં પવનમાં ખોયાં હતાં!

આવી દશામાં આગળ ચાલતાં અમને અમારી રાહ જોતા ટેરે અને રેબફ્ફાટ મળ્યા. હવે તો મૉરિસના હાથ ને મારા પગ સાવ નિષ્ક્રિય બની ગયા હતા. આખી રાતની સતત મહેનત પછી ટેરે ને રેબફ્ફાટ અમારું લોહીનું અભિસરણ ચાલુ કરી શક્યા. (અનુ. પૃ૦ ૧૯૦મે)

અવાજ અને વાચા

પ્રાણીમાત્રમાં માનવીને સર્વોપરી સ્થાન અપાવનાર

એ અંગ વિષેનો 'કાયાની કરામત'નો ૩૨મો હપતો

લેખક • ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

માનવી પોતાના મનના ભાવો અને ઊર્મિઓ ઘણી રીતે વ્યક્ત કરે છે. આમાં હાવભાવ–ઇશારા, અવાજ, વાચા, ચિત્રણ ને લેખન વગેરે ક્રિયાઓનો સમાવેશ થાય છે.


શ્વાસ લેતાં કરોડવાળાં બધાં પ્રાણીઓના (પક્ષીઓ સુદ્ધાંના) શ્વસનતંત્રના કોઈક ભાગમાં અવાજ પેદા થવાની કરામતો યોજાએલી છે. ઘણાં પ્રાણીઓમાં અવાજ પેદા થતી વખતે કે ત્યાર બાદ એમાં અનેક રીતે રૂપાંતર કે ફેરફાર યોજાય છે. માનવીમાં મગજની આજ્ઞાનુસાર થતું આવું રૂપાંતર તે વાચા છે.

અવાજનો અવયવ કંઠનળી (Larynx) છે. આપણે આગળ જાણી ગયા છીએ કે શ્વાસનળી ઉપર આવેલી કંઠનળી કૂર્ચાઓ(cartilage)ની બનેલી છે. ત્રિકોણાકાર પેટી જેવી એ કંઠનળીની બનાવટમાં ચાર કૂર્ચાઓ આવેલા છે: (૧) કંઠકૂર્ચો (Thyroid cartilage); (૨) મુદ્રાકાર કૂર્ચો (Cricoid cartilage) અને બે ત્રિકોણાકાર કૂર્ચાઓ (Arytenoid cartilages).

મુદ્રાકાર કૂર્ચાની એક ધાર ઉપર બે ચપટા ટુકડાઓનો બનેલો સૌથી મોટો કંઠકૂર્ચો પાછળથી છૂટો અને આગળથી એકબીજા સાથે જોડાઇને આવેલો છે, જે ગળાની મધ્યમાં હૈડિયો કે કંઠમણિ રૂપે આપણી નજરે પડે છે. કંઠમણિના પાછલા પોલાણમાં બે ત્રિકોણાકાર કૂર્ચાઓ મુદ્રાકાર કૂર્ચા સાથે સાંધારૂપે ગોઠવાએલા છે. આ સાંધો નાજુક માંસપેશીઓથી હાલતો હોવાથી અવાજના ઉત્પાદનમાં અતિ મહત્ત્વનો ભાગ ભજવે છે. આ બે પાછળના કૂર્ચાઓ તેમજ આગળના કંઠકૂર્ચાને જોડીને બે અતિ સ્થિતિસ્થાપક સ્વરતંતુઓ(vocal cords)ના પટ્ટાઓ શ્વાસમાર્ગના પોલાણ પર આડા પડેલા છે.


સ્વરતંતુઓના આ બે પટ્ટા વચ્ચે પોલી રહેતી જગ્યાને સ્વરદ્વાર (Glottis) કહે છે. ત્રિકોણાકાર કૂર્ચા સાથે સોળ નાજુક ને ટચૂકડી માંસપેશીઓ જોડાએલી છે. આ માંસપેશીઓની કામગીરી અનુસાર કૂર્ચા હાલતાં સ્વરતંતુઓ ઢીલા કે તંગ બને છે. વળી આ કૂર્ચા એવા સ્થળે ગોઠવાએલા છે કે જેના હલનથી સ્વરતંતુઓ નિશ્ચિત હદે તંગ બનવાથી સ્વરદ્વાર અમુક કોણ ઉપર રહી ઊઘડે છે. આ રીતે એને ૧૭૦ પ્રકારની સ્થિતિઓ (positions) પ્રાપ્ત થઈ શકે છે.

નિરાંતે થતી શ્વાસોચ્છ્વાસની ક્રિયામાં સ્વરદ્વાર પહોળું અને ત્રિકોણાકાર સ્વરૂપનું હોય છે. જોકે અંદર શ્વાસ લેતી વખતે તે જરાક પહોળું અને ઉચ્છ્વાસ વખતે થોડું સાંકડું બને છે. ઝડપી અને ઊંડા શ્વાસ લેતી વખતે તે ખૂબ પહોળું અને લૉઝેન્ઝ (વક્રચતુષ્કોણ) ઘાટનું બને છે. છીંક અને ઉધરસમાં શરૂઆતમાં ટૂંકો શ્વાસ લેતી વખતે સ્વરતંતુઓ અડોઅડ આવીને ઊભવાથી કંઠનળી ઢંકાઈ જાય છે, પણ ઉચ્છ્વાસ વખતે અંદરની હવા ધસારાબંધ બહાર નીકળવાથી સ્વરતંતુઓ આઘા ખસી જાય છે. હીસકારા(note) કે ઊંચે સ્વરે ગાતી વખતે પણ સ્વરતંતુઓ એકબીજા પાસે આવી જવાથી સ્વરદ્વાર લાંબા ચીરા જેવું સાંકડું બની જાય છે.




કંઠનળીમાંના વિવિધ કૂર્ચા—કામચલાઉ તેની સંયોજિત રચનાનું ચિત્ર પાછલે પાને

હવે અવાજ કેવી રીતે ઉત્પન્ન થાય છે એ જોઇએ. ઉદરપટલ અને પાંસળીઓ વચ્ચેની માંસપેશીઓની નિયત ગતિથી ચોક્કસ પ્રમાણમાં હવા શ્વાસનળીમાં ઉપર ધકેલાય છે, જે કંઠનળીમાંથી બહાર નીકળતી વખતે સ્વરતંતુઓ ઉપર અથડાય છે. આથી સ્વરતંતુઓમાં કંપન થાય છે: ઢોલ ઉપરનું તંગ ચામડું જેમ ધ્રૂજે એમ. સાથેસાથે બહાર નીકળતી હવાના જથ્થામાં પણ કંપન થાય છે. આ કંપન આપણે અવાજ કે ધ્વનિ રૂપે સાંભળીએ છીએ. જ્યારે સ્વરતંતુઓ એક સેકન્ડમાં ૮૦ વાર કંપન પામે ત્યારે કંપનનો વિસ્તાર મોટો હોવાથી અવાજનાં લાંબાં મોજાં જન્મે છે જે આપણે ગંભીર અવાજ (deep tone)રૂપે સાંભળીએ છીએ. સ્વરતંતુઓ સખત રીતે તંગ હોય ત્યારે ઝડપી કંપન થવાથી સેકન્ડમાં હજાર જેટલાં ટૂંકાં મોજાં પેદા થાય છે, જે આપણે તીણા કે ઊંચા સ્વર રૂપે સાંભળીએ છીએ. સ્વરતંતુઓનું તંગપણું જેટલા પ્રમાણમાં વધેઘટે તે મુજબ



જુદાજુદા પ્રકારના સ્વર કાઢતી વેળા કે વિવિધ શ્વાસોચ્છ્વાસ વખતે આપણી કંઠનળી તથા સ્વરદ્વાર કેવાં દેખાય છે તે ઉપરના આલેખનમાં દર્શાવ્યું છે. જેમકે ઊંચો સ્વર કાઢતી વખતે આપણા ગળામાંનું સ્વરદ્વાર તદ્દન સાંકડું થઇને ઊભા ચીરા જેવું બની જાય છે તે મથાળાના ચિત્રમાં જમણી બાજુ દર્શાવ્યું છે, અને તેને પડખે-ડાબી બાજુ એ સ્વરદ્વાર કંઠનળીમાં કેવારીતે આવેલું છે તે દર્શાવ્યું છે. એ જ રીતે નીચેનાં બે ચિત્રોમાં એમની બે વિવિધ સ્થિતિઓ બતાવી છે



આ પાછળને પાને દર્શાવેલા ત્રણ પ્રકારના કૂર્ચાઓથી બનેલી કંઠનળીનાં, આગળથી તથા પાછળથી એમ બે દર્શન ઉપરના ચિત્રમાં આપ્યાં છે, તેમાં જમણી બાજુના (પાછળથી દેખાતા) દર્શનમાં એ કૂર્ચાઓ એકબીજામાં કેમ બેસી ગયા છે તે દર્શાવવા ઉપરાંત હાડિયો, ગળજીભી ને સ્વરદ્વાર વગેરે તેમાંનાં ઉપાંગો પણ દર્શાવ્યાં છે.

અવાજના બધા પ્રકારના વિસ્તારનો આધાર છે. આમાં ગળજીભી એટલો ભાગ ભજવે છે કે તે જ્યારે કંઠનળીની ઉપલી ધાર ઉપર આડી પડી હોય ત્યારે અવાજ ગંભીર અને ઘેરો બને છે.

અવાજ ત્રણ રૂપ પકડે છે: એક તો બોલવામાં વપરાતી એકધારી સ્વરકોટિ; બીજું, રડતાં કે કામેચ્છા પ્રદર્શિત કરતાં પ્રગટ થતા ઊંચા કે મંદ સ્વર; અને ત્રીજું, નિયત સંખ્યાના કંપનવાળા સંગીતના સ્વર. જાણવા જેવું છે કે સ્ત્રી અને પુરુષના અવાજમાં તફાવત સ્વરકોટિ(pitch)નો છે. આમાં સૂર(tone or timber ગુણ, રૂપ)ને પણ ગણતરીમાં લેવાનો છે. સ્ત્રીઓમાં તે મૃદુ હોય છે. માણસે માણસે અવાજમાં જો કંઇ ફેર હોય તો તે સૂરનો છે. જેમ સરખી મુખાકૃતિવાળા માણસો જવલ્લે જ જોવા મળે છે તેમ માણસોના સૂર પણ એક જાતના નથી હોતા. આથી જ અંધો માણસને અવાજ ઉપરથી સહેલાઈથી ઓળખી શકે છે. સ્વરવિજ્ઞાનની દૃષ્ટિએ પુરુષના અવાજના બે પ્રકાર છે: Bass અને Tenor; સ્ત્રીઓના આવા બે પ્રકાર Contralto અને Soprano છે. દરેક એકબીજાથી સૂરમાં જુદા પડે છે.

સ્ત્રી અને પુરુષના અવાજની સ્વરકોટિના તફાવતનું કારણ સ્વરતંતુઓની લંબાઈ છે. પુરુષમાં તે ૯/૧૦ ઇંચ લાંબા અને સ્ત્રીઓમાં ૧/૨ ઇંચ લાંબા છે. અને સૂરના તફાવતનું કારણ પુરુષોની કંઠનળી મોટી અને આગળથી વધારે લઘુકોણ આકારની હોય છે તે છે. જોકે આ બાબતમાં સંધિબંધનો, આંતરત્વચા અને કૂર્ચા વગેરેની કશીક વિશિષ્ટતા હોવાનું પણ સ્વીકારવામાં આવે છે.

છોકરાઓના સ્વરતંતુઓ સ્ત્રીઓના જેટલી જ લંબાઈના હોય છે. આમાંથી હવાનાં મોજાં ટૂંકાં ઉત્પન્ન થવાથી અવાજ તીણો હોય છે, જે સ્વર વિજ્ઞાનની દૃષ્ટિએ alto અને soparno નામના છે. સ્વરકોટિ સ્ત્રીઓના જેવી જ, પણ સૂરમાં ફેર હોય છે. પણ યૌવનાવસ્થાના વિકાસકાળ વખતે કંઠનળીના આકારમાં થતા ફેરફારો દરમિયાન અવાજ 'ફાટે છે.' તે અસ્પષ્ટ ઘોઘરો કે તરડાઈ જતો અને છ જે મહાવરાથી નવો સૂર આવતાં સુધી ગાવા માટે નકામો નીવડે છે. યૌવનાવસ્થામાં પ્રવેશતાં પહેલાં શુક્રગ્રંથી કાઢી નંખાએલા હીજડાઓના અવાજમાં ઉપર દર્શાવ્યા મુજબનો કશો ફેરફાર થતો નથી.

વૃદ્ધોના અવાજમાં સૂરની કમીના હોય છે તેના કારણરૂપ કંઠનળીના કૂર્ચાઓમાં કૅલ્શ્યમનું જામી જવું અને સ્વરતંતુઓમાં થએલા ફેરફારો છે. માંસપેશીઓનો કાબૂ અને જ્ઞાનતંતુની શક્તિ નષ્ટ થવાથી અવાજની સ્થિરતા નાબૂદ થાય છે તેથી વૃદ્ધોનો અવાજ અશક્ત, ધ્રૂજતો, બેં બેં કરતો અને સૂરવિહીન હોય છે.

સંગીતની દૃષ્ટિએ કંઠનળી વાયોલિન અને વાંસળીના મિશ્રણવાળું અદ્ભુત અને અપાર્થિવ વાદ્ય છે. આ બનેલું છે કૂર્ચા, માંસપેશીઓ અને ઝીની આંતર ત્વચાનું. ઉપરાંત એમાં પ્રતિધ્વનિ પાડનારી દીવાલો અને હવાખાનાં (sinuses) પણ છે. આ છે શ્વાસનળી, ફેફસાં, છાતીનું પોલાણ, ભમર, નાક અને ગાલ ઉપરનાં હવાખાનાં. આ પડઘા પાડનારી જગ્યાઓનાં કદ અને આકાર ઉપર અવાજની હલક વળાંક અને વિસ્તારનો આધાર છે. આ ઉપરથી સમજાશે કે સંગીત એ કાંઈ એકલી કંઠનળીનું કાર્ય નથી, પણ એમાં નીચે ઉદરપટલથી માંડી ઊંચે ભમર ઉપરનાં હવાખાનાં સુધીના બધા અવયવોનો ઉપયોગ થાય છે.

વાચા

કંઠનળીમાંથી સંગીતના સૂર પેદા થાય છે તો સ્વરદ્વાર અને નાકમાં વચ્ચેના પ્રદેશમાંથી બીજા અવાજો પેદા થાય છે. જે તાળવું, જીભ, દાંત અને હોઠ વગેરેમાં અથડાવાથી ધ્વનિ ઉત્પન્ન કરે છે. આ ધ્વનિને માનવીએ મગજની દોરવણી હેઠળ એકઠા કર્યા બાદ પદાર્થો, ક્રિયાઓ વગેરે ઓળખવા માટે પ્રયત્નભેદે ઉચ્ચાર્યા. આમાંથી વાચાનો (અને ભાષાનો પણ) જન્મ થયો.

પૃથ્વી ઉપરનાં બધાં પ્રાણીઓમાં માનવીને સર્વોપરી બનાવનારી ત્રણ બાબતો છે: ટટ્ટાર ચાલવું, આંગળાં ને અંગૂઠાનો ઉપયોગ અને વાણી. ખરેખર, માનવીને વાણી રૂપી અમૂલ્ય બક્ષિશ મળેલી છે. પણ આપણને સહજ જિજ્ઞાસા થાય કે વાણીમાં માનવી પ્રથમ કયો શબ્દ બોલ્યો હશે? વર્ણમાળા યોજાતાં કેટલા પ્રયત્નો અને અખતરાઓ થયા હશે? કેટલો કાળ વીત્યો હશે?

આ અંગે શ્રીમદ્ભાગવતમાં કથન છે કે 'સૃષ્ટિના આદિ કર્તા બ્રહ્માએ લોકો હળીમળીને રહે એ માટે ચાર વેદો ઉત્પન્ન કર્યા.... ૐકાર તેમના હૃદયમાંથી ઉત્પન્ન થયો....વળી ક થી પ્ સુધીમાં ૨૫ સ્પર્શ-વ્યંજનો તેમના જીવરૂપ છે. અ વગેરે સ્વરો તેમનું શરીર છે. શ્ ષ્ સ્ હ્ એ ઉષ્માક્ષરો તેમની ઇંદ્રિયો છે અને ય્ ર્ લ્ વ્ એ ચાર અંતઃસ્થ અક્ષરો એમનું બળ કહેવાય છે.'

યોગશાસ્ત્ર પણ ૐની પ્રથમ ઉત્પત્તિ માને છે. ૐ માં અ ઉ મ એ ત્રણ વર્ણો સમાએલા છે. આમાં પ્રથમ વર્ણ અ છે. ગીતામાં પણ અક્ષરાણામકારોऽस्मि (૧૦-૩૩) કહ્યું છે. પશ્ચિમના ભાષાશાસ્ત્રીઓ પણ સ્વરોની ઉત્પત્તિ પ્રથમ થએલી માને છે. વળી ઘણી ખરી ભાષાઓમાં પહેલો વર્ણ અકાર હોય છે. એટલે એમ માની શકાય કે માનવીએ ઉચ્ચારેલો પહેલો શબ્દ અ હશે.

વાચાના બે પ્રકારો છે: સ્વર અને વ્યંજન. કંઠનળીમાંથી ઉચ્ચારાતી વાચાને સ્વર કહેવામાં આવે છે. જ્યારે કંઠનળી ઉપરથી માંડી તે નાક-મોં સુધીના પ્રદેશના કોઈ પણ ભાગની ઉચ્છ્વાસની હવાના પ્રવાહને અટકાવવાથી વ્યંજન ઉચ્ચારાય છે.

શબ્દો ઉચ્ચારાતી વખતે મોંનો ખાસ આકાર થાય છે. જીભ અને હોઠ પણ શબ્દો પ્રમાણે ગતિમાન થાય છે. બોલતી વખતે પેટની દીવાલ જરા તંગ બને છે. ઉદરપટલ જરા ઊંચો જઈ ઉપર પડતું દબાણ કરે છે, જેથી હવા શ્વાસનળી ભણી ધકેલાઈ મોં વાટે બહાર નીકળે છે. આ હવા કંઠનળીમાંથી પસાર થતી વખતે કંપતા સ્વરતંતુઓ સાથે અથડાવાથી તે ધ્રૂજવા માંડે છે, જે ઉચ્ચારની

સ્પષ્ટતા ને મોટાનાનાપણા ઉપર અસર કરે છે. હવાના આ પ્રવાહનો, તાળવું જીભ દાંત ને હોઠોની ગતિ અનુસાર ગતિભંગ થવાથી શબ્દોચ્ચાર થાય છે.

આપણાં શાસ્ત્રોમાં વાણીના ચાર પ્રકાર આલેખાએલા છે: પરા, પશ્યંતી, મધ્યમા ને વૈખરી. પહેલા ત્રણ પ્રકારની વાણી અવ્યક્ત છે કારણ કે તેમનાં ઉત્પત્તિસ્થાન અનુક્રમે મગજ, નાભિ અને છાતી છે. છેલ્લી વૈખરી વાણી—જે આપણે બોલીએ અને સાંભળીએ છીએ તેનું સ્થાન મોં છે. આનો અર્થ એમ ઘટાવાય કે મન મગજના વાચા-કેન્દ્રને પ્રેરે છે. વાચા પ્રથમ મનમાં ઉદ્ભવી. આ થઇ પરા-વાણી. તે ઉચ્ચારવા માટે પેટ તંગ બને છે ને ઉદરપટલ ઉપરની બાજુ દબાણ કરે છે. આ પશ્યંતી-વાણીનું સ્થાન છે. પછી હવા શ્વાસનળી ને કંઠનળી ભણી ગતિ કરી સ્વરતંતુ ઉપર અથડાય છે ત્યારે મધ્યમા-વાણી પ્રગટે છે. અને ત્યાંથી હવાની ધ્રુજારી મોંમાં તાળવું જીભ દાંત ને હોઠ ઉપર અથડાતાં જે ધ્વનિ વિશેષ નીકળે છે તે વૈખરી-વાણી છે.

સામાન્યરીતે જીભને વાચાના સાધન તરીકે માનવામાં આવે છે. વાચાશક્તિમાં જીભનું સ્થાન ગૌણ છતાં અતિ મહત્ત્વનું છે. જીભ વગરના માણસો બરાબર બોલી શકતા નથી ને અવાજ પણ ઘણો બદલાઈ જાય છે. વળી જીભ વતી બોલાતા શબ્દો તો બિલકુલ જ બોલી શકાતા નથી.

બોલતી વખતે જ્યારે કંઠનળીમાંથી હવા બહાર ધકેલતી પેટની માંસપેશીઓ, સ્વરધારની માંસપેશીઓ અને અવાજને વાચામાં ફેરવતી જીભ-તાળવાની માંસપેશીઓની વચ્ચેની સહિયારી કામગીરીમાં સુમેળ ન હોય ત્યારે તોતડું બોલાય છે. ચિંતા, ભય ક્ષોભ અને આત્મવિશ્વાસના અભાવના કારણે આપણે કદીક થોથરાઈએ છીએ ખરા.

હવે આપણને વાચા કેવી રીતે પ્રાપ્ત થાય છે તે જોઇએ. જીવનના શરૂઆતના મહિનાઓમાં ભૂખવેદના, બેચેની કે એકલવાયાપણું દર્શાવવા આપણી પાસે ફક્ત એક જ વાચા છે. અને તે છે રુદન. આ સમયે મગજનાં ચેતનાકેન્દ્રો (sensory areas) વિકસેલાં નથી હોતાં એટલે બાળક જોઈ કે સાંભળી શકતું નથી. ચાર છ મહિનાની ઉંમરે બાળક માને જોઇ ઓળખવા માંડે છે. આ જોઈ માતા પોતાનું ઓળખાણ આપવા કાજે બાળક સમીપ 'બા બા' શબ્દો વહાલથી બોલે છે. શરૂમાં તો બાળક કંઈ સાંભળી શકતું નથી, પણ ધીમેધીમે તેની શ્રવણશક્તિ ખીલતાં તે 'બા' શબ્દ સાંભળે છે. વ્હાલસોયી માતા બાળક સામું જોઇ 'બા બા' બોલ્યા કરતી રહે છે. આમ થવાથી બાળકના મગજમાં દૃષ્ટિકેન્દ્ર અને શ્રવણકેન્દ્ર વચ્ચે બાની છબિ અને એના અવાજના સંધાતક તંતુઓ વિકાસ પામે છે. જેથી બાળક માને જુએ કે તરત જ તે 'બા' શબ્દ પણ યાદ આવે છે.

બાળકને બોલતું સાંભળવાની આતુરતાવાળી માતા બાળક સમીપ વારંવાર ટૂંકા અક્ષરો બોલતી રહે છે. સાથેસાથે મોં અને હોઠના ખાસ આકારો પણ યોજે છે. બાળક આનું અનુકરણ કરે છે. પરિણામે મગજના લમણાના ભાગમાં વાચા-કેન્દ્ર ખુલે છે.

અહીં જે શબ્દો બને તે ઉચ્ચારવા બાળકના વારંવારના પ્રયત્નોના કારણે બીજા સંધાતક તંતુઓ પેદા થાય છે. જે સ્વરકેન્દ્ર કહેવાય છે. આ કેન્દ્ર કંઠનળી અને મોંની માંસપેશીઓ ઉપર કાબૂ ધરાવે છે. આ પછી માને જોતાં વેંત બાળકમાં જે ઉત્તેજના થાય છે તે દૃષ્ટિ, દૃષ્ટિસ્મૃતિ, વાચા, શબ્દસ્મૃતિ અને સ્વર આ બધાં કેન્દ્રોમાંથી પસાર થતાં બાળક 'બા' શબ્દ બોલે છે.

દસ મહિનાની ઉંમરે બાળક બરાબર સમજણ પડે એવો સ્પષ્ટ શબ્દ બોલી શકે છે. બાર મહિનાની ઉમ્મર સુધીમાં બે-ચાર શબ્દો બોલવા શક્તિમાન થાય છે. કહેવાય છે કે બાળકના શરૂઆતના શબ્દો ઉદ્ગાર (આશ્ચર્ય)ના હોય છે. પછી વસ્તુનાં નામ, ક્રિયા બતાવતા શબ્દો, અવ્યય અને ગુણવાચક શબ્દો બોલતાં શીખે છે. જાણવા જેવું છે કે બાળક બરાબર ચાલતાં ન શીખે ત્યાં સુધી તેની વાચા ખીલતી નથી; કારણ ઉઘાડું છે કે તે જ્યારે ચાલતાં શીખતું હોય ત્યારે બોલતાં શીખવામાં શી રીતે ધ્યાન આપી શકે? છોકરાઓ કરતાં છોકરીઓ જલદી અને વહેલી બોલતાં શીખે છે. આથી જ શું સ્ત્રીઓ જીવનપર્યંત ભારે વાચાળ રહેતી હશે?

અભિનવ શાકુંતલમાં કવિ કુલગુરુ કાળિદાસ કહે છે કે:

स्त्रीणामशिक्षितपटुत्वममानुषीषु किमुतयाः प्रतिबोधवत्यः।

(અમાનુષી (પશુપંખી) જાતિની સ્ત્રીઓમાં શિખવાડ્યા વિના પટુતા નજરે પડે છે તો પછી જ્ઞાનશક્તિ ધરાવતી માનવજાતિમાં સ્ત્રીઓ વાચાળ હોય તો તેમાં કહેવાનું જ શું હોય!)

સુભાષિત

अनंत रत्नप्रभवस्य यस्य
हिमं न सौभाग्यविलोपि जातम्।
एको हि दोषो गुणसंनिपाते
निमज्जतीन्दोः किरणेष्विवाङ्कः॥

(અનુવાદ)

જેમાં ભર્યાં રત્ન અનંત એનું સૌભાગ્ય કદી હિમ ના બગાડે,
ઘણા ગુણે દોષ જ એક ડૂબે, ચંદ્રાંક પેઠે બહુરશ્મિ તેજે.

[વિવરણ: મહાકવિ કાલિદાસના 'કુમારસંભવ' કાવ્યમાં હિમાલયને માટે આ શ્લોક આપેલો છે. અનેક ઔષધિ ને અવનવાં સૃષ્ટિસૌંદર્યથી ભરેલા હિમાલયનું સૌંદર્ય કંઇ હિમ-બરફ બગાડે છે? કવિ કહે છે કે ના. અને ઉદાહરણ આપે છે કે અનેક અમૃતમય કિરણોથી ભરેલા ચંદ્રનું સૌંદર્ય જેમ એમાં રહેલું કલંક-ડાઘો નથી બગાડતું તેમ. એટલે ગુણના સંનિપાત (ઢગલા)માં એક દોષ દબાઇ જાય છે એમ કવિનું કહેવું છે. અને દુનિયામાં એવું આપણે જોઈએ પણ છીએ.

આ શ્લોકના વિરોધમાં બીજા કવિએ આ પ્રમાણે શ્લોક લખ્યો છે:


एको हि दोषो गुणसंनिपाते निमज्जतीन्दोरिति यो बभाषे।
नूनं न दृष्टं कविनाऽपितेन दारिद्र्य दोषो गुणराशि नाशी॥

(અનુવાદ)

ઘણા ગુણે દોષ જ એક ડૂબે ચંદ્રાંક પેઠે કહ્યું એમ જેણે,
જાણ્યું નહિ શું કવિ તો ય એણે દારિદ્ર્ય દોષે ગુણ સર્વ નાસે?

આ ઉત્તરમાં પણ ખરી જ વાત કહી છે કે ગરીબાઈથી બધા ગુણ નકામા થાય છે. આ શ્લોકમાં कविना अपि तेन એ શબ્દોને कवि नापितेन એમ પણ લઇ શકાય. એટલે આ કવિએ શ્લોક એવી રીતે લખ્યો છે કે શ્લેષથી વિનોદમાં પહેલા કવિને નાપિત-હજામ કહ્યો છે!

'જાણ્યું નહિ શું કવિ ગાંયઝાએ
દારિદ્ર્ય દોષે ગુણ સર્વ નાસે.' —ર. ભી.]



નારાયણ સરોવર ધર્મશાળા અને ગામનું દૃશ્ય

ભારતભરનાં પાંચ મહાન પવિત્ર સરોવરો પૈકીનું એક

નારાયણસર

આપણા કચ્છમાં આવ્યું એ તમે જાણો છો?


લેખક અને તસ્વીરકાર
રામસિંહજી કા. રાઠોડ

હિંદુ ધર્મશાસ્ત્રોએ ભાતરમાં પાંચ પવિત્ર સરોવરો ગણાવ્યાં છે. ઉત્તરે કૈલાસમાં માનસ, દક્ષિણમાં પંપા, પૂર્વે ભુવનેશ્વરમાં બિંદુ, પશ્ચિમે નારાયણ ને મધ્યમાં પુષ્કર. પશ્ચિમે નારાયણસર એ નામ-માત્રમાં પણ કેવી પવિત્રતાની પ્રતીતિ થાય છે! એ પુરાણું હોઇ પરમ પવિત્ર ગણાય છે એટલું જ લોકપ્રિય રહ્યું છે.

तत्र नारायणसरस्तीर्थं सिन्धु समुद्रयोः।
संगमो यत्र सुमहन्मुनि सिद्ध निषेवितम्॥

શ્રીમદ્ ભાગવતે તીર્થધામ નારાયણસરનો મહિમા ગાયો છે. દક્ષ પ્રજાપતિએ દસ હજાર પુત્રો ઉત્પન્ન કર્યા. હર્યશ્વ નામના આ ભાઇઓને દક્ષે પ્રજા ઉત્પન્ન કરવાની પ્રેરણા આપી ત્યારે તેઓએ પશ્ચિમ દિશામાં પ્રયાણ કર્યું. પશ્ચિમે જ્યાં મુનિઓ અને સિદ્ધોએ સેવેલો એવો સિન્ધુ નદી અને સમુદ્રનો સંગમ થાય છે ત્યાં તેમણે નારાયણસર તીર્થમાં તપ આદર્યું.


સિંધુનાં મુખો દિવસે દિવસે પશ્ચિમ તરફ ખસતાં ગયાં છે. એ સમયે સિંધુનું એક મુખ્ય મુખ કચ્છની કોરી નાળમાં હતું. ઈ. પૂર્વે ૩૨૫માં સિકંદરે સિંધુનું એ પૂર્વમુખ તપાસ્યું ત્યારે ત્યાં 'ક્ષીરસાગર કાંઠે આવેલા મીઠા મેરામણ જેવા આ મહાસરોવરને તીરે આવ્યા'નો ઉલ્લેખ તેણે પ્રવાસનોંધમાં કર્યો છે. શ્રીમદ્ ભાગવતમાં થએલા નારાયણસરના નામોલ્લેખ સહિતની ઉપર કહી તે કથા તે પછીના રચાએલા બ્રહ્મવૈવર્તમાં પણ આપેલી છે; અને વાયુ, વિષ્ણુ વગેરે અન્ય પુરાણોમાં પણ તે કહેલી છે. ભાગવતનો રચનાકાળ નવમા શતક લગભગનો મનાય છે. જેને તીરે વિષ્ણુના આદિનારાયણ સ્વરૂપનું અનાદિકાળથી પૂજન થાય છે એ નારાયણસર તો એ રચાયા પૂર્વે ક્યારનું યે તેની પ્રસિદ્ધિની ટોચે પહોંચ્યું હશે. હજારેક વર્ષ પહેલાં જ્યારે સિંધુનું વહન ખસતુંખસતું વિશેષ પશ્ચિમમાં ગયું ત્યારે આ સરોવરને પણ અસર થઇ. તે ફીટ્યું હશે; અને પછી તો બગડતે બગડતે તે આજના જેવું માત્ર સ્થાનિકનાં નાળાંઓથી ભરાતું નાનું એવું સરાણુ જેવું સ્મરણાવશેષ રહ્યું લાગે છે.



કચ્છમાં નારાયણસરનું સ્થાન દર્શાવતો નકશો

મહાદેવ કોટેશ્વરના મંદિરે જ્યારે નાથ પંથના કાનફટા બાવાઓનું જોર હતું ત્યારે નારાયણસર પણ તેમના વર્ચસ તળે રહ્યું હતું. પછી લગભગ સોળમા શતકની અધવચ્ચે નારણગર નામના અતીતે ગિરનારથી આવી નારાયણસરનો પુનરુદ્ધાર કર્યો. ત્યાં તેણે પગથિયાં સહિતની પાકી પાળ કરાવી, વચ્ચે ઘાટ રખાવ્યા, તેની પાસે ધર્મશાળા અને બ્રહ્મપુરી ચણાવ્યાં અને નારાયણસરનો મહિમા ફરી તેની પુરાણી કક્ષાએ પહોંચ્યો.

વિક્રમની ૧૭૯૦ની સાલ આવી. પૂરી શ્રદ્ધાથી કચ્છની મહારાણી વાઘેલી મહાકુંઅર ગોમતીતટે દ્વારિકાની યાત્રાએ ગઈ. ત્યાં




નારાયણસરમાં ત્રીકમરાયજીનું મંદિર


પંડાઓએ તેને હપઝાડવામાં કાંઈ કમીના ન રાખી. હૃદયદાઝ પામી પાછી વળતી રાણીને જ્યારે ત્યાં મેણું મળ્યું કે 'રણછોડરાયની યાત્રા કરવા તો દ્વારકા સિવાય ક્યાં જશો?' ત્યારે ત્યાં જ રાણીએ દ્વારિકાધીશની પ્રેરણા લીધી ને દ્વારિકાજીનું યાત્રાધામ બીજે ખડું કરવાનું પણ લીધું. અને દ્વારિકાનાં યાત્રાધામો જ્યાં ખડાં થઈ શકે એવું નારાયણસરની પુણ્યભૂમિ જેવું પવિત્ર તીર્થસ્થાન બીજે ક્યાં મળે?

મહાકુંઅર રાજબા મહારાવ દેશળજીનાં રાણી અને કચ્છના કવિ રાજવી રંગીલા રા' લખપતનાં માતા થતાં. દેશભક્ત દીવાન શેઠ દેવકરણના સમયમાં આ રાણીએ નારાયણસરની પાળ ઊંચી અને પૂરી કરાવી અને તેને તટે ત્રીકમરાય, લક્ષ્મીનારાયણ, ગોવર્ધનનાથ, આદિનારાયણ, દ્વારકાનાથ, રણછોડરાય અને લક્ષ્મીજીનાં મંદિરો ચણાવ્યાં. એક કતારમાં ગોઠવાએલાં ભવ્ય લાગતાં આ મંદિરો ભાવિકોના શ્રદ્ધાબળમાં ઉમેરો કરે છે. તેના નિભાવ અર્થે ગામગરાસ અપાએલા છે અને એ જાગીરનો વહીવટ બ્રહ્મચારી સંભાળે છે. કચ્છની મુખ્ય ભૂમિ અને નારાયણસરની ધરતી વચ્ચેની ખારીમાં થતો ચિકલ ઓળંગવા પાતશા શેઠ ગોકળદાસ લીલાધરે લગભગ સં. ૧૯૧૯માં મોટા ખર્ચે અહીં ઊંચો પથ્થરાળ માર્ગ કરાવેલો. ઉપર્યુક્ત મંદિરો સિવાય કલ્યાણરાય, મહાપ્રભુજી, ભવેશ્વર, રામનાથ અને રામચંદ્રનાં મંદિરો તથા રામગુફા, લક્ષ્મણગુફા, શેષગુફા, સનત્કુમારનું આસ્થાન, સીતાવાવડી, રામકૂવો વગેરે પુરાણી મહત્તાનાં સ્મરણો સાચવતાં અનેકાનેક ધર્મસ્થાનો દેશપરદેશના યાત્રાળુઓને અહીં આકર્ષે છે. કાર્તિકી પૂર્ણિમાના નારાયણસરના શણગાર પ્રસંગે અહીં મોટી યાત્રા ભરાય છે ત્યારે કચ્છ, સિંધ, મારવાડ, પંજાબ, મધ્ય હિંદ, સૌરાષ્ટ્ર અને ગુજરાતના યાત્રીઓ હજારોની સંખ્યામાં અહીં મેળે મળે છે. સિંધી હિંદુ-ભાવિકો નારાયણસર ધામે પહોંચી ભગવાન સાથે તાદાત્મ્ય અનુભવે છે અને 'ત્રીકમા! ત્રીકમા!' પુકારતા વિહ્વળ બને છે; તો મારવાડી યાત્રીઓ નારાયણસરની યાત્રાની છાપ મેળવ્યા વિના જીવતર અધૂરું ગણે છે. કેટલી યે કઠણાઈઓ ભોગવી થતી નારાયણસરની પુનિત યાત્રાને તેઓ જિંદગીની ખાસ ખ્વાહેશ અને અમૂલ્ય લહાવો ગણે છે. એ સંકલ્પ સિદ્ધ થઈ યાત્રા પૂરી થયે તેઓ પોતાનું જીવન ધન્ય થયું માને છે.

નારાણસરમાં જન્મી, જીવી, બુઝુર્ગ બનેલા ને તાતસ્ય કૂપોઽયં કહી આ જન્મારે ત્યાં જ રાચતા પડ્યા રહી પોતાનું જીવન સફળ ગણતા એક 'બામણે' અમારા મન પર કચ્છની મહત્તા ઠસાવવા 'કચ્છાવતાર'ની આ કહાણી કહી: 'જળપ્રલયમાં મહામૂલા પદાર્થોનો નાશ થયો. તેની શોધ માટે નારાયણે કૂર્મનું રૂપ ધારણ કર્યું. આમ કચ્છ અવતારે ભગવાન ક્ષીરસાગરમાં આવી વસ્યા. પછી પોતાની પીઠ ઉપર મંદરાચળના રવૈયાને ધારણ કર્યો અને સમુદ્રમંથન થયું.' કચ્છની સાગરકંઠારેથી થએલી એ કાળની સમુદ્રભેટને આ પૌરાણિક રૂપકમાં કેમ ન ઘટાવી હોય, એવી કલ્પના નારાયણસરની એ તપોભૂમિ ઉપર ત્યારે સહેજે ઉદ્ભવી અને શમી ગઈ.

કચ્છને પશ્ચિમ છેડે, કોરીનાળના મુખ ઉપર સાગરકંઠારે જ્યારે જુઆળનાં પાણી ચડે છે ત્યારે દ્વીપ થઈ દેખાતી, ને મુખ્યત્વે વેળુપાષાણની બનેલી કરાર થઈ રહેતી ધરતી ઉપર નારાયણસરનું તીર્થધામ ઉન્નત બની આંખને ગમે છે. પરાપૂર્વથી કંઈ કેટલા યે ઋષિમુનિઓ, સિદ્ધો અને પ્રચેતાઓની તપસાધનાથી આ ધરતી પુનિત થઈ છે. ભાગવતકારે બિરદાવેલી પૂર્વકમાઈવાળી એવી પતિતપાવની આ ભૂમિ ઉપર સ્વચ્છતામાં પવિત્રતા સાચવતું નારાયણસર જનતાનું આકર્ષણ રહ્યું છે અને રહેશે.


નારાયણસરનો મુખ્ય ઘાટ નારણઘાટ


ત્રીકમરાયના મંદિર સામે આવેલાં પાંચ મંદિરોનાં શિખર


નારાયણસરમાંથી ત્રીકમરાયના મંદિર તથા ગઢ વગેરેનું દૃશ્ય



ચન્દ્રવદન ચીમનલાલ મહેતાની આપકથા

અમદાવાદની સાહિત્ય પરિષદમાં મહાત્માજીને પ્રમુખ-સ્થાને લાવવામાં આવ્યા હતા. એ વખતે સૌથી સુંદર અને રસભર્યું ભાષણ શ્રી કેશવ હર્ષદ ધ્રુવનું હતું. એમણે એમની રસ-ચતુર ભાષામાં મહાત્માજીને પ્રમુખપદે ચૂંટવાનો પ્રસ્તાવ રજૂ કર્યો અને ટૂંકમાં પણ એકેએક ઘટિત શબ્દ યોજીને એમની ઓળખાણ આપી. એમના સસ્કારી તથા સંસ્કૃત ઉચ્ચાર અને મીઠો અવાજ તો હવે ક્યાંથી લાવવાં?

એ પરિષદમાં ગુજરાતનાં વિવિધ ક્ષેત્રોમાંથી જાણીતા સાહિત્ય-કારોની સહીવાળો એક મુસદ્દો પરિષદને ચરણે ધરવામાં આવ્યો હતો. સામળદાસ ગાંધી, હંસાબેન મહેતા, મેઘાણી, ગિજુભાઇ, પ્રોફેસરો, કવિઓ, વાર્તાલેખકો વગેરે મળી સો ઉપરાંત સાહિત્યકારોની સહી-વાળો એ વિનતિપત્ર હતો. એમાં પરિષદને કેટલીક રચનાત્મક સૂચનાઓ કરવામાં આવી હતી, નિબંધવાચન અને એવી નિરુપ-યોગી થઈ ગએલી પ્રવૃત્તિઓને બદલે ગુજરાતી સાહિત્યમાં લોકોને વધારે રસ પડે, અને લેખકને સર્જનાત્મક લખાણ લખવા માટે મદદ અને પ્રેરણા મળે એ હેતુથી ઘણી વ્યવહારુ સૂચનાઓ કરી હતી.

દુઃખની વાત એ હતી કે મહાત્માજી અમદાવાદમાં આવ્યા હતા પરિષદના પ્રમુખ તરીકે, પણ ત્યાં ઓછામાં ઓછો વખત હાજર રહી હરિજનોના કાર્યક્રમમાં જ ભારે રોકાએલા રહ્યા હતા. સહી કરના-રાઓમાંથી ઝીણાભાઇ, ઉમાશંકર, સુન્દરમ અને સેવક, ને એમ ચાર-પાંચ જણને મહાત્માજીએ ચર્ચા કરવા પરિષદને અંતે એક દિવસ બડી ફજરમાં પાંચ વાગ્યે સાબરમતી આશ્રમમાં બોલાવ્યા. પણ ખાડિયા ગોટીની શેરીમાંથી ત્યાં જવાને ત્રણ વાગે ઊઠું તો પત્તો ખાય એમ હોવાથી હું તો આળસી ગયો, અને જે કંઈ કરવું હોય તે કરવાનું ઉમાશંકર વગેરેને માથે નાખી દીધું.

વાત સાદી હતી, સૂચના વ્યવહારુ હતી, પરિષદ અમલમાં મૂ-કવા ધારે તો સહેજે મૂકી શકે એવી હતી. એમાં હજારો કામવાળા મહાત્માજીને વચ્ચે નાખવાનો કંઈ જ અર્થ નહોતો. એ તો બે કલાક-ના પ્રમુખ હતા, પછી તો આખો મલકો સળગેલો પડેલો ત્યાં પરિ-ષદનો શો હિસાબ? મને પોતાને તો એમને પરિષદમાં લાવી એમના અમૂલ્ય સમયનો દુર્વ્યય કરવા જેવું લાગેલું. આખરે એ ચર્ચા થઈ. પણ પછી એમાં કશું આગળ વધવું ન જોઈ, આપણે તો પરિષદથી હાથ ધોઇ જઇ બેસી ગયા. પણ મુનશીના મનમાં એવું બેસી ગયું કે આ જુવાનિયાઓએ પરિષદ તોડવા આ તૂત ઊભું કર્યું છે, અને લાંબા [illegible] સુધી એવો વહેમ એમના મગજમાં ભરાએલો રહ્યો.

હું તો હજી ય માનું છું કે પરિષદ શબ્દકોષ તૈયાર કરે, પાઠ્ય-પુસ્તકો યોજે, સસ્તા સાહિત્ય જેવી પ્રકાશનમાળા કાઢે, નિરક્ષરતા નાબૂદ કરે, એવું એવું ઘણું કરી શકે, પણ સાહિત્યકાર પાસે નવ-સર્જન તો ભાગ્યે જ કરાવી શકે. હા, સાહિત્યકારોને એકઠા કરી એક સુંદર સંમેલન યોજી શકે, પણ સાહિત્યની પરિષદમાં વિજ્ઞાન પણ આવે, અને આવે ઇતિહાસ; અર્થશાસ્ત્ર પણ આવે અને આવે ફિલ-સૂફી; સંગીત શાસ્ત્ર પણ આવે અને આવે વિવિધ કલા; ગણિત ભૂ-ગોળ ખગોળ ભાગોળ જેવા વિષયોના વિભાગો પણ આવવા માંડે, તે છેક રાજકારણ પણ એમાં પાછલે દરવાજે ઘૂસી આગલી બેઠકમાં બેસે, તો પછી કલા ખાતર કલા, સાહિત્ય માટે જ સાહિત્ય, રસ અને ઉલ્લાસ, એવા એવા કેવળ સાહિત્યના સિદ્ધાંતોને પૂરતું પોષણ ન મળે તે કેમ ખમાય? પરિષદમાં મુનશીના પ્રવેશ પછી એમાં પ્રાણ આવ્યા એ સાચી વાત; અને છતાં મુનશિયા યા મૌન્શી પ્રણા-લિકાનું જ નિકંદન નીકળે એ ઠીક કહેવાય?

ગમે તેમ, અમદાવાદમાં ભરાએલી પરિષદ મારે મન ઉકલી જ હતી, એમ માની હું તો નિરાંત સેવતો હતો; પણ પછી જૂનાગઢમાં મુનશી જ પાછા મને કેવા ઘસડી ગયા એ તો આગળ જોઈશું.

ડૉ. યોધને ત્યાં કેશવ હર્ષદ ધ્રુવ આવીને ઊતર્યા હતા, તે કહે તમે સાથે આવો તો મારે નરસિંહરાવની ખબર કાઢવા જવું છે. મને તો ઘણી મનભાવતી સૂચના હતી; અને અમે નીકળ્યા પણ ખરા. પણ રસ્તે મેં એમને જણાવ્યું કે નરસિંહરાવ સાહેબ મારા પર ખફા છે, એટલે એમની માંદગીને બિછાને હું એમને ચિડાવાનું કારણ ન થાઉં, એટલું જ જરા જોવાનું છે.

એ મુરબ્બીએ તો મને કારણ ન પૂછ્યું. પણ મેં જ રસ્તે જણા-વ્યું કે આમ તો મારા પર ઘણી મહેરબાની હતી, પણ મારા લગ્ન પછી મારી પરણેતર સાથે મારો તાળો ન મળ્યો, અને જે વિસંવાદ ચાલુ રહ્યો એથકી એ મારા પર ખૂબ જ ગુસ્સે છે. એ સંબંધે કદી ખુલાસો કરવાનો પ્રસંગ આવ્યો નથી, પણ આ છેલ્લાં ત્રણચાર વર્ષોથી એમની કૃપા તદ્દન ઊતરી ગઇ છે એ હકીકત છે. મારે માટે એમણે એમની ડાયરીમાં પણ ઘણુંઘણું કડવું લખ્યું છે, એમ એ વાંચનારા-ઓએ મને કહ્યું છે. એથી એમની આગળ જતાં જરા ડર લાગે છે.

ખાર પહોંચ્યા, અને હું ધ્રુવસાહેબને બંગલાનાં પગથિયાં સુધી દોરવી લઇ ગયો. અને બારણું ઊઘડતાં એ ખંડમાં દાખલ થયા અને હું બહાર ઊભો રહ્યો.

બિછાનાવશ નરસિંહરાવને જેવી ખબર પડી કે ધ્રુવ સાહેબ છે, એટલે તરત કહે 'તમે આ તસ્દી લીધી? અને કેવી રીતે આવ્યા?'

'મારે આપને મળવું હતું. અને આવ્યો મોટરમાં—'

'એકલા?'

ધ્રુવ સાહેબ જરા અચકાયા, પછી ઉમેર્યું, 'ના, સાથે ચન્દ્રવદન આવ્યા છે, તે બહાર છે.'

'એ કેમ અંદર નથી આવતા?'

'ખરું કહું? એને આપ ક્ષમા આપો એમ એ...'

'એને બોલાવો.'

અને હું અંદર જઈ તરત ગુરુજીને ચરણે માથું મૂકી પગે લાગ્યો. એમની અવસ્થા જોઇ મારું હૃદય ભરાઇ આવ્યું, અને પછી તો મારે માથે બંને હાથ મૂકી એ પણ ગળગળા થઈ ગયા. ત્યાર બાદ એ બે પંડિતોએ જે ભાવભરી લાગણીની આપલે કરી છે, એ

બાજુમાં બેસીને જોવાના લાભ માટે જાતને અત્યંત ભાગ્યશાળી માનું છું. પોણોએક કલાક રહી અમે જવા નીકળ્યા ત્યારે નરસિંહરાવ અને કેશવલાલ બંને બાળક જેમ રડયા, અને પછી નમસ્કાર કરી નીકળતા હતા, ત્યાં તરત એમણે એમના અસલી ભાવથી કહ્યું, 'જુઓ ચન્દ્રવદન! એમને સાચવીને લઇ જજો.'

અમે તો સાચવીને મુંબાઇ આવ્યા, પણ પછી તો થોડાક જ દિવસમાં, બરાબર મકરસંક્રાન્તિને દિવસે સવારે, '૩૭ની સાલમાં એ દુઃખિયારા કવિએ મંગલ મંદિરમાં જવા અહીંથી વિદાય લઈ લીધી.

એ ૧૯૩૭માં ગયા, અને ત્યાર બાદ દોઢેક વર્ષે ૧૯૩૮માં, ધ્રુવ સાહેબે પણ મુંબાઈમાં દેહ છોડયો. યુનિવર્સિટીમાં એમના એક ભાષણ વખતે નરસિંહરાવ પ્રમુખ હતા ત્યારે બોલ્યા હતા કે 'હું એમનાથી છ મહિને મોટો છું.' તરત ધ્રુવ સાહેબે પ્રત્યુત્તર વાળ્યો હતો 'એથી તો આપને મોટાભાઇ તરીકે સ્વીકારું છું.'

બંને ભાઇઓનાં અવસાન પણ આટલાં નિકટમાં જ થશે એમ તો કોણ જ ધારે? ગમે તેમ, પણ નાનાલાલ કહેતા કે એમના જવા પછી એમની જગ્યા પૂરનાર કોઈ નથી રહ્યું.

અમે બધા નરસિંહરાવના મુખ્ય અને જૂના વિદ્યાર્થીઓ વાંદરા પાસેના સ્મશાનના ચોગાનમાં હાજર થઈ ગયા હતા. ઉમાશંકર હતા; મુરલીઠાકુર, સુન્દરજી બેટાઇ ને ભાનુશંકર હતા; કૃષ્ણલાલ ઝવેરીએ ત્યારે અગ્નિદાહ સમયે ટૂંકું પ્રવચન કર્યું હતું, પણ એ બુઝુર્ગ બે બોલ પણ બોલી શકે એવી એમનામાં તે દિવસે શક્તિ નહોતી.

વચ્ચે મુનશીએ પાટણમાં હેમચન્દ્ર મહોત્સવ—'હૈમસારસ્વત-સત્ર' યોજ્યો, અને ત્યાંના જૈનોને ખળભળાવ્યા. હેમચંદ મોહનલાલ અને એના ભાઇઓએ મળી સૌને પોતાને વતન પાટણ સત્કાર્યાં. અમદાવાદ ઉપરાંત બહારથી ઠીક પ્રમાણમાં જિજ્ઞાસુઓ ત્યાં એકઠા થયા હતા. ગોઠવણ પ્રમાણે અમદાવાદથી ઊપડતી સવારની ગાડીમાં ભાનુશંકર, જ્યોતીન્દ્ર અને હું એકઠા થઇ સાથે મુસાફરી કરતા હતા.

હું એકલો હોઉં ત્યારે મારા જેવો બકરીબાઈ મુસાફર મળવો મુશ્કેલ, પણ સાથે ભાનુશંકર જેવા અડીખમ સાથી હોય તો મારા જેવો અમસ્થી તકરારો વહોરનારો પણ બીજો ન જડે. એટલે એ, સ્ટેશન ન પહોંચ્યા ત્યાં ગાર્ડ માસ્તરથી શરૂઆત કરી. ત્યારે ભીડ પ્રમાણમાં ઓછી, અને પ્રવાસમાં વખત કાઢવાનો મુદ્દો મહત્વનો ગણાતાં રેલવેવાળાઓ જોડે નાહકનું ચીઆંબારું શોધતા. એમ તોફાને ચઢતાં અને આખરે માસ્તર સાથે હાથ મિલાવી દોસ્તી સાધતાં, રસાલો મહેસાણા પહોંચ્યો. અહીં વળી ગાડી બદલવાની અને વચ્ચે ગાળો મોટો એટલે સ્ટેશન પરની વીશીમાં જમવા ઊપડયા.

વિસનગર વડનગરની આસપાસનો મુલક એટલે વીશીવાળો રસિક નીકળ્યો, અભિનયનો પણ જાણકાર, એટલે અમે ખીલ્યો. દાળ તો એની જ; અને મજબૂત ડબુ ભાત પર હાથ મારી અમે પૈસા ચૂકવી જતા હતા ત્યારે એ પાછો વિઝિટબૂક રાખતો એમાં અમારી પાસે કંઈ બે બોલ વખાણના લખાવવા આવ્યો. ભાનુશંકર જમ્યા પછી તરત તો ગળે જ શાના? અમે કહ્યું એ આવે એટલે લખીએ છીએ, ચોપડો રાખી દ્યો. પાન મસળતા વ્યાસજી પધાર્યા ત્યારે દવેજીએ દાળ ઉપર એક શ્લોક લખી નાંખ્યો હતો. એ જોઇ ભાનુશંકરે ભાત ઉપર બીજી કડી ઉમેરી. મેં તો દાળના વાટકા ભરીભરી એટલા પીધા હતા કે મારી એકે ઉપમા વહારે ધાતી નહોતી. એટલે હું તો સામાન ઉપડાવી ગાડીમાં વગસગ જોવા ચાલ્યો ગયો. પણ પેલા બેએ મારા નામથી તો ઠીક પણ મારા જેવા અક્ષરોમાં પણ ચાર લીટી લગાવી દીધી—દાળ દેવી, અંશવાળી હોય અને ગળી! આગળી હોય એટલે ગળે ઊતરતાં ગળપણવાળી વધારે લાગે; અને ભાત ભર્યે તપેલે પૂરા તાપમાં સિઝાયો હોય, ઓસણ કાઢી ના નાખ્યું હોય તો મીઠાશમાં અધીકો લાગે; અને દાળ કહેતાં વહુ અને ભાત કહેતાં વર એકરસ થઈ ગયાં હોય ત્યારે ઝાપટવાની ઓર લિજ્જત પણ લાગે; છતાં જો સાથે ચટાકો ન હોય, ચટણી કચુંબર ન હોય, તો લિજ્જતમાં પૂરી રંગત જામતી નથી; એવી મતલબનું લખી નીચે ચન્દ્રવદનની મજબૂત સહી લગાવી દીધી! ચોપડો વીશીવાળાને મોકલાવી એ બન્ધુજનો મને શોધતા આવી મળ્યા. નાના ખાનાવાળો પણ અલાયદો કમ્પાર્ટમેન્ટ ગાર્ડમાસ્તરની નિકટમાં જ શોધીને બિસ્તરા બિછાવી અમે પડયા હતા, ત્યાં ગાડી ઊપડવાની થોડીક જ વાર અગાઉ વીશીવાળો દોડતો શોધતો આવ્યો.

'નૉ ભઈશાબ! મારાથી પૈશા નૉ લેવાય. તમો ત્રઈણ આવડા મોટા લેખક અને જાણીતા એ તો નૉમ વૉચ્યું ત્યારેકની જૉણ થઈ. મારા હમ, તમે તો મૅમૉન. મને કઇ જૉણે થયુ હું તો ખરું, કે લાગો છો જ ભણ્યાગણ્યા. નાના આ પૈસા પાછા લ્યો. પસે લૉંબી વાત."

આ જો મુસીબત! ભાનુશંકર ઊતર્યાં. પૈસા પાછા લીધા, એમાં રૂપિયો ઉમેરી કહે કે જુઓ, 'આ અમારા ચન્દ્રવદન સાહેબ તરફથી વીશીને ભેટ. અમે બે તો મહાન ભૂદેવો, દવેજી અને વ્યાસજી, એના પૈસા તમારાથી ના લેવાય; પણ ચાલો આ લઈ લ્યો.'

'પણ એ તો તમે આલો છો'.

'દુઃખ એ છે ને, અમારા ત્રણેની કોથળી જ એક છે.' આખરે સમજાવી પૈસા આપી અમે ઊપડયા.

પણ એટલામાં તો આખી ગાડીમાં વાત પ્રસરી કે આ ત્રણ દાગીના ગાર્ડના બારકસની બાજુમાં ગોઠવાયા છે, એટલે ગાડી વચ્ચે સંધાયલા ડબ્બામાં મુનશી હરસિદ્ધભાઈ દિવેટિયા વગેરેની પાર્ટી તરફથી તેડાં આવ્યાં કે ત્યાં ચાલો. પણ અહીંથી કોઈ ખસે નહિ, અને ડૉ. હરિપ્રસાદ વગેરે ત્યાં આવી જમા થવા માંડયા.

દરમ્યાન ચાણસ્માના એક ભૂદેવ અમારી બાજુના કમ્પાર્ટમેન્ટમાં મોટી ડાંગ લઇને રજૂ થઈ ગયા હતા. અમારી અને એમની વચ્ચે લાકડાની જાળી હતી. એ જો એમથી ડાંગ વિફરાવે કે ભાનુશંકર આમથી લાત અફાળે તો કદાચ આવનજાવનનું છીંડું થઈ જાય!

એ ચાણસ્માના મુખી જેવા લાગતા હતા. નામ પૂછ્યુ તો કહે નહિ. અમારા લવારાથી એ નારાજ હતા અને પાટણવાસીઓ તરફ ભારેની સૂગ હતી. આટલી પૂર્વપીઠિકા મહેસાણાથી પાટણનો રસ્તો કાપવા દંગલ કરવા માટે પૂરતી હતી.

આવે ટાણે ડૉ. હરિપ્રસાદભાઇ ભારેના શૉખિન. એમણે આગ બળતી રહે અને ભડકો ન થાય એ રીતે પાણી નાંખ્યા કર્યું. વચ્ચે જરા છમકલું થાય એમ પણ સળેકડું કરતા રહ્યા, એટલે ચાણસ્માના રહેવાસીએ તો બાંય પણ ચઢાવી દીધી! દુઃખ એટલું જ થયું કે ખરેખરી રંગત જામી ત્યારે એમનું સ્ટેશન આવતાં એ ઊતરી પડયા અને પાટણ સુધી નહિ લંબાયા, નહિ તો વળી ઓર ગમ્મત જામત.

પાટણમાં મોટો ઉતારો એક ખાસ રોકેલા ઘરમાં હતો ત્યાં લગભગ સિત્તેર ઉપર દાગીનાઓ જામ્યા હતા. એમાં અમે પણ ખરા જ. ઉપરાંત, ડૉ. હરિપ્રસાદ, રમણલાલ યાજ્ઞિક, શંકરપ્રસાદ રાવળ, મોતીચંદ કાપડિયા, ચુનીલાલ શાહ, ગટુભાઇ ધ્રુવ, એમ કંઈક વિવિધ પ્રકૃતિ અને વ્યવસાયની વ્યક્તિઓ હતી. અમારી છાવણી ઉપલા મજલાના બહારના છજાના ખૂણામાં નંખાઈ, અને એમાં યે ખૂણો તો ભાનુશંકરે પકડી લીધો. ત્યાં જાણે પાન ચૂના કાથાની દુકાન! નહિ ખાનારા પણ મોં મમળાવવા એની પાસે પાન ખાવા ઊલટી આવે!

એમાં જો કોઈ પોતે તમાકુના શૉખીન નથી એવી જાહેરાત ન કરે તો નાની માત્રામાં આણંદી તમાકુ પણ ખૂબીથી ભેળવી આપે એમાં અરધા ઉપરના ટેસ લાગતાં પાછા બીજે દિવસે પણ હાજર થઈ જતા. કોણ જાણે કઇ દ્રૌપદીની થાળી જેમ કઇ ચમત્કારિક કોથળીમાંથી એ પાન કાઢયે જ જતા.

ભાનુશંકર વ્યાસ પાસેથી પાન લઈ ખાવું એમાં લહાવો છે. પાન તો સમારાયા કરે, એના શણગાર સજાયા કરે, એ તો ઔપચારિક છે; પણ તે દરમ્યાન બેઠાં હોય તે ઘર બળી જતું હોય, યા સામે ઊભેલી ગાડી ઊપડી જતી હોય, યા કોઈ રાજા મહારાજા યા ગવંડર ગિલ્લિડર પસાર થતો હોય તો યે ભાનુશંકરની આસાની સ્વસ્થતા, મેરુ ચળે, પણ અહીં જરા નહિ ચળે! અને કંઈક ગાડી એમ ઊપડી પણ ગઇ છે. એ તો કહે, 'છો ઊપડી જાય, પણ કંઈ એની પાછળ પાન બગાડી દોડયા જવાય? કેમ રમુભાઇ બોલ્યા નહિ?' તરત જ રમુભાઇનો જવાબ તૈયાર હોય. 'પાન એટલે પાન, નિશ્ચલ સમાધિનું સાધન, ગમે તેવી કપરી વાતને વાગોળવાનો કીમિયો.'

મહાન કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્ય-સ્મારક-યોજના તો ઘડાતી રહે, પણ અહીં એક દિવસ બપોરે ચા પિવાતાં અમારી ત્રણની ત્રગડી ખંડની વચમાં બેસી વાતવંટોળે ચઢી, તે બેના પાંચ અને પાંચના પચાસ ટોળે મળી વીંટળાઇ બેઠા. ભાનુભાઇના હાથમાં સૂડી અને સોપારી અને જ્યોતીન્દ્રના હાથમાં દાંત ખોતરણી; સામે રમણલાલ યાજ્ઞિક અને મોતીચંદભાઇ હાથ લાગી ગએલા; અને ક્રિકેટના કાયદા પ્રમાણે એક ખેલે ત્યારે બીજો સ્ટૅન્ડ આપે, એમ અહીં ટાપશી પૂરી સમારી આપે. અને ટહુકો પૂરી હાની ના કે નાની હા કરાવવામાં ભાનુશંકર શૂરા, તે બેઠક એવી જામી કે ત્યાં મંડપમાંથી મુનશીજીએ માણસો બોલાવવા મોકલ્યા તે પણ પોતાનું કામ ભૂલી આ ટોળટપ્પા સાંભળવા બેસી ગયા! એમ બે કલાક નીકળી ગયા, અને અમારા આગળના બે કલાક, એમ ચાર કલાકે પણ ચોરો એવો જામ્યો હતો કે અંતે મુનશી કંટાળીને ધૂંઆપૂંઆ થતા અમારે ઉતારે આવ્યા! પણ એમણે એવા રંગમાં મિજલસ જામેલી જોઇ કે એ પણ પછીનો મામલો માપી લઈ, વૈયાકરણી હેમચન્દ્રને ભૂલી, પાટણનો ઇતિહાસ ભૂલી, ગુજરાતના નાથને તિલાંજલિ દઈ, ભરુચના બની બેઠા, અને આખરે ઊભા થતાં બોલ્યા કે 'સાલું આમ જ નવાબે ભરુચ ગુમાવ્યું હશે!'

અલબત્ત, અમને ત્રણને ખૂણામાં લઇ જઈ ઠપકો પણ ખાસ્સો મીઠો આપ્યો કે અહીં જે કરવાનું તે તો કંઈ થયું નથી. ફલાણી સભા અને આ બંધારણની સભા–પછી તો પૂછવું જ શું? ભાનુશંકરે જે ફતવો ફેરવ્યો, તે રાતે સભા ભરી કામ આટોપી લીધું, અને પછી મુનશીએ લાઈન ક્લીઅર આપી કે હવે તમારે જે કરવું હોય તે કરો. હરસિદ્ધભાઈ દિવેટીઆ કહે કે કાલે સવારે ફરી જમાવો. પણ અમે કહ્યું કે એમ કંઈ જામે છે? એ તો સંગીતરસ જેવું છે, બેઠાં બેઠાં જામી જાય તો જામી જાય.

ત્યાં નહાવાની પંચાત. બે જ નળ અને અંગ ધોનારા એંશી. એમાં પત્તો ખાવો જરા મુશ્કેલ પડવા લાગ્યું. પહેલાં અમે ખબર કાઢી લીધી કે ઉતારે એંશીએ એંશી ધોતિયા-માસ્તરો જ છે, સાડી લુગડાંમાં કોઇ છે નહિ; એટલે અમારી છાવણીમાંથી ઢંઢેરો જાહેર થયો કે અમે તો ભાઈ રોમન બાથ લેવાના છીએ! મને તો ત્યાંના થોડા અવળચંડો ગણે જ, એટલે ઠાવકા અને ઠરેલ ગણાતા ભાનુશંકરને એ લોકોએ કહ્યુ કે આ શું? ભાનુભાઇ કહે કે ચન્દ્રવદનને ના પડાય નહિ. એ કહે એટલે અમે તો એના હુકમ પ્રમાણે કરીએ. બહુ બહુ તો આસપાસ ધોતિયાનો તેરો ઝાલી વચમાં નાગા બાવાને રાખી અમે નવડાવીએ. આ ગોઠવણ આખરે કબૂલ થઈ, અને જેવો ઉપરથી અમારો રસાલો નીચે ઊતરવા મંડયો કે નહાવાનો આખો ચોક ખાલી! બધા દર્શનાતુર ભાવિકો માળે ચઢી બારીએ ડોકાવા લાગ્યા. પણ અમારે તો મેદાન ખાલી જોઇતું હતું તે મળી ગયું, અને પછી તો એ ધાકે હમેશાં આ ત્રણ સિન્ધિઆ ગ્વાલિયર અને ગાયકવાડ નહાવા પધારે કે ચોગાન આપોઆપ ખાલી થઇ જતું!

એમાં એક દિવસ બધા પાટણથી મોઢેરા જવા નીકળ્યા. બે ત્રણ બસો અને થોડી મોટરોમાં રસાલો ગોઠવાઈ ગયો. અમારે કર્મે બસમાં પાછા ડૉ. રમણલાલ ને ડૉ. હરિપ્રસાદ ચોંટયા. ધૂમકેતુ પણ હતા, ચુનીલાલ વર્ધમાન શાહ પણ હતા. અને રસ્તે ઘણી ગમ્મત આવી. જતાં પહેલો મુકામ ચાણસ્મા પર થયો, ત્યાં પેલા અમારા ટ્રેનના ભૂદેવ એ જ ડાંગ પકડી પાદર ઉપર અમારો મેળો જોતા ઊભેલા! પછી તો અમે હલ્લો જ કીધો. આવી જાઓ, તમારે પાદરે દળકટક લઈને આવ્યા છીએ. શો મનસૂબો છે? પણ સો ઉપરનું અમારું ટોળું જોઈને એણે પીછેહઠ કરી, એટલે ભાનુશંકરે એની દોસ્તી કરી નજીકમાં એની હંગાથે ઊપડયા. બધી બસો ઊપડી ગઇ, અમારી ઉલ્લી ને મોડી ઊપડી, કારણ વ્યાસજી પાનની શોધમાં ગયા હતા, તે લાવ્યા યે ખરા, અને આખે રસ્તે તાંબુલપ્રાશન કરાવ્યું.

ગુજરાતનું એ અદ્વિતીય પ્રાચીન સૂર્યમંદિર કેવું છે એ માટે કનૈયાલાલ ભાઈશંકર દવે યા ભોગીલાલ સાંડેસરાના લેખો વાંચી જશો. મોઢેરા ઉપર એક નાનું પુસ્તક પણ પ્રગટ થયું છે. મને પોતાને તો સોમનાથ અને મોઢેરાની બાંધણીમાં કંઈક સામ્ય જણાયું. પણ એ આપણો પ્રદેશ નહિ; ખૂંદવો નકામો; અને ક્યાંક ગોથું ખાઈએ તો જે સ્હેજસ્હાજ આબરૂ છે તેના પણ કાંકરા થઈ જાય, એટલે જવા દો. કુંડની બાંધણી અદ્ભુત છે અને મંદિર પર નરનારીની પ્રતિમાઓ તેમ જ એમનાં કેટલાંક આસનો ઉપર ડૉ. હરિપ્રસાદે ત્યાં આપેલાં વિવેચનો પણ એટલાં જ અદ્ભુત હતાં. ગમે તેમ હો, આજે હજારે વર્ષે પણ ઇજનેરી કળા ગમે તેટલી આગળ વધી હોય તો યે, સોમનાથનું કે રુદ્રમાળનું, દેલવાડાનું કે મોઢેરાનું બીજું એવું મંદિર ફરી બાંધી શકાવાનું નથી. (ચાલુ)

બૃહદ ગુજરાતની કૉલેજોમાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ માટે નિબંધ-હરીફાઈ

'કરસનદાસ મૂળજીનું જીવન અને તેમની પ્રવૃત્તિઓનું મૂલ્યાંકન' એ વિષય ઉપર ૫૦ ફૂલ્સકૅપ કાગળના કદનો નિબંધ તા. ૩૦–૬–'૫૩ સુધીમાં નીચેના સરનામે, સીલબંધ પરબીડિયામાં, રજિસ્ટર્ડ પોસ્ટથી, અને કૉલેજમાં જે વર્ગમાં પોતે ભણતાં હોય તેની વિગત, સર્ટિફિકેટ તથા પોતાના સરનામા સાથે મોકલવો. જે તે વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાર્થિનીઓમાંથી પસંદ થશે તે દરેકને રૂ. ૫૦) સુધીનું એકએક એવાં બે ઇનામો અપાશે. વિશેષ વિગત માટે લખો : શ્રી ફાર્બસ ગુજરાતી સભામંદિર, ૩૬૬, વિઠ્ઠલભાઇ પટેલ રસ્તો, મુંબાઈ-૪.

કલકત્તાની કલાપ્રવૃત્તિ

કેટલાંક યુરોપિયન સ્ત્રી-પુરુષો જેનાં સભ્ય હતાં એવી એક સોસાએટીમાં હૅવેલ સાહેબ મુખ્ય કાર્યકર્તા હતા. સાંજ વેળા એ સૌ આર્ટ સ્કૂલમાં જ બે'ક કલાક મળતા, વાર્તાલાપ ને સમાલોચન કરતા અને વચ્ચેવચ્ચે ખાણીપીણીના કાર્યક્રમ પણ ચાલતા. આર્ટ ક્લબને ધોરણે જ આ બધું થતું. માર્ટિન કંપનીના એન્જિનીઅર થૉર્નટન સાહેબ એની દેખરેખ રાખતા. આ આર્ટ ક્લબની ઘણીખરી જવાબદારી એમને માથે જ હતી. એ ચીતરતા પણ સરસ. અતિ સરળ અને સાદા માણસ હતા, પણ એમનો પ્રાણ મહદ્ હતો. એવા ગોરા બહુ ઓછા જણાય છે. મારી સાથે એમને બહુ મેળ હતો. આર્ટ સોસાએટીની શરૂઆતથી જ અમારે મૈત્રી બંધાઇ. પાછળથી અમારી નવી સોસાએટીમાં પણ એ જોડાયા હતા. હું આર્ટ સ્કૂલમાં હતો ત્યારે લગભગ રોજ એ મારી પાસે આવતા, અને ક્યારેકક્યારેક સંદેશો મોકલી મને પોતાને ત્યાં પણ બોલાવતા. હું ચાર વાગ્યા પછી એમની ઑફિસમાં જતો. એમને મારામાં ખૂબ શ્રદ્ધા ને વિશ્વાસ હતાં. પોતાના ટેબલના ખાનામાંથી વિવિધ સ્થાપત્યકામના નમૂનાઓ ને નકશા કાઢી મને બતાવતા ને તેમાં મારાં સૂચનો માગતા. કયું કઇ રીતે કરવાથી વધુ સુંદર થશે તેની અમે વિચારણા કરતા. એ અરસામાં એમનું ચિત્રકામ પણ જોવા મળેલું. સાચે જ એ ખૂબ સુંદર હતું. ભારતભરનાં વિવિધ સ્થાનોનો પ્રવાસ એમણે કરેલો. ઉદયપુર અને જયપુરના કેટલાક સ્કેચ પણ એમણે કરેલા, તેમાંથી એકાદએ તો મારી આંખમાં વસી ગએલા. આપણા દેશનાં વિવિધ સ્થળોના સ્કેચ અનેક ગોરાઓએ કર્યાં છે ને તેમાંથી એએક જણાએ તો એ છપાવીને પ્રગટ પણ કર્યાં છે, પણ એ સ્કેચોમાં એક જાતની પરદેશી છાપ ઉપસી આવી છે; જ્યારે થૉર્નટનના ચિત્રસંગ્રહમાં સો ટકા ભારતવર્ષ જ હૂબહૂ ખડું થાય છે. વચ્ચે વચ્ચે એમને ઘેર પણ હું જતો. મકાનના ત્રીજા માળના એક ફ્લૅટમાં એ રહેતા. ગોળ દાદરા ચડતોચડતો ઉપર જઇને પટાવાળાને પૂછું કે સાહેબ છે કે નહિ, ત્યાં તો બીજી બાજુએથી પહોળા પાયજામા ને હાફ શર્ટમાં પોતે જ આવીને ઊભા હોય! અમે ચર્ચા, વાર્તાવિનોદ આદિ કેટકેટલી યે મઝા કરતા. મોકળા મનથી એ હસતા. એમની આર્ટક્લબ વિખેરાઈ જતાં તેનાં બોર્ડ-કબાટ તેમણે મને આપેલાં ને કહ્યું કે 'હવે, આ બધાંનું શું કામ છે? તમે જ લઇ જાઓ; ખપ લાગશે.'

અમારી આર્ટ સોસાએટીના પણ એ એક અતિ ઉત્સાહી સભ્ય હતા. માત્ર એટલું જ નહિ, સારા ગ્રાહક પણ હતા. નન્દલાલનાં ઘણાં ચિત્રો એમણે ખરીદ્યાં છે. એક વાર એમણે નંદલાલનું 'સતી' ચિત્ર ખરીદ્યું ત્યારે અમે નક્કી કરેલું કે સારાં સારાં ચિત્રોને બજારમાં છૂટે હાથે વેચાવવાં. થોડુંક એવું અમે કર્યું પણ હતું, અને એ કામ સારું થએલું. એટલે એ 'સતી' અને બીજાં કેટલાંક મૂળ ચિત્રો સારી રીતે પૅક કરી મુદ્રણ માટે જાપાન મોકલાવાયાં. ઓકાકુરા, ટાઇકાન વગેરેએ તે માટે ગોઠવણ કરી આપી હતી. સારા પ્રેસમાં એ ચિત્રો છાપવામાં આવ્યાં અને કેટલેક વખતે મૂળ ચિત્રો પાછા આવ્યાં એમાં શ્રી થૉર્નટને લીધેલું ચિત્ર 'સતી' પણ આવ્યું. એમણે ચિત્ર ઉપરનું પૅકિંગ ઉખેળી બહાર કાઢીને જોયું તો તે ચિત્ર ઓળખ્યું ઓળખાય જ નહિ! એમણે મને કહેવડાવ્યું. 'તુરત આવો. એક વાત



જ્યારની આ વાત લખાય છે તે સમયના
યુવાન કલાકાર અવનીન્દ્રનાથ ઠાકુર

બની ગઈ છે. 'સતી' બદલાઇ ગઇ છે. જાણે એ જૂની 'સતી' જ નહિ.' ઝટપટ એમને ત્યાં ગયો. જઇને જોયું તો એ જ. જાણે આગમાં બળીને સતીનો વાન શખોડી બની ગયો છે! રૂપું જૂનું થઇ જતાં જેમ ઝાંખું ને કાળું પડી જાય છે તેમ. સાહેબ કહે 'આવું કેમ થયું હશે?' મેં કહ્યું 'રંગ બગડી ગયો છે. કેમ બગડી ગયો છે તે કઈ રીતે કહું?' સાહેબ કહે, 'પણ સુધારી શકાય તેમ નથી?' મેં ઉત્તર આપ્યો કે 'ના, એ હવે અસંભવિત છે.' સાહેબનો ચહેરો ઉદાસ થઈ ગયો. એમની 'સતી'ની આવી દશા થઈ! તે ગાળાનાં ચિત્રો મોટે ભાગે અમે જ ખરીદી લેતા. 'સતી' મને ખૂબ ગમેલું, પણ સાહેબે ખરીદી લીધું એટલે શું થાય? મેં કહ્યું 'તમારે એ ન રાખવું હોય તો મને આપો ને તમે બીજું કોક લઇ લેજો.' સાહેબ કહે, 'તો તમારું કોક ચિત્ર મને આપવું પડશે.' મેં હા પાડી કહ્યું કે 'ભલે, કરો પસંદગી. કયું લેશો?' આખરે એમણે ઔરંગઝેબ દારાનું મસ્તક નિહાળે છે તે અને એક બીજું ચિત્ર લઇ તેના બદલામાં 'સતી' ચિત્ર મને આપ્યું.

ચિત્ર ઘેર લઇ આવ્યો. વિચારવા લાગ્યો કે એનો ઉપાય શો કરવો? વિચારતાં વિચારતાં ક્યાંક વાંચેલું યાદ આવ્યું કે ઉઘાડા હવા-પ્રકાશમાં રાખ્યે ચિત્રના ઉપટેલા કેટલાક રંગોની અસર પાછી ફરે છે. વિચાર્યું: કોણ જાણે, ઝિંક લગાવી પૅક કરીને ચિત્રો મોકલ્યાં

કલાચાર્ય અવનીન્દ્રનાથ ઠાકુરની આત્મકથા 'જોડાસાંકોર ધારે'નો નવો રસ જમાવતો હપતો



દારાનું મસ્તક નિહાળતો ઔરંગઝેબ

કલાકાર અવનીન્દ્રનાથની એક વિખ્યાત કૃતિ

છે એટલે ઝિંકની ગરમી અને સ્ટીમરના બફારાને કારણે થતી રાસાયણિક પ્રક્રિયાને લીધે કદાચ રંગમાં ફેરફાર થયો હોય તો? ઘેર આવી એ ચિત્ર મારા સૂવાના ઓરડાની બારી પાસે ટાંગી દીધું. પૂર્વનો પ્રકાશ નિત્ય એના પર પડતો. થોડા દિવસ ચિત્ર ત્યાં જ રહ્યું. અને આખરે એક દિવસ જોયું તો 'સતી' એનાં મૂળ રંગમાં પાછી ફરી હતી! પ્રકાશથી જાણે એનો હાઝિયો ધોવાઈ ગયો! વાહ, વાહ, આ તો સરસ થઇ ગયું. વૂડરૉફને બોલાવીને બતાવ્યું–થૉર્નટનને પણ બોલાવી દેખાડ્યું. એ પણ આ જોઇને અવાક જ થઈ ગયા. થૉર્નટનને કહ્યું, 'કેમ, આ જોઇને હવે? મન થઈ જાય છેને, પાછું લઈ લેવાનું? પણ હવે એ પાછું નહિ મળે. મારી પાસે પાછા આવ્યાથી જ તો સતીના દેહનો રંગ પાછો ફર્યો છે. હવે એ ફરી તમારા હાથમાં અપાય ખરું?' સાહેબ મારી વાત સાંભળી હસ્યા ને બોલ્યા, 'ના હવે એ ભલે તમારે ત્યાં જ રહે.' (જુઓ આ અંકની ચિત્રપ્લેટ)

થૉર્નટન જેવો બીજો કોઇ મિત્ર મારે ન હતો. એ એના પટાવાળાને ચિત્રકામ શીખવા મારે ત્યાં મૂકી ગએલા. એ વાત મેં તમને નથી કરીને? તો સાંભળો. એક વાર એ થૉર્નટન એમને વતન જવાના હતા. ત્યારે પોતાના પટાવાળાને મૂકી ગયા મારે ત્યાં. મને કહે કે 'આના હાથમાં ચિત્રકામની ફાવટ છે. તમે એને ચિત્રકામ શીખવાડજો. જે કંઇ ખર્ચ થશે તે હું આપીશ.' સાહેબ તો એને વતન ગયા. વળતા દિવસથી પટાવાળો અમારી આર્ટ સ્કૂલમાં આવવા લાગ્યો. સાહેબની જ એક લાલ પેન્સિલ વડે એ સમય મળવા મુજબ ટ્રામનાં, કલકત્તાના રસ્તાઓ વગેરેનાં ચિત્રો ચીતરતો. એને નંદલાલની સાથે બેસાડી દીધો. નંદલાલ વગેરેને કહ્યું કે 'આ પણ એક વિદ્યાર્થી છે, ને અહીં સૌનું સમાન સ્થાન છે; માટે આની અવગણના કરશો નહિ.' પટાવાળો એક બાજુ ઊભો હતો એને કહ્યું કે અહીં બેસ આ બાંકડા ઉપર. પણ એ બિચારો ખમચાતો હતો. કેમે કર્યો બેસવા ઈચ્છે નહિ. એને સરખી રીતે બેસતો કરવામાં જ મારા કેટલાક દિવસ ગયા. એ રોજ આવે ને ચિત્રો ચીતરે. થોડા દિવસમાં એ બહુ તો ન શીખ્યો, પણ ધીરેધીરે એનો હાથ પાકો થતો જતો હતો. સાહેબ વતનથી પાછા ફરતાં પટાવાળો ફરી એને કામે જતો રહ્યો. પછી એક દિવસ સાહેબ આવ્યા. કહે: 'મારા પટાવાળાને તમે કેવો બનાવી દીધો છે? ચિત્રકાર થવાનું તો દૂર રહ્યું પણ એ એકદમ બદલાઈ ગયો છે. એની રીતભાત, વાતચિત, શિષ્ટતા ઉપર હું મુગ્ધ થયો છું. જાણે અગાઉનો એ પટાવાળો જ નહિ! તમે એને આવો પલટો આપ્યો શી રીતે?' મેં ઉત્તર આપ્યો, 'વધુ તો કંઈ મેં કર્યું નથી. હા, એને કેમ બેસવું એ શીખવ્યું છે.'

એ કાળમાં બંગાળમાં જેટલા જમીનદારો હતા તે સૌએ મળી એક સોસાએટી સ્થાપેલી. એનું નામ 'લૅન્ડ હોલ્ડર્સ એસોસીએશન.' સિંહ મહાશય એના પ્રમુખ હતા. વૂડરૉફ અને બ્લાન્ટ પણ એમાં ભળ્યા. સુરેન કેડ કસીને એના કામકાજમાં પડ્યો હતો. સૌ પ્રથમ આ વિચાર એના માથામાંથી જ ઉદ્ભવ્યો કે એક ચિત્રપ્રદર્શન યોજવું જોઇએ. મારાં જે થોડાંક ચિત્રો હતાં તે, ઓકાકુરા પોતાની સાથે થોડાંક જાપાની ચિત્રો લાવ્યા હતા તે, તેમજ અહીંતહીંથી થોડાંક બીજાં ચિત્રો મેળવ્યાં. આ ચિત્રોથી જ એ પ્રદર્શન ગોઠવાયું હતું લૅન્ડ હોલ્ડર્સ એસોસીએશનનું એક મોટું મકાન હતું. એના ભોંયતળિયે બિલિયર્ડ રૂમ ને વાંચન ખંડ હતાં. મેડા ઉપર દૂરથી, બહારથી આવનાર સભ્યોને ઊતરવા-કરવાની સવડ રાખી હતી. સુરેને એ બિલિયર્ડ રૂમમાં જ પ્રદર્શન ગોઠવવા વિચાર કર્યો. મિ. સિંહાએ કહ્યું કે આ ચિત્રોમાં તો મને કશી સમજણ નથી પડતી; પણ તમારે પ્રદર્શન માટે આ ખંડ વાપરવો હોય તો ભલે વાપરો.' ને ત્યાં જ બધાં ચિત્રો ગોઠવાયાં. સારી પેઠે લોકો એ જોવા આવતા. અમને પણ એ ગમતું. થોડા દિવસ વધુ એ ચાલે એમ અમે ઈચ્છતા હતા પણ બીજી બાજુ એ એસોસીએશનમાં ઘણા યુવાન બૅરિસ્ટરો સભ્ય હતા. વિલાયતથી તાજા જ પાછા ફરેલા; રોજ સાંજે આવ-

નારા; બિલિયર્ડ રમે ને બ્રિજનો અખાડો જમાવે; એમને બહુ અગવડ પડવા માંડી. એ સાંભળતાં અમે તુરતાતુરત ચિત્રો દીવાલ પરથી ઉતારી લીધાં. એ પ્રદર્શનમાં જ વૂડરૉફ, બ્લાન્ટ વગેરે સાથે મૈત્રી જામી. અમારા ચિત્રોનું એ પ્રથમ જ પ્રદર્શન હતું.

તે પછી બે ત્રણ વર્ષે હૅવેલ સાહેબે એમની નાની આર્ટ સ્કૂલને વધુ વ્યવસ્થિત કરવા વિચાર કર્યો. એને માટે એક સમિતિ રચાઈ. એમાં અમે પૂરો સહકાર આપ્યો. લૅન્ડ હોલ્ડર્સમાંથી પણ કોક કોક આવ્યું. ઉત્તરપાડાના રાજા પ્યારીમોહન પણ આવ્યા. લૉર્ડ કિચનર એના પ્રમુખ થયા. એનું મંત્રીપદ સ્વીકારવા હૅવેલે મને કહ્યું; પણ મેં કહ્યું કે એ બધી પળોજણમાં મારું કામ નહિ. હું કોઇ કાળે ય ત્યાં ન હોઉં? પણ એ છોડે જ શાના? આખરે સહમંત્રી થયો. ઠીક ઠીક વખત સુધી મેં લૉર્ડ કિચનર જેના પ્રમુખ હતા તેવી એ સંસ્થાનું મંત્રીપદ સંભાળેલું. એકવાર એમણે ફૉર્ટ વિલિયમમાં પોતાને ત્યાં એક પાર્ટી યોજેલી. અજબ હતું એમનું નિવાસસ્થાન. અહીં સંત્રી, ત્યાં સંત્રી, ચારે તરફ બંદુકધારી સંત્રીઓ! જોતાં જ છાતીમાં ફડકો પડે. રસ્તા પણ કેવા કેવા! ગાડી ફરીફરી ને પહેલે માળે યા બીજા માળે બરાબર એમના ખંડ સામે જઈને ઊભી રહેતી! વિવિધ વસ્તુઓનો સંગ્રહ હતો એમની પાસે. લગભગ હમેશ તેમની પાસે જવાનું થતું. પેલી પાર્ટીમાં અનેક મહેમાનો આવ્યા હતા. એક રાજવી મને મિત્ર બનાવી કહેવા લાગ્યા કે 'કોઈ પણ હિસાબે લૉર્ડ કિચનર સાથે મારી ઓળખાણ કરાવી દો!' મેં જોયું તો લૉર્ડ કિચનર ત્યારે તેમની સ્ત્રી સાથે એક ફૂલવાડીમાં વાતોમાં મશગુલ હતા. એમના હાવભાવ જોતાં જ કળાતું હતું કે અત્યારે એ બહુ તલ્લીન છે. મને થયું કે અત્યારે સમય નથી ત્યાં જવાનો. કોણ જાણે; મિલિટરી સ્વભાવનો માણસ છે; ગોળીએ દઈ દે તો? બીજી બાજુથી પેલા રાજવી તો ધોંકો માર્યા જ કરે. શું કરું? ખમચાતો ખમચાતો જરા આગળ ગયો. વાતચીતને વચગાળે સાહેબે જરા પાછળ જોયું કે તરત પેલા રાજાને આગળ કરી મેં કહ્યું કે આ છે......ના રાજા! સાહેબે હાથ લંબાવી શેકહૅન્ડ કરી કહ્યું, 'વેલ ટાગોર, ટેઈક હિમ અપસ્ટેર્સ ઍન્ડ શો હિમ માઈ કલેકશન પ્લીઝ' અને રાજા સાથે મેં ત્યાંથી વિદાય લીધી. લૉર્ડ સાથે શેકહૅન્ડ કરવાનું મળ્યાથી જ રાજા તો ખુશ ખુશ થઈ ગયા હતા!

હવે આ સોસાએટીને નામ શું આપવું એ પ્રશ્ન ઊભો થયો. કોઈએ ઠરાવ મૂક્યો કે એનું નામ 'ઓરીએન્ટલ આર્ટ સોસાએટી' રાખવું. મેં સૂચવ્યું કે આનું નામ 'ઇન્ડિયન સોસાએટી ઑફ ઑરીએન્ટલ આર્ટ' રાખવું. માત્ર બંગાળી જ નહિ પણ બેઉ સંપ્રદાય એમાં સમ્મત થયા. મોટા ભાઈ પણ હતા. ઘણા એના સ્થાયી સભ્ય થયા. પાર્ક સ્ટ્રીટમાં મકાન ભાડે રખાયું. કલાકારો ત્યાં કામ કરશે, કોઈ ત્યાં રહેવા ઇચ્છશે તો રહી પણ શકશે, એવી વ્યવસ્થા થઈ. આર્ટ સ્કૂલના વિશાળ ખંડમાં બે ત્રણ ચિત્ર પ્રદર્શનો યોજાયાં. વૂડરૉફે 'જાપાની પ્રિન્ટ'-નો તેમનો સંગ્રહ આપ્યો. ગેરિંગ નામની એક ગોરી બાઈએ ઋતુએ-ઋતુનાં ફૂલો દેશી ધોરણે ચીતર્યાં હતાં તે પણ એકવાર પ્રદર્શનમાં મુકાયાં. જોતજોતાંમાં અમારી સોસાએટી ઠીક ઠીક જામી ગઈ. વ્યાપારી વર્ગ, સિવિલિયનો, સરકારી અધિકારીઓ, લાટ-બડા લાટ, જજ-મૅજિસ્ટ્રેટો અને રાજવીઓ એમ તમામ વર્ગે એમાં સારો સહકાર આપ્યો. બધા કંઈ નહિ ને કંઈ કરતા રહેતા. વૂડરૉફ તેનું કૅટલૉગ તૈયાર કરતા. ત્યારે કેટલૉગ એ એક સાહિત્ય જ હતું. પ્રત્યેક ચિત્ર-નીચે તેનું કથયિતવ્ય લખાતું. મારું અંગ્રેજી બહું સારું નહોતું, છતાં ભાંગીતૂટી અંગ્રેજીમાં જેમતેમ લખી આપતો, ને વૂડરૉફ એના પરથી સુંદર અંગ્રેજીમાં બધુ લખતા.

અમારી દેખાદેખીએ બીજા આર્ટિસ્ટોએ પોતાની એક બીજી સોસાએટી સ્થાપવાનું નક્કી કર્યું. ત્યારે હરિનારાયણ બસુ આર્ટ સ્કૂલમાં વાઈસ પ્રિન્સિપાલ હતા. વરદાકાન્ત દત્ત હતા સેકન્ડ માસ્ટર. ત્રીજા બાઉ બઝારની આર્ટ સ્કૂલના સ્થાપક મન્મથ ચક્રવર્તી. એ બધાએ મળીને નક્કી કર્યું કે એ માટે એક સભા મેળવી બધી વ્યવસ્થા કરવી. પણ સભા મેળવવી ક્યાં? એ લોકો મને પણ એમની સાથે રાખવા ઇચ્છતા હતા. આખરે નક્કી થયું કે સભા અમારા મકાનમાં જ મળશે. બધી ગોઠવણ થઇ ગઈ. ખાણીપીણીની પણ વ્યવસ્થા થઇ હતી. હવે એ સભાની કાર્યવાહી કઈ રીતે ચલાવવી તેને અંગે ચર્ચા ચાલી. પણ એ ચર્ચા જ એક મહા તુમુલ જેવી બની ગઈ. એકે કહ્યું કે 'હું શા માટે પ્રમુખ થાઉં?' તો બીજાએ કહ્યું કે 'અમુક હોવા છતાં આનો ભાર મારા ઉપર શા માટે?' વગેરે. છેવટ સુધી કંઈ જ ન થયું. સૌને ત્યાં જ અટકી જવું પડયું. મેં કહ્યું કે 'જો પ્રારંભથી જ આ ઢંગ છે તો એમાં મારું કામ નથી, બાપુ.' અને બધી જ 'સ્કીમ' ભાંગી પડી.

અમારી સોસાએટી તદ્દન જુદા જ પ્રકારની હતી. અમે તો એક એવું છત્ર ઊભું કર્યું હતું કે જેની નીચે મળીને દેશી વિદેશી સહુ એકત્ર થઈ કલાની ઉન્નતિ અંગે વિચારે, અને માત્ર ભારતીય જ નહિ પણ સમગ્ર પ્રાચ્ય કળાની બધી સામગ્રી સહુને બતાવવામાં આવે. એમાં એવી યે ગોઠવણ હતી કે જેની પાસે પોતીકો વ્યક્તિગત સંગ્રહ હોય તે પણ બતાવી શકાય. અવારનવાર કોઈક સભ્યને ત્યાં પણ ભેગા મળતા. બધા સભ્યો ત્યાં આવતા, આનંદ-વિનોદ, ખાણીપીણી, કળા વિષે ચર્ચા-વિચારણા બધું જ ચાલતું. વૂડરૉફને ત્યાં પાર્ટી હોય ત્યારે તેઓ પાન પણ મંગાવતા. એ દિવસોમાં ગોરાઓને ત્યાં પણ ફૂલમાળા ને પાનનું ચલણ ચાલુ થઈ ગએલું. ઉપરાંત દેશદેશની જે કંઈ સુંદર સામગ્રી સાંપડતી તે પ્રદર્શનમાં રજૂ કરી દેતાં. એ બધાં પ્રદર્શનો પણ એક મહામેળા જેવાં બની રહેતાં. વિવિધ કારીગરીનાં કાચનાં વાસણ, શેતરંજીઓ, સુંદર પૂતળાંઓ, ઘરેણાં, ચિત્રો, કંઈ જ એમાંથી બકાત રહેતું નહિ. છતાં બધી જ ચૂંટેલી ને ચુનંદી સામગ્રી રહેતી. જેવીતેવી વસ્તુઓ ત્યાં ચલાવી લેવામાં આવતી નહોતી.

એક વાર આવા જ એક મોટા વાર્ષિક પ્રદર્શનની વાત વિચારાતી હતી વૂડરૉફે કહ્યું કે આ વખતે ભારતવર્ષના સ્થળે સ્થળની સુંદર ને નોંધપાત્ર સામગ્રી ભેગી કરવી છે. ત્રણ મહિના પહેલાંથી ઠેકાણે ઠેકાણે પત્રો લખાયા. ક્યાંક ક્યાંક તો અમારા તરફથી માણસ પણ મોકલીને સામગ્રી એકઠી કરીને મંગાવવામાં આવી. ક્યાંકક્યાંક વળી સામગ્રીની રવાનગી માટે નાણાં યે મોકલવામાં આવ્યાં, અને થોડા દિવસો પછી જુદે જુદે ઠેકાણેથી હળવા-ભારે પાર્સલો આવવાં શરૂ થયાં. એ પાર્સલો ખોલવાનો અમારો આનંદ પણ કંઈ ઓર જ હતો. અમારી ચારે બાજુ પૅકિંગ-બૉક્સ ઊઘડતાં. દિલ્હીથી સુન્દર સુન્દર પેટીઓ આવેલી; કાશ્મીરથી વિધવિધ શાલ ને ગૃહોદ્યોગની વસ્તુઓ આવેલી, તેમાં એક જૂનો સરસ કારીગીરીવાળો ખડિયો હતો તે હજુયે મને યાદ છે. મોટા મોટા ગાલીચા, કૃષ્ણનગરનાં પૂતળાંઓ, મુંબાઈથી આવેલાં મોટા મોટા કદનાં ચિત્રો, લખનૌથી બાદશાહ બેગમનાં તેઓ રમતાં તે તેમનાં જ નાનાં ચિત્રોવાળા ગંજીપા, ઓરિસ્સાથી ત્યાનાં પટ્ટચિત્રો અને ગંજામથી આવી હાથીદાંતમાંથી કોતરેલી ત્રણ મૂર્તિઓ,—એક કૂર્મ અવતારની, બીજી રાધાકૃષ્ણ-વિહારની. (જો કે એ સૌકોઇને બતાવવા જેવી નહોતી છતાં એ અજબ મૂર્તિ હતી. જામેલા હાથનું એ કામ હતું. એ જોતાં જ વૂડરૉફ બોલી ઊઠયા કે 'મારે આવી જ એક મૂર્તિ જોઈએ છે. કોઇ પણ હિસાબે ને ખર્ચે

તમે મને એ મેળવી આપજો.' આચારી માસ્તરને સંદેશો મોકલી બોલાવ્યા. લાકડાની મૂર્તિનું કામ એ ખૂબ સુંદર કરતા. એમને આદેશ આપ્યો કે સારામાં સારા ચંદનકાષ્ઠમાંથી તમે આની બે નકલ બનાવી આપો. થોડા દિવસો પછી તેણે બે સુંદર મૂર્તિઓ હાજર કરી દીધી. મૂર્તિ અદલ અસલ જેવી બનાવી હતી. એમાંથી એક વૂ રૅાક-ને આપી અને એક મેં રાખી.) ત્રીજી મૂર્તિ હતી કૃષ્ણની. અર્ધો હાથ જેટલી ઊંચી. મોં પાસે બંસરી ધરી રાખી છે. શું એનાં ભાવ-ભંગી હતાં? શું કહું? મૂર્તિ જોઇને હું તો સ્તબ્ધ—અવાક જ થઇ ગયો. અદ્-ભુત હતી એ મૂર્તિ. આઇવરી રંગ જૂનો થતાં સાચા સુવર્ણ જેવો જણાય છે! એ મૂર્તિ જોતાં જ ન જાણે શાને પણ મને થયું કે નક્કી આની જોડી હોવી જોઈએ. આવા અદ્ભુત સુન્દર કૃષ્ણ રાધા વિનાના હોય જ નહિ. એક કાળે આ યુગલ મૂર્તિની પૂજા થતી જ હશે. એ જોડીમાંથી વિખૂટી પડેલી રાધા મારે જોઇએ જ. ગંજામથી જે સજ્જને આ મૂર્તિ મોકલેલી તેમને પત્ર લખ્યો. તેમણે જણાવ્યું કે અતિ જૂના કાળની આ મૂર્તિ છે. ઘણી શોધખોળ પછી મળી છે, પણ રાધાના કંઈજ ખબર એમને નથી! ખેર, પ્રદર્શન સમાપ્ત થયું, પણ મનનો ખટકો મટતો નહોતો. જેને મળતો તેને પૂછતો. દિલ્હી દર-બારમાં ભરાએલ પ્રદર્શનમાં પણ આ ત્રણે મૂર્તિ હતી તે તેનાં કૅટલૉગ પરથી જાણવા મળ્યું. સહુને એ કૅટલોગમાં આવેલાં તેનાં ચિત્રો દેખાડી કહેતો કે 'આ કૃષ્ણની રાધા ક્યાંક મળી આવે તો ખબર આપશો.'

ગિરિધારી નામનો એક ઉડિયો કારીગર સોસાએટીનું કામ કરવા આવ્યો. એના વડદાદા બહુ નિષ્ણાત કારીગર હતા. એણે ઘડેલી લાકડાની ત્રણ સખી મારી પાસે છે. અતિશય સુંદર કારીગરી એમાં દાખવી છે એણે. ગિરધારી કહેતો કે એના વડદાદા પૂતળાંમાં પ્રાણ-પ્રતિષ્ઠા પણ કરી શકતા! એ એક ઉત્સવનો પ્રસંગ હતો. ગિરિધારીને મોંએ સાંભળેલું કે ત્યારે એ તદ્દન નાનો હતો. પાસે જવાની તો એને રજા જ નહોતી, પણ ઉત્સવની ધમાલમાં એણે તે જોએલું. એક વાર પુરીના રાજવીને મન થયું, ને એણે કહ્યું કે 'મારે નજરોનજર જોવું છે કે પૂતળાંઓ પોતે આવીને જગન્નાથને કઈ રીતે પ્રણમે છે.' અને ગિરિધારીના વડદાદાએ તે પૂતળાં બનાવેલાં. પૂતળાં લઇને એ જગ-ન્નાથના મંદિર પાસે ગયો. રાજવી વગેરે પણ ત્યાં આવેલા. કારીગરે પૂતળાં ત્યાં મૂકી દીધાં અને પૂતળાં આપમેળે પગલીઓ માંડતાં પગથિયાં ચડી, જગન્નાથને પ્રણામ કરીને નીચે આવ્યાં! એ દૃશ્ય જોઈ સહુ અવાક બની ગયાં. રાજાએ સારો એવો શિરપાવ આપી કારીગરને ખુશ કર્યો. હવે એ જ ગિરિધારીને હું કહેતો, બીજા તેવા વ્યાપારીને કહેતો, મને આ બધી સામગ્રી લાવી આપનારને કહેતો, પણ કોઈ જ પેલી ખોવાએલી રાધાના ખબર આપી શક્યું નહિ.

માતાપ્રસાદ નામનો લખનૌનો એક આવો જ વ્યાપારી હતો. હું જે કંઇ માગું તે લાવીને એ હાજર કરી દેતો. તેને પણ કહી રાખેલું કે મારે પેલી રાધિકા જોઇએ છે. ઘણા સમય પછી અનેકવિધ સામગ્રી લઈને એ આવ્યો. હું વરંડામાં બેઠો હતો. એ થેલીમાંથી એક પછી એક ચીજ કાઢી મને આપતો જતો હતો. હું એ જોઈજોઈ રાખવાની એક બાજુએ મૂકીને બાકીની એને પાછી આપતો હતો. એકદમ આખરે એણે હાથીદાંતની એક જૂની મૂર્તિ કાઢી. લખનૌ તરફથી એણે એ મેળવેલી. એણે કહ્યું કે 'આ ખંડિત મૂર્તિ તમને ગમશે કે કેમ એ નથી જાણતો.' અને મૂર્તિ એણે મારા હાથમાં મૂકી. પણ એ મૂર્તિ હાથમાં આવતાંની સાથે જ મારું હૈયું જોરથી ધબકવા માંડ્યું. એ જ હતી મારી અતિ વાંછિત ખોવાએલી રાધિકા! આજ સુધી જેને શોધતો ફરતો હતો તે! મારા મોંમાંથી શબ્દ નીકળતો નહોતો. રાધિકાના જે હાથમાં પદ્મ છે એ જ હાથ માત્ર હતો: બીજો હાથ ભાંગી ગએલો હતો. જુદાજુદા હાથમાં ફરતાંફરતાં એ હાથ ભાંગી ગયો હશે, અથવા તો એના પૂજકોએ જ હાથ ભાંગી જતાં એને ફગાવી દીધી હશે. ભગવાન જાણે! વેપારીએ માગી તેટલી કિંમત એને આપી હું મૂર્તિને લઈ ઘરમાં ચાલ્યો ગયો ને એ જ વખતે એક સારા સુતાર-મિસ્ત્રીને બોલાવી મારી રાધિકા માટે એક હાથ ઊંચું એક મંદિર બનાવવા ફરમાન કર્યું. કહ્યું, 'એ જાતનું મંદિર બનાવજે જેમાં રાધિકાને મૂકી હું એને ઈચ્છા મુજબ ફેરવીને જોઈ શકું. મંદિરની નીચે એક કળ મૂકજે કે જે ફેરવતાં જ અંદર રાધિકા ફરતી ફરવા માંડે.' અને એ એક એવું જ "ચીજ" મંદિર બનાવીને લઈ આવ્યો. એ મંદિરમાં રાધિકાની પ્રતિષ્ઠા કરી મંદિર અલકની બાને સોંપતાં મેં કહ્યું, 'આને જતનથી જાળવીને રાખજે.' એણે એ મંદિર સહિત રાધિકાને કાળજીપૂર્વક પોતાના કપડાંના કબાટમાં મૂકી. વચ્ચેવચ્ચે મન થાય ત્યારે બહાર કાઢીને એ જોઉં, કોઈ બહારથી આવે તેને બતાવું ને પાછી ઠેકાણે મૂકી દઉં

એ પછી ઘણાં વર્ષો વીતી ગયાં. ઘણા વખતથી રાધિકાનાં દર્શન નહોતાં કર્યાં. એ યાદ પણ નહોતી. એક દિવસે મિલાડા આવેલા. તેની સાથેની વાતોમાં રાધિકાની વાત યાદ આવી ગઈ. મિલાડા બસ 'વીનસ વીનસ' કર્યા કરે. થયું કે આ વખતે તો એનો ગર્વ ગાળી નાખું. વીરૂને બોલાવીને કહ્યું કે મારી પેલી રાધિકા લઈ આવ. વીરૂએ અંદર જઇ પારૂલને કહ્યું. પણ પારૂલને એ શોધ્યા છતાં ન મળે! એટલે હું અંદર ગયો. મેં કહ્યું, 'આ શી વાત છે? રાધિકા જાય ક્યાં? મેં જાતે જ આ કબાટમાં સંભાળપૂર્વક મૂકી છે ને?' મનોમન ભય જાગ્યો કે કોઈ ઉઠાવી તો નથી ગયું ને? અને હૃદયમાં તોફાન મચી ગયું. અલકની બા માંદી રહેતી. એને કંઈ યાદ ન રહેતું. તેને પૂછ્યું. જવાબ મળ્યો કે ત્યાં જ શોધો, ત્યાં જ તો મેં મૂક્યું છે. ચાવી લઇ પારૂલે ફરી કબાટ ફંફોળ્યો, પણ મંદિર ક્યાંય દેખાયું નહિ. પારૂલે નીચેના ખાનામાંથી લાકડાનું એક બાકસ કાઢ્યું. એમાંથી લાકડાનું એક જાપાનીઝ પૂતળું નીકળ્યું મૅડમ ટાન એક વાર અનેકવિધ વસ્તુઓ જાવાથી લાવેલાં. વિચિત્રા હૉલમાં અમે એનું પ્રદર્શન ભરેલું. તેમાં બે પૂતળાં હતાં, એક રાજકુમારીનું અને બીજું તેની સહિયરનું. એ પણ ભારે સુંદર હતું. લાલ સાડી પહેરેલી, અંબોડો ગૂંથેલો અને પાછું એમાં ફૂલ પણ ખોસેલું. પારૂલે એ પૂતળું હાથમાં લઇ કહ્યું આ જ કે? મેં કહ્યું, 'ના રે ના. આ તો રાણીની દાસી છે. રાધિકા તો રાણી છે. એનો ચહેરોમહોરો આવો હોય? શોધો, શોધો, બધું ઉતારીને જુઓ. અહીં જ હતું. અહીં જ છે. જશે ક્યાં?' બધી જ વસ્તુ ઉતારી, પણ રાધિકાવાળું મંદિર ન દેખાયું. મારી જાતે દરેક ખાનું ફંફોળવા લાગ્યો, કપાળેથી પરસેવાનાં ટીપાં પડવા લાગ્યાં. આખરે એક ખૂણામાં એક મોટો પર્શિયન કાચ હતો તે ખસેડતાં જ રાધિકાનું મંદિર દેખાયું! હું આનંદથી બૂમ પાડી ઊઠ્યો, 'મળ્યું, મળ્યું! જુઓ જુઓ, આ રહી મારી રાધિકા, હતી તેવી જ છે.'

બહુ જતનથી જાળવીને રાખવા જતાં મેં અને અલકની બાએ એ મંદિરને પેલા કાચની પાછળ છુપાવી રાખેલું તે અમને કોઇને યાદ રહ્યું નહોતું. ખેર, એ તો મળી ગયું. પારૂલને કહ્યું કે હવે ભુલાય નહિ એનો ખ્યાલ રાખજે. પછી વરંડામાં આવી ઝૂલતી ખુરશી ઉપર ઝૂલતાં ઝૂલતાં કહ્યું કે હવે જાઓ પેલા મિલાડાને બોલાવો. મિલાડા આવ્યા. મેં એને કહ્યું, 'તમે વારે વારે વીનસ વીનસ કર્યા કરો છો તો એક વાર આને નિહાળીને જુઓ. તમારી વીનસ આની પાસે પાણી ભરે પાણી! આમ કહી એક હાથે મંદિર ઝાલી રાખી બીજે હાથે એનું

કપાસ આ તમે જાણતા હતા?

કપાસનો ઉપયોગ દુનિયાના અન્ય ભાગોમાં થયો તે પહેલાં આપણા દેશમાં સદીઓથી–લગભગ ૫૦૦૦ વરસથી ચાલુ છે. આપણી અગાઉ પ્રાચીન ઈજિપ્શ્યનો એનો ઉપયોગ કરતા હોવાની એક માન્યતા હતી, પરંતુ ઇ. સ. ૧૮૯૪માં ત્યાંનાં મમી પર વીંટાળેલા પુરાતન કાપડની સૂક્ષ્મદર્શક યંત્ર વડે તપાસ કરવામાં આવતાં તે કપાસમાંથી નહિ પણ શણમાંથી બનાવેલું જણાયું હતું.

કોલંબસે અમેરિકા શોધ્યો તે પહેલાં ત્યાંના આદિવાસી ઇન્ડિયન લોકો સદીઓથી કપાસનો ઉપયોગ કરતા આવેલા. એમના કાપડની કેટલીક ભાત તો ખૂબ સુંદર હતી અને તેના નમૂના આજે ત્યાંનાં સંગ્રહાલયોમાં સંઘરાએલા છે. પરંતુ અમેરિકાના શરૂઆતના ગોરા વસાહતીઓને મન કપાસનું કંઈ મહત્ત્વ નહોતું. એ પહેલવહેલો ત્યાં વવાયો પણ ઠેઠ ઈ. સ. ૧૬૨૧માં, અને તે પણ ઘર કે બગીચાને શોભા આપતા છોડ તરીકે! તેની પદ્ધતિસર ખેતી તો બહુ મોડી શરૂ થઇ. આજે એ જ અમેરિકા કપાસના ઉત્પાદનમા દુનિયા આખીમાં મોખરે છે. ત્યાં એ એટલો થોકબંધ ઉત્પન્ન થાય છે કે તેની ખપત ઉપરાંત વધી પડતા જથ્થા માટે જુદાજુદા ઉપયોગો શોધાવા માંડયા છે. અને એમાંનો એક ઉપયોગ છે કપાસની સડકો બનાવવાનો! કપાસને ડામર સાથે કાલવીને બનાવેલા કેટલા યે રસ્તા આજે અમેરિકામાં અસ્તિત્વમાં છે.


માત્ર અમેરિકા જ નહિ, પણ યુરોપ સુદ્ધાં શરૂઆતમા કપાસનું મહત્ત્વ સમજ્યું નહોતું. આજથી ૨૦૦ વર્ષ પર ઇંગ્લંડમાં તો કપાસમાંથી બનાવેલાં વસ્ત્રો પહેરવાં એ ગુનો ગણાતો અને એની આયાત કરનાર દંડ અથવા જેલને પાત્ર થતો! પછી ધીમેધીમે કપાસનો ઉપયોગ શરૂ થયો. પણ તે હાથે લોઢવામાં બહુ શ્રમ પડતો. પાછળથી એલી વ્હીટનીએ લોઢવાનું યંત્ર શોધી કાઢતાં સૂતરાઉ કાપડનો ઉપયોગ ઝડપભેર વધી ગયો ને કપાસની ખેતી પણ દુનિયાભરમા ખૂબ વધી.

આજે કપાસ એ દુનિયાનો સૌથી અગત્યનો પાક છે. એમાંથી છૂટા પાડેલા કપાસિયા પીલીને તેલ કાઢવામાં આવે છે જે તરેહવાર ઉપયોગમાં આવે છે. તેલ કાઢી લીધા બાદ બાકી વધેલા તેના કૂચામાંથી ખોળ, ખાતર, મીણબત્તી, ગ્રામોફોન રેકોર્ડ વગેરે બને છે, જ્યારે ખુદ કપાસને અમુક રાસાયણિક પ્રક્રિયામાંથી પસાર કરી તેમાંથી વૉલ પેપર, ટાઈપિંગ-પેપર, ફોટોગ્રાફિક ફિલ્મો તથા દારૂગોળા માટેના સ્ફોટક દ્રવ્યો સુદ્ધાં બનાવવામાં આવે છે!

કપાસ લોઢવાની મુશ્કેલી ટળી, પણ એનાં કાલાં વીણવાની મુશ્કેલી હજુ રહી છે. એકેક કરીને એ વીણવામાં પુષ્કળ વખત જાય છે. જોકે હવે તો કાલાં વીણવાનું પણ યંત્ર શોધાયું છે. એ યંત્રની બનાવટ આ પ્રકારની હોવાનું બહાર આવ્યું છે: કપાસના છોડ સામે એ યંત્ર ધરતાં એમાંની ફોટો-ઇલેક્ટ્રિક સેલ છોડ પર પ્રકાશ નાખે છે. આ પ્રકાશથી માત્ર ખૂલી ગએલાં કાલાં જ યંત્રના 'પિકર'ને ગતિમાન કરે છે. કાચાં કાલાંની 'પિકર' પર કશી જ અસર નથી થતી. હાથ કરતાં આ યંત્રની કાલાં વીણવાની ઝડપ ૬૦ ગણી કહેવાય છે!

અન્ય દેશોની સરખામણીએ રશિયાએ કપાસની ખેતીમાં ખૂબ પ્રગતિ કરી છે. રંગીન કાપડ બનાવવા માટે સામાન્યતઃ સૂતરને કે કાપડને રંગવામાં આવે છે, પરંતુ રશિયામાં તો ખુદ કપાસ જ રંગીન ઊગે છે! ત્યાંના વિજ્ઞાનીઓ અનેક અખતરાઓ પછી લાલ, નારંગી, લીલા ને વાદળી રંગનો કપાસ ઉગાડવા શક્તિમાન નીવડયા છે. અને આ રંગો બનાવટી રંગો કરતાં ખૂબ પાકા હોય છે.

કાલાં વીણવામાં જતા સમયની વાત આપણે ઉપર કરી. આ બાબતમાં બનેલા એક રમૂજી બનાવનો ઉલ્લેખ છેલ્લે કરી લઈએ. થોડા સમય પર 'અમેરિકન બ્યૂરો ઑફ પ્લૅન્ટ ઇન્ડસ્ટ્રી'ની બેઠકમાં એક સભ્યે એવી દરખાસ્ત મૂકેલી કે વાંદરાઓને કાલાં વીણવાની તાલીમ આપવી. આ સાંભળતા જ ખેડૂતોનો ધસારો શરૂ થયો ને એવી તાલીમશાળા કયાં અને કયારથી શરૂ કરવામાં આવશે એની અઠવાડિયાંઓ સુધી પૂછપરછ ચાલુ રહેલી!



દ્વાર ઉઘાડી નાખ્યું. મિલાડા એ મૂર્તિ જોઇને ઠરી જ ગયો! હું જરા વાર મિલાડાના મોં પરના ભાવો જોઉં અને નીચેની ચાવી ફેરવું કે રાધિકા ફરતી ફરવા લાગે ને પાછી ઊભી રહે. એને આગળથી, પાછળથી ચારે બાજુએથી દેખાડી. જે હાથમાં પદ્મ છે એ બતાવ્યો અને પછી પેલો ખંડિત હાથ પણ બતાવ્યો ને કહ્યું કે,'જુઓ, બધું બરાબર ઝીણવટથી જુઓ. તમારી વીનસને પણ હાથ નથી, એના કયા હાથમાં કઈ ચીજ હતી તે પણ કોઇએ કહી જાણ્યું નથી. અને આ મારી રાધિકાને પણ હાથ નથી.આ છે મારી ખંડિત રાધિકા.પુરીના રાજવીને જેમ ખંડિત રાણી હતી એમ જ આ મારી ખંડિત રાધિકા છે.'

એ ખંડિત રાણીની વાત તમે જાણો છો? પુરીના રાજા ચલન્ત વિષ્ણુ કહેવાય છે. રાજા રથને હાથ લગાડે ત્યારે રથ ચાલે. ઘણાઘણા વખત પહેલાં એક વાર રથયાત્રા નીકળવાની હતી. રાજા રથની આગળ જગન્નાથને ચામર ઢોળતા ચાલી રહ્યા છે. ચારે બાજુ લોકોની ભીડ જામી છે. રસ્તાની એક બાજુ એક અતિશય લાવણ્યવતી સુંદરી રાજાએ જોઇ. એ હતી એક ભિખારણ.છતાં એનું રૂપ જોઈ રાજા એના ઉપર મોહાયો. ઘેર પાછા વળીને એણે પેલી ભિખારણને બોલાવી પોતાની રાણી બનાવી. એ રાણીનો એક હાથ કપાએલો હતો. લોકો એને ખંડિત રાણી કહેતા. હું પુરી ગયો ત્યારે એ જીવતી હતી ને વૃદ્ધા બની ગઈ હતી. એના મકાનની બાજુમાં થઇને જતા પંડાઓ સમજાવતા કે આ મકાન પેલી ખંડી રાણીનું. ચલન્ત વિષ્ણુની એ ખંડિત રાણી સમયની સાથે વૃદ્ધત્વને પામી. પણ મારી આ ખંડિત રાધા! એનું રૂપ તો જેમજેમ સમય જાય છે તેમતેમ ખીલતું હોય તેમ લાગે છે.

(ચાલુ)

(રાણીચંદના બંગાળી પરથી)

રમણિક મેઘાણી

ઇન્દુ…કંચન…સુમન

હું નથી મુરબ્બી, નથી વકીલ કે નથી વૃદ્ધ, છતાં હમણાંહમણાંના કેટલાક લોકો વારંવાર મારી સલાહ પૂછવા લાગ્યા છે. દાખલાતરીકે છેલ્લા એક મહિનામાં ત્રણ નવમાતૃપદપ્રાપ્ત બહેનોએ પોતાના બાબાનું નામ શું પાડવું એ વિષે મારી સલાહ પૂછી. તમે કદાચ અદેખાઈના માર્યા બોલી ઊઠશો 'કે આવી સલાહ તો સૌને પુછાય છે. એમાં તમારે છાતી ફુલાવીને ફરવાની કંઇ જરૂર નથી.'

પણ સાંભળો તો ખરા! પોતાના બાબાનું નામ શું પાડવું એ તો જાણે ઘણી બેનો ઘણા ભાઈઓને પૂછે છે. પણ મને તો એમ પૂછ્યું કે 'આ બાબાનું કયું નામ પાડીએ તો એ તમારા જેવો લેખક બને?'

શાંતમ્ પાપમ્, શાંતમ્ પાપમ્' તમારે જરા ય ઊકળી પડવાની જરૂર નથી. હું લેખક નથી એ સાબિત કરી આપવા તમે ઉપરતળે થઈ રહ્યા છો તે હું જાણું છું. કોઇ મને લેખક ગણે ને પોતાના પુત્રને મારા જેવો લેખક બનાવવાની મહેચ્છા રાખે એ સાંભળીને તમને નવાઈ કરતાં તો ગુસ્સો વધારે ચડતો હશે એ પણ હું જાણું છું. પણ એવું છે ને ભાઈ, કે જગતમાં હજી થોડા મૂર્ખાઓ વસે છે. એવા લોકો મને લેખક ગણી પોતાના બાબાનું નામ પાડવામાં મારી સલાહ પૂછે તો તેમને તમારા જેવા સમજુ માણસોએ ક્ષમા આપવી જોઈએ.

'…એટલે તમે જ કહો કે આ બાબાનું નામ શું રાખીએ?' એ લોકો મને પૂછે છે.

હું ખૂબ ચિંતન કરીને સલાહ આપું છું: 'કોઈ સરસ નામ રાખો.'

'પણ તે કયું?' તમે જ શોધી આપો.

આવ પાણા પગ ઉપર! કાંઈ નહિ ને લોકોના બાબાનાં નામ શોધવાનાં? જીવનમાં કરવા જેવું એકમાત્ર કાર્ય તે ઈશ્વરની શોધ કરવાનું છે એમ અનેક સંતો મહંતોએ કહ્યું છે. સામાન્યરીતે હું એ ઉપદેશ અનુસાર નથી ચાલતો. પરંતુ જ્યારે મને કોઇ પોતાનાં બેબી–બાબા માટે નામની શોધ કરવાનું કહે છે ત્યારે મને તરત થાય છે કે એના કરતાં ઈશ્વરની શોધ કરવી વધુ સારી; કારણ એ શોધમાં સફળ થઇએ તો પયગંબર બની જવાય, જ્યારે નામ શોધી આપીને તો કોઈની ગાળ જ ખાવાની હોય છે. કેમકે બહેનોનો સ્વભાવ હોય છે કે એમણે આપણને કહ્યું હોય છે તેમ બીજા પણ અનેક જણને નામ શોધી આપવાનું કહ્યું હોય છે. આપણે નામ શોધી આપીએ એટલે એ નામ બીજા આગળ ધરીને એ પૂછે છે, 'પેલા ભાઇએ તો આ નામ કહ્યું છે. તમને કેવું લાગે છે?' અને જવાબમાં પેલો વિવેચક, 'આવું ધૂળ જેવું નામ કયા ગધ્ધાએ શોધ્યું?' એમ કહીને આપણને પુષ્પાંજલિ સમર્પે છે.

વળી બીજી વાત એમ છે કે માત્ર નામ શોધવામાં ખાસ મુશ્કેલી નથી, પણ એ નામવાળો બિરાદર મોટો થઇને લેખક જ બને એવું ચમત્કારિક નામ કેમ શોધવું? મંત્રેલાં માદળિયાં ખાસ તેવાર મળે છે પણ આવાં મંત્રેલાં નામ હજી જાણ્યાં નથી. નરસિંહ ભગતથી માંડીને તે નિરંજન ભગત સુધીના કવિઓનાં નામ કવિઓ જેવાં લાગે છે કારણ કે એ કવિઓ છે જ. પણ કવિઓ જેવાં એમનાં નામ છે એટલે જ એ કવિઓ થયા એમ તો ન જ કહી શકાય ને? અને છતાં ય બહેનો કહે છે, 'અમારા બાબાનું નામ એવું પાડી આપો કે એ મોટો થઇને તમારા જેવો…' આખું નથી લખતો, કારણ વારંવાર તમને ગુસ્સે કરવા ઠીક નથી.

આવાં એક બહેનને મેં કહ્યું, 'એમ કરો; બાબાનું નામ કનૈયાલાલ રાખો. એ નામ રાખશો તો એ મુનશી જેવો મહાન લેખક થશે'.

'કયા મુનશી? પેલા છાપાંમાં કવિતાઓ આપે છે એ તો નહિ? એ કવિતાઓ તો મુઇ વાંચવી ય ના ગમે એવી આવે છે!'

'મુનશી કવિતાઓ નથી લખતા, નવલકથાઓ લખે છે.'

'નવલકથાઓ લખે છે તે? હા. હા. પેલા વડોદરામાં રહે છે એ તો નહિ? હમણાં પેલી હરીફાઇમાં એમને કંઇ ઈનામ લાગ્યું હશે તે છાપામાં એમના ફોટા ય આવેલા ..'

'જુઓ, તમે ગોટાળા ના કરી મૂકો. વડોદરામાં રહે છે એ નવલકથાકાર તો બીજા. અને એમને ઇનામ લાગ્યું નહિ હોય પણ એ શબ્દરચના હરીફાઇની ઉકેલસમિતિમાં હશે એટલે એમનો ફોટો આવ્યો હશે. હું કહું છું એ તો કનૈયાલાલ મુનશી. પેલાં લીલાવતીબહેન છે ને, એમના…'

'હં, હં! ત્યારે એમ કહોને! પેલું કેરીના ગોટલાનું ને શક્કરિયાના નારેતાનું ને ઝાડ ઉગાડવાનું ને એવું બધું છાપામાં આવતું હતું એ લીલાવતીબહેન ને? તે એમના વર નવલકથાઓ લખે છે?' મેં મનમાં જગન્નિયંતાનું નામ લઇને મૌન સેવ્યું. બોલવા જેવું હતું ય શું? 'પણ તે કનૈયાલાલ તો જૂનું નામ છે.'

''તો 'કેતન' રાખો. સારું નામ છે, નવું છે ને લેખકનું પણ છે.''

'પણ બાબાની રાશિ પ્રમાણે તો બ. વ. કે ઉ. અક્ષર ઉપર જ નામ પાડવું જોઈએ?

'તો…તો ઉમાશંકર નામ રાખો'.

'એ નામના કોઇ લેખક છે?' એમણે પ્રશ્ન કર્યો.

'હા,' મેં વાણી પર સંયમ રાખીને ટૂંકો જ જવાબ આપ્યો.

'તે એ ય નવલકથાઓ લખે છે?'

'ના, એ કવિતાઓ લખે છે.'

'પણ તે તો પેલા કનૈયાલાલ મુનશી છાપાંમાં લખે છે એવી જ કવિતાઓ ને?'

'જુઓ પાછાં! મેં કહ્યું ને, કે કનૈયાલાલ કવિતાઓ નથી લખતા.'

''હાં, હાં; વાર્તાઓ લખે છે. તો ભલે; તમે કહો છો તો 'ઉમાશંકર' નામ રાખીએ. પણ એના કરતાં બીજું કોઇ સારું નામ નથી?''

'લેખકોનાં નામ સારાં નથી હોતાં.' મેં અંતે કહ્યું.

'તો લેખકોનાં નામ પર કંઇ મ્હોર મારી છે? બીજું યે ચાલશે.'

'પણ તમે કહ્યું ને, કે એ મોટો થાય ત્યારે લેખક થાય એવું નામ તમારે જોઈએ છે?'

'ના રે ના, એ તો હું અમસ્તી કહેતી'તી. મારો બાબો તો છે-ને, તે…' બાબાને હુલાવતાં હુલાવતાં એમણે કહ્યું, 'છે ને તે… મો…ટો ડૉકટર થશે! ખરુંને બાબાભાઈ? ખરુંને? તું ડૉકટર થવાનો ને? હં? જો તો લુચ્ચો! કેવો હસે છે?…'

છે ને દુનિયા! મારી પાસે આટલી બધી મહેનત કરાવી અને અંતે કહે છે 'અમારો બાબો લેખક નહિ થાય…' ઠીક ભાઈ, ન થાય તો ધંધામાં એટલી હરીફાઇ ઓછી.

બાકી આ પ્રશ્ન વિચારવા જેવો છે ખરો. એવું તે કયું નામ રાખવું કે જે રાખ્યાથી તમને કશું ય ખાસ લખતાં ન આવડતું હોય તો ય તમે લેખક ગણાઇ જાઓ?

હું એ પર વિચાર કરતો હતો ત્યાં અમારા એક મિત્ર ઇન્દુભાઈ આવી પહોંચ્યા. એમની અર્થહીન વાર્તાઓ માટે એ અમારા મિત્રમંડળમાં જાણીતા છે. એમણે આવીને મને એમના પરનો એક પ્રકાશકનો પત્ર બતાવ્યો. એમાં લખેલું, 'તમારી વાર્તાઓનો સંગ્રહ તૈયાર છે એ જાણીને આનંદ થયો. લખાણ જરૂર મોકલી આપો. આપણે એ અંગે ઘટતું અવશ્ય કરીશું.'

એ વાંચીને મને નવાઈ લાગી. મેં એમને પૂછ્યું કે આ મંદીના જમાનામાં આટલા બધા પ્રેમથી તારી વાર્તાઓ—કે જેમાં કંઇ જ દમ નથી એ—છાપવા પ્રકાશક તૈયાર કેમ થયો છે એ જ સમજાતું નથી.

એણે મને પ્રકાશકનો કાગળ ફરીથી હાથમાં આપતાં કહ્યું, 'એ કાગળમાં મને કરેલું સંબોધન જો.'

મેં વાંચ્યું: 'સ્નેહ. ઇન્દુબેન, તમારી વાર્તાઓ...' વગેરે.

'અલ્યા, તું ''બહેન'' ક્યારથી થયો?' મેં પૂછ્યું.

'એ જ ખૂબી છે ને મારા નામની! ''ઈન્દુ મહેતા''ની વાર્તાઓ તો તેં વાંચી છે ને?'

'હા, ભાઇ હા; એમની તો ઘણી વાર્તાઓ છપાય છે,—તદ્દન કચરા જેવી હોય છે તો પણ!'

'બસ, તો એ વાર્તાઓ આ સેવકની જ હોય છે! ''ઈન્દુ'' નામ વાંચીને જ ઘણા તંત્રીશ્રીઓ માની બેસે છે કે એ વાર્તાઓના સર્જક ઇન્દુ ''બહેન'' જ હશે; અને બહેનોને ઉત્તેજન આપવાની શુભ ભાવનાથી એ ગમે તેવી વાર્તાઓ ય છાપી નાખે છે!'

'એટલે ઈન્દુ મહેતાને ઈન્દુભાઈ માનવાને બદલે એ લોકો ઇન્દુબહેન જ માની લે છે, એમ ને?'

'ઑફકોર્સ! આ પ્રકાશકભાઇનો પ્રેમપત્ર પણ ઈન્દુબહેન પર જ છે ને?' એણે હસતાંહસતાં કહ્યું.

તમારા બાબાને ગમે તે હિસાબે પણ લેખક બનાવવો જ હોય તો એનું નામ ઈન્દુ કે કંચન કે સુમન કે એવું કંઈક રાખો, કે જેને માત્ર ભાઈ કે લાલ લગાડવાથી એ છોકરાનું નામ બની જાય અને એમ ને એમ બોલતાં છોકરીનું નામ બની જાય! પછી ભાઇ કે લાલ લગાડ્યા વિના એ લખવા માંડશે એટલે એની કવિતાઓ અવશ્ય છપાશે, એની વાર્તાઓ વહેલી પ્રગટ થશે. અને જ્યાં સુધી તંત્રીઓ, વાચકો (હાસ્તો, લેખ કોઈ લેખિકાએ લખ્યો છે એટલે જ ખાસ વાંચી જનારા વાચકો પણ હોય છે!) ને પ્રકાશકોમાં સ્રીદાક્ષિણ્યની ભાવના થોડીઘણી પણ રહી છે ત્યાં સુધી 'ઇન્દુ' કે 'કંચન' નામધારી તમારા બાબાનું લેખક તરીકેનું ભાવિ ઉજ્જવળ છે.

પણ એટલું ધ્યાનમાં રાખવું કે લેખો ટપાલથી જ મોકલવા, જાતે આપવા જવું નહિ! નહિ તો અમારા લેખકમિત્ર ઇન્દુભાઇને એક માસિકના તંત્રીએ પૂછેલું એમ તમને ય કોઇ પૂછશે કે 'મિસ્ટર, તમે હમેશાં ઈન્દુ મહેતાની વાર્તાઓ આપવા આવો છો તે તમે—તમે શું એમના...એમના...આઇ મીન બ્રધર થાઓ છો? ઈન્દુબહેન પોતે કેમ નથી આવતાં? એમને ય ક્યારેક સાથે લેતા આવજો...'

પચ્ચીસ વર્ષ પહેલાં (અનુસંધાન પાછળના પાનેથી)

સાથે એ મેળવવામાં જોઇતી ખડતલતા દર્શાવતો, એ વખતે સાઈકલનાં પૈડાં તળે આખી દુનિયા કાઢી આવેલા ત્રણ પારસી સાઈક્લિસ્ટોનો સચિત્ર પરિચય માધુકરીમાં આવેલો. એ જગત-પ્રવાસ ખેડેલા એ જુવાનોનું સાહસ આગળના કોઈ પણ સફરી કરતાં ચડિયાતું હતું. વસેલો કે ઉજ્જડ, જગતનો કોઇ ભાગ એમણે પૈડાં નીચે પસાર કર્યા વિના નહોતો રહેવા દીધો એટલા માટે નહિ, પરંતુ કોઈ પણ સાઇક્લિસ્ટનું જિગર નહોતું ચાલ્યું એ રસ્તાઓમાં થઈ હિંમતભેર પસાર થયા એટલા માટે. ઈરાન, મેસોપોટેમિયા, સીરિયા, સીનાઈ ને સહરાનાં રણ સાઈકલ પર ઓળંગનાર એ પહેલા જ હતા. અમેરિકાના રૉકીઝ ઓળંગવાનો પણ એમના સિવાય બહુ જ થોડાએ પ્રયત્ન કર્યો હતો.

આ ને મ્હૈસુરના પ્રવાસવર્ણનમાંથી ત્યાંની વિખ્યાત, ભવ્ય ને મનોરમ 'ચામુંડા હિલ'-ના વર્ણનની વાનગી તો ઉતારવા જેવી છે:

'આ ટેકરી મ્હૈસુર શહેરથી પાંચ છ માઇલ દૂર છે, પણ આઘેથી મ્હૈસુરની પાછળ જ જાણે ઓથ આપી ઊભી હોય એમ લાગે. મ્હૈસુર પ્રાંતના વિશાળ સપાટ પ્રદેશ ઉપર એકલી લાંબી પડેલી એ ટેકરી ઉપર મ્હૈસુરનાં કુળદેવી ચામુંડા માતાનું મંદિર ઘણે દૂરથી દેખાય છે. ટેકરીની ઉંચાઇ નાના ગિરનાર જેટલી લાગે, પણ ટેકરી પર એવી સરસ સડકો છે કે મોટરો પણ ઝપાટાબંધ ઉપર લઇ જાય. માણસોને ચડવાનો હજાર પગથિયાંવાળો એક ટૂંકો રસ્તો યે છે. મોટરનો રસ્તો ટેકરી ફરતો બેત્રણ આંટા લે છે તેથી ચારે પાસનો લીલોછમ મુલક અને દૂરના ઘાટ તથા નીલગિરિનાં મનોહર દશ્ય જોવાની તક મળે છે. ટેકરી પર કશી વનસ્પતિ નથી, નર્યા પથ્થર જ છે. પરંતુ ઉપર ચડનારને આસપાસનું જે સૌંદર્ય દેખાય છે તેથી તૃપ્ત થઇને તે આ ખોટ ભૂલી જાય છે.

પણ માનવીની કળા પથ્થરને ય આકર્ષક અને પ્રભાવશાળી બનાવી શકે છે. આ ટેકરીના હાથી જેવડા પથ્થરોમાંથી પૂર્વકાળના કોઇ વિશ્વકર્માએ એક પ્રચંડ પોઠિયો કોરી કાઢ્યો છે. એટલા મોટા માપમાં, ત્યાં ને ત્યાં જ પડેલા પથ્થર ઉપર ટાંકણાં મારવા હાથ ઉપાડનારના મગજમાં આકૃતિ પર કેટલી પ્રભુતા હશે, હાથમાં કેટલું શૌર્ય હશે તેનો તો નજરે જોનારને જ ખયાલ આવે. માપમાં ક્યાંય ભૂલ નહિ; લક્ષણ અચૂક; દૂરથી જુઓ તો કોઇ સજીવ પોઠિયો નસકોરાં ફુલાવી રહેલો લાગે. કારીગરે માત્ર મોટું માપ જ નથી ઉઠાવ્યું, તેની ઉપર જે ઘંટાઓ અને અલંકારોની માળાઓ નાખી છે તેમાં યે કુશળતાભરી શુદ્ધ આકૃતિઓ કોરી છે.

ચામુંડા હિલ ઉપર સાંજના જ જવાની બધા ભલામણ કરે છે અને તે વાતની પાછળ રહેલું રહસ્ય, આખા શહેરમાં દીવાબત્તી થઈ જાય છે ત્યારે સમજાય છે. જાણે દીવાળી હોય એટલી રોશની ત્યાં ઝબકે છે. હજુ અંધારું થયું ન હોય એટલામાં થોડાથોડા દીવા દેખાય છે, તે જાણે મોતી વેરાયલ ચોકમાં! પણ પછી તો રાજમહેલની તેમજ ચોતરફના રસ્તાઓ પરની હારદોર રોશની ભૂરા આકાશ નીચે કોઇ પાતાળનગરનો ખયાલ આપે છે. રાજમહેલના સૌથી ઊંચા મકાન પરનો લાલ દીવો તેને એકદમ મધ્યવર્તી આકર્ષણ આપે છે. અરેબિયન નાઈટ્સનો અલાદીન જાદુઈ ભોંયરામાં ઊતર્યો ત્યારે તેને જેવી લાગણી થઈ હશે તેવી કંઇક એ દીવાઓથી થાય. રાજમહેલના દરવાજા આગળના મોટા ગોળ મેદાનની વચ્ચોવચ્ચ ચામરાજેન્દ્રનું સુંદર બાવલું છે. આઠેક ફૂટની વિશાળ પીઠ પર આરસની મોટી છત્રી નીચે તે ભવ્ય ઉઠાવમાં ગોઠવ્યું છે. રાત્રે છત્રીની વચમાંથી એક રોશની ઝબકે છે તે વખતે દિવસના કરતાં યે અનેકગણો વધારે ભાવ અને ગંભીરતા એ પૂતળા પર દેખાય છે.

પચ્ચીસ વર્ષ પહેલાં



વૈશાખ ૧૯૮૪
અંક ૫૩માંથી

ગયા માસની પેઠે આ મહિને પણ પહેલે પાને કાકાસાહેબ કાલેલકરનો એક જીવનને માર્ગદર્શક ને પ્રગતિમાન બનાવનારો ઉપયોગી લઘુલેખ અપાયો હતો જે સામેના કૉલમમાં ચોકડામાં ઉતાર્યો છે.

આજે તો ૯૫ વર્ષની વયની એ તપોવૃદ્ધ વિભૂતિની સેવા અને ચારિત્ર્યની ઊંચી મૂલ્યવત્તાથી આપણે સહુ પરિચિત છીએ. પણ આજથી બરાબર સાઠ વર્ષ પહેલાં, ૧૮૯૩માં, મહારાષ્ટ્રના સ્થિતિચુસ્ત સમાજમાં આર્ત અને અસહાય હિંદુ વિધવાની બાંહ્ય ગ્રહીને વિધવાવિવાહ કરી આખા સમાજની ઇતરાજી વહોરી લેવી એટલું જ નહિ, પણ એ આખી જાતિની સેવા ને શિક્ષણ અર્થે સમગ્ર જીવન સમર્પિત કરી મૂગે મોઢે અપૂર્વ દૃઢતાપૂર્વક મચી પડવું એમાં કેટલો કપરો વિગ્રહ સમાએલો હતો તેનો ખયાલ આપણને ન આવે. ગીતામાં વર્ણવ્યા પ્રમાણેના નિષ્કામ ભક્તની અનન્યતાથી એ દિશામાં એકાગ્ર તપસ્યા કરી આજે મહારાષ્ટ્રની વિધવાઉન્નતિ તથા સ્ત્રીશિક્ષણ પ્રવૃત્તિઓના પિતા, પાલક અને કુલસ્વામી બનેલા ઋષિ સમ કર્મયોગી ધોંડો કેશવ કર્વેનું આખું જીવન મહારાષ્ટ્રના સામાજિક જીવનનું એક મૂગું મહાકાવ્ય છે. પોતાને હીણવા, રીબવવા ને આકરી વલે કરવા કટિબદ્ધ થએલા જૂનવાણી લોકસમાજ સામે નમ્ર ને નિર્વૈર રહી દૃઢપરિશ્રમપૂર્વક પોતાનું કામ ખેંચ્યે જનાર, બાળક જેવા સરળ ને સતી સમાન અનન્યચિત્ત એ સાધુચરિતનું અત્યંત પ્રેરક ને રસમય ચરિત્ર શ્રી કિશનસિંહ ચાવડાએ પોતાની રંગદર્શી બાનીમાં એ અંકમાં આપેલું. એની વાનગીરૂપ માત્ર ફુધાડનાએ પૅરેગ્રાફ જ ઉતારીએ:

"મુરુડની વેદશાળામાં જ્યારે ગુરુજી સૌ વિદ્યાર્થીઓને ઋચાઓ ને સર્ગો શીખવતા ત્યારે બહાર ભીલકુમાર એકલવ્યની જેમ ભક્તિ અને નિષ્ઠાપૂર્વક દસ વર્ષનો એક નાનકડો વિદ્યાર્થી અંદરથી સંભળાતા શબ્દો બરાબર ધ્યાનમાં રાખી ઋચાઓ ગોખતો. એક દિવસ ગુરુજીએ આ દૃશ્ય જોયું અને એમનું હૃદય પુલકિત થયું. એ વિદ્યાર્થીને વર્ગમાં લીધો અને એની કુશળતા તથા ખંત જોઇ એને ખૂબ જ વહાલથી શીખવવા માંડ્યું. એ વિદ્યાર્થી એ જ આજની ભવ્ય વિભૂતિ શ્રી કર્વે.

૧૮૭૨ની સાલમાં મરાઠી છઠ્ઠા ધોરણની પરીક્ષા પાસ કરવી એ જીવનનો વિજય મનાતો. એ વખતે રેલવેનું નામનિશાન નહિ. એ સાલમાં પોતાના બે ત્રણ મિત્રોને સાથે લઇને કર્વે મુરુડથી ચોપન ગાઉ દૂર સતારા પગે ચાલીને છઠ્ઠા ધોરણની પરીક્ષા આપવા ગએલા! વિકટ અને અજાણ્યો રસ્તો, નાની વય અને ખભે બોજો—આ બધું સહન કરીને આમ પરીક્ષા આપવા જવું એ અજબ વિદ્યાપ્રેમ બતાવે છે. પણ પરીક્ષકોએ કર્વેનું નાનું કદ જોઈને ઉમર(બરાબર હોવા છતાં) પરીક્ષા માટે નાલાયક ગણ્યા, અને એને પરીક્ષા આપ્યા વિના જ ચોપન ગાઉ ચાલીને પાછા આવવું પડ્યું! પણ આથી લેશમાત્ર નિરાશ ન થતાં બીજે વર્ષે સાઠ ગાઉ પગે ચાલીને તેમણે કોલ્હાપુરમાં એ પરીક્ષા આપી અને પાસ થવાનો અપૂર્વ આનંદ માણ્યો."

આ જ અરસામાં નડિયાદમાં ભરાએલી પ્રથમ ગુજરાત વ્યાયામ પરિષદ નિમિત્તે ગુજરાતની એ વીર્યવાન પ્રવૃત્તિના આદ્ય જનક શ્રી છોટુભાઈ પુરાણીના એ પ્રવૃત્તિની શરૂઆતની તડકીછાંયડીના અનુભવો પણ એટલાં જ પ્રેરક આ અંકમાં અપાયાં હતાં. વળી શક્તિ તથા શૌર્યના સંગઠન ઉપરાંત જીવનમાં આનંદક્ષેત્રોનો વિકાસ પણ અનિવાર્ય છે એવું દર્શાવતાં બે સુંદર પ્રવાસ. વર્ણનો આપવા

(અનુસંધાન પાછલા પાનાને છેડે)

સ્વાધ્યાય

છોકરાઓ જ્યારે સારા અક્ષર કાઢતાં શીખે છે ત્યારે ઘણી વાર એમ બને છે કે છાપેલી આદર્શ લીટી જોઇને તેઓ પહેલી લીટી કાઢે છે ને પછી આગળ લખતાં આદર્શ છોડી પોતાની જ પ્રથમ લીટી ધ્યાનમાં રાખે છે. પછી ત્રીજી લીટી વખતે બીજી લીટી આદર્શનું સ્થાન લે છે. અને આમ, ધીમેધીમે અજાણ્યે અક્ષરો બગડતા જાય છે.


આ અનુભવ સુલેખન વિષે જેટલો સાચો છે તેટલો જ જીવન વિષે પણ છે. આપણે જ્યારે વિચાર કરવા અને લાંબા અનુભવનું તારણ કાઢવા બેસીએ છીએ ત્યારે કેટલાક સિદ્ધાંતો આપણે ગળે ઊતરે છે અને આપણે તેમને જીવનમાં સૂત્ર રૂપ કરી નાખીએ છીએ. છતાં નિત્યવ્યવહારમાં ધીમેધીમે તે કટાઇ જાય છે, અને કેટલો કાટ ચડ્યો છે તે તરફ આપણું ધ્યાન જતું નથી. દરેક પ્રાકૃત મનુષ્યનો આ અનુભવ છે.

એનો ઉપાય એ છે કે નિત્યવ્યવસાયમાંથી રોજ અથવા નિયમિત વખતે આપણે આપણાં જીવનસૂત્રોનું સ્મરણ કરવું જોઇએ. આ સ્મરણથી—સ્વાધ્યાયથી આપણે જીવનસૂત્રો પરનો કાટ ખંખેરી શકીએ છીએ.

જે છોકરો ગુરુએ બતાવેલી લીટી વારંવાર જુએ છે તેના જ અક્ષર સારા થવાનો સંભવ હોય છે. તે જ પ્રમાણે પોતાનાં ધર્મતત્ત્વોનું જે માણસ નિત્ય પારાયણ કરે છે તે જ ધર્મચુસ્ત રહી શકે છે અને જીવનમાં ચડી પણ શકે છે.

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

મ્હૈસુરમાં ચામુંડા ઉપરનો ભવ્ય નંદી



ટિકિટસંગ્રહ


આ યુગનો એ સંસારવ્યાપી શૉખ કેળવવા વિષેની તથા ટિકિટો વિષે બીજી ઉપયોગી માહિતી આપતો વિભાગ

મૅક્સિમ-કાર્ડ

સામેના ચિત્રના નીચેના ભાગમાં આપેલાં બે કાર્ડ એ મૅક્સિમ-કાર્ડની પ્રતિકૃતિઓ છે. એમાંનું ડાબી તરફનું પહેલું કાર્ડ મોકલતાં શ્રી શિવજી પી. આશર લખે છે કે 'ટિકિટ ઉપરના અથવા તેને લગતા પોસ્ટકાર્ડ સાઈઝના ચિત્ર ઉપર ટિકિટ ચોંટાડી, ઉપર પહેલા દિવસનો ખાસ પોસ્ટમાર્ક મારેલા કાર્ડને 'મૅક્સિમ-કાર્ડ' કહે છે. તેનો પ્રચાર ઇટલી, પોર્ટુગલ, વૅટિકન, સાન મૅરિનો, એ દેશોમાં વધુ છે. આપણા દેશમાં ટાગોર, ગાંધી(જી) જેવી ટિકિટોનાં એવાં કાર્ડ બની શકત. મેં ટાગોરની ટિકિટનો એવો કાર્ડ બનાવવા પ્રયત્ન કરેલો, પણ જનરલ પોસ્ટ ઑફિસના સત્તાવાળાઓએ તે પર પોસ્ટમાર્ક મારી આપવાની ના પાડેલી.'

એમના લખવા મુજબ ડાબી બાજુના કાર્ડમાં, તે પર ચોડેલી ટિકિટમાં જેનાં ચિત્રો છે તે ખ્રિસ્તી દેવળોનાં મોટાં ચિત્રોનું આલેખન કરીને મથાળે ઈશુનું અને નીચે પોપનું એમ બે આશીર્વાદાત્મક આલેખનો છે. જમણી બાજુનું કાર્ડ અમે આપણા ભારતમાંના પોર્ટુગીઝ સંસ્થાન ગોવામાંથી મેળવ્યું છે. ત્યાં તાજેતરમાં ઊજવાએલી સંત ફ્રાન્સિસની ચોથી શતાબ્દી નિમિત્તે થોડી ટિકિટો નીકળેલી તે પૈકી આ ટિકિટમાં સંત ફ્રાન્સિસના હાથના વિખ્યાત ખંડિત પંજાનું ચિત્ર છે તે જ કાર્ડમાં મોટા રૂપમાં આપ્યું છે. આવાં કાર્ડ કૅથલિક સંપ્રદાયના દેશો જ કાઢતાં હોવાનું અનુમાન થાય છે.

દુનિયામાં વધારેમાં વધારે ટિકિટો તથા 'ફર્સ્ટ-ડે કવર' કાઢનાર અમેરિકા કે ચેકોસ્લોવાકિયા ને બલ્ગેરિયા જેવા સામ્યવાદી દેશોનાં પણ આવાં મૅક્સિમ કાર્ડ નીકળેલાં જોવામાં આવ્યાં નથી. કદાચ એમ હોય કે અમેરિકા તો ટિકિટના વિષયને વધારે સ્પષ્ટ કરતાં મોટાં અને ઘણીવાર તો વિસ્તૃત વિગતોવાળાં ચિત્રો ફર્સ્ટ-ડે કવરો પર આપે છે, એટલે મૅક્સિમ કાર્ડ કાઢવાનું તેને બીનજરૂરી જણાયું હોય.



મથાળે: ભારતીય રેલવેની શતાબ્દીનું ફર્સ્ટ-ડે કવર (મોકલનાર: મિરઘાસીબાલ ઍાંક) નીચે: મૅક્સિમ કાર્ડ (શિવજી પી. આશર)



મથાળાના ભાગનું ચિત્ર તો ભારતે હમણાં ઊજવેલી 'રેલવે શતાબ્દી' નિમિત્તે કાઢેલી ટિકિટ ધરાવતા 'ફર્સ્ટ-ડે કવર'નું છે એ સ્પષ્ટ છે. એ ટિકિટો માટે યોજાએલી રદીકરણની જે ખાસ છાપ તે પર મારેલી છે, તેનું મૂળ કદનું સ્પષ્ટ આલેખન સામે કૉલમમાં દર્શાવ્યું છે.





સોવિયેત સંઘની ટપાલની ટિકિટ એ એક બહુરંગી રાજકીય પોસ્ટરની નાની આવૃત્તિ જ હોય છે. પહેલી સોવિયેત ટિકિટ ૧૯૨૧ના ઑગસ્ટમાં 'ઑક્ટોબરની સમાજવાદી ક્રાંતિ'ના વિજયને અંકિત કરવા બહાર પડી. તે પછીની ટિકિટો પર સોવિયેતની સિદ્ધિઓની હારમાળા જ મોટે ભાગે છે. સામે આપેલી તેની તાજી ટિકિટ 'ઑક્ટોબર ક્રાંતિ'ની ૩૫મી જયંતી અંગેની છે. એમાં સોવિયેત સંઘનાં પ્રજાસત્તાકોના ૧૬ ધ્વજોની પાર્શ્વભૂમિ ઉપર લેનિન ને સ્તાલિનની છબિઓ છે.

હિમાલય સામે હોડ
(અનુસંધાન પૃષ્ઠ ૧૭૨ થી ચાલુ)

હવે અમારી ચોકડીએ ચોથા કૅમ્પ તરફ જવાનું શરૂ કર્યું. અમારી સામે તોફાની પવનનું વાવાઝોડું ફૂંકાઈ રહ્યું હતું. અંધારું પાસે આવ્યું તેમ અમે જાણ્યું કે અમારે ભયંકરમાં ભયંકર રાત્રી પસાર કરવાની છે. હજી તો અમે ચાલતા હતા ત્યાં હું અચાનક ઊછળીને ગેબ થઇ ગયો! થોડી વારે ગમ પડયા પછી મેં બૂમ પાડીને મારા સાથીઓને કહ્યું કે હું જે ખાડામાં પડયો છું ત્યાં પવનથી રાત્રી સલામત પસાર કરી શકીશ. તેમણે સૌએ એટલામાં જ પોતાની જગ્યા શોધી લીધી.

ઠંડી તો માઝા મૂકીને અમારાં હાડકાંમાંથી સોંસરવી નીકળતી હતી! અમારે બૂટ પણ કાઢી નાખવા પડયા, કેમકે નહિતર પણ પગ અંદર થીજી જવાનો ભય હતો. પગને કોથળીમાં પૂરીને એકબીજા પર ચડાવીને અમે સૂતા. આમ રાત તો વીતી: ઊંઘ વગરની અને ચિંતાવાળી. ત્યાં તો વહેલી સવારમાં બરફનો એક ઢગલો અમારા પર આવીને પડયો! અમે માંડમાંડ બહાર નીકળ્યા.

હવે અમે મુશ્કેલી સામે મરણિયો પ્રયાસ ખેડવાનું નક્કી કર્યું. પરંતુ અમારો સામાન, ખોરાક અને ખૂબ જ જરૂરી એવા બૂટ તો બરફ નીચે દટાઈ ગયાં હતાં! પગ ઢાંકયા વગર, કલાકથી પણ વધારે ખોદ્યા પછી આખરે અમને અમારી જરૂરી વસ્તુઓ મળી: ખોરાક નહિ માત્ર બૂટ! પણ હવે તો તે પણ મોડું હતું. મેં ને મૉરિસે પગમાંથી ચેતન ગુમાવ્યું હતું! ટેરે અને રેબફફાટને પણ ભયંકર અસર થઇ હતી. અમે ચારેએ આંખો લગભગ ગુમાવી હતી. આગલે દિવસે ધુમ્મસમાં રસ્તો કરવા માટે ગૉગલ્સ ઉતારવાનું આ પરિણામ હતું!

અમે જાણે જિંદગી જ ગુમાવી હતી! અમારા પગમાં અમારું વજન ઝીલવાની શક્તિ ન હતી. અમે પ્રકાશમાં આંખો ખોલી જોઈ ન શકતા. મેં ને રેબફફાટે અમે દેખાઇએ તેવી જગ્યાએ ઊભા રહી મદદ માટે બૂમો મારી. સદ્‌ભાગ્યે ફોટોગ્રાફર આઇશાકે અમને જોયા. તેઓ બીજી છાવણીમાં અમારાથી લગભગ ૪૦૦૦ ફૂટ નીચે હતા. પણ તેમનો અવાજ વચ્ચે જ ધુમ્મસ ને બરફમાં અટવાઈ જતો હતો. અંતે અમે પેટે સરકતા સરકતા અમારો રસ્તો કરવાનો પ્રયત્ન કર્યો.

સવારે ૮ વાગે શાઝે અમને મદદ કરવા ચોથા કૅમ્પથી ચડવાનું શરૂ કર્યું. થોડી મિનિટોમાં તેણે તેના આંધળા ને અપંગ મિત્રોને જોયા અને થોડી વારમાં અમે તેની પાછળ દોરાયા.

ચોથીથી બીજી છાવણી સુધીનો પ્રવાસ અમે એક દિવસમાં કર્યો. ટેરે અને રેબફફાટ તો સાજા થઈ શક્યા, પરંતુ મારા ને મૉરિસના અંગૂઠાએ હમેશ માટે ચેતન ગુમાવ્યું. મૉરિસના પગોએ તો સીસાનો ભૂખરો રંગ પકડવા માંડયો. તેના હાથની ચામડી બળી ગઈ હોય તેમ લટકતી હતી. ડૉ. આઉડૉટે અમારી સારવાર કરી.

૧૦મી જૂને અમને સ્લેજ ગાડીમાં નાખી નીચે તળેટીના કૅમ્પમાં લાવવામાં આવ્યા. બીજી સવારે જ ચોમાસું આવી પહોંચ્યું ને ફરી બરફના ખડકો પડવા માંડયા. પણ હવે તો અમે નીચે પહોંચી ગયા હતા. મારે અને મૉરિસે તો હવે ગાડીમાં જ આવવું પડયું.

હવે ઠંડીને બદલે અમારાં પહેરણ પલળે તેવી ગરમી લાગતી હતી. અમારી વેધક વેદના વધતી જ ચાલી. અમારા પગને અફીણના સત્ત્વમાં સતત રાખી મૂકવા પડતા. ડૉ. આઉડૉટે નિદાન કર્યું કે અમારા બંનેના અંગૂઠા તદ્દન ચેતન રહિત બની ગયા છે; અને બીજા ડૉકટરોએ પણ તેમને ટેકો આપ્યો. બીજા કોઈ રોગોના ભોગ બનીએ તે પહેલાં અમે પશ્ચિમી સંસ્કૃતિના પ્રદેશમાં પહોંચી ગયા હતા.

મૉરિસ અને હું ફ્રાન્સમાં એક જ આરોગ્યગૃહમાં સારવાર લેતા હતા. એક દિવસ અમારી ખબર કાઢવા આવેલા એક મહેમાને પૂછયું, 'આમાંથી તમને મળ્યું શું? ઊલટું તમે તો કંઇક ગુમાવ્યું!

જવાબમાં મૉરિસ હસ્યો—વેદનાભર્યું નહિ, ગર્વભર્યું!

'અન્નપૂર્ણા' પુસ્તકમાંથી તારવેલા, 'રીડર્સ ડાઇજેસ્ટ'માંના લેખ પરથી

છાપું
(અનુસંધાન પૃષ્ઠ ૧૭૦થી ચાલુ)

અને રીસી પર જ એમણે શરત લગાવી; અને પહેલી જ દોડમાં જીતી ગયા! બીજા કોઇએ એ ઘોડા પર શરત નહોતી લગાવી એટલે તિવારીને એ દાવમાં પૈસા પણ સારા પ્રમાણમાં મળ્યા. હવે એમના મનમાં પેલા વૃદ્ધ તરફ કૃતજ્ઞતાનો ભાવ પેદા થયો. પોતાનું નસીબ પલટાવી દેવા માટે જ એ વૃદ્ધ પોતાને ભેટયો હોવો જોઈએ એવી એમને ખાતરી થઈ. એણે આપેલા છાપાના હેવાલમાં જે ઘોડા જીતમાં આવેલા જણાવેલા એ એક પછી એક ઘોડા પર તિવારી શરત લગાવતા ગયા અને દરેક વાર ફતેહમંદ નીવડયા!

રેસકોર્સથી પાછા વળતી વખતે તો રૂ. નેવું હજારની નોટોના થોકડાથી તેમનાં ખિસ્સાં ફાટફાટ થઇ રહ્યાં હતાં. મોડું થયું હોવાથી ટૅક્સી એક પણ જણાતી ન હતી અને છેલ્લી બસ પણ ઊપડવાની તૈયારીમાં હતી, એટલે તિવારી દોડીને તેમાં ચડી બેઠા.

બસ ઊપડી. તિવારીએ કુતૂહલ અને ઉપકારને વશ બની, ફરી પાછું પેલા વૃદ્ધે આપેલું છાપું બહાર કાઢયું અને તેમાં છપાએલા આવતી કાલના બનાવો પર નજર ફેરવવા મંડયા. અચાનક એમની નજર 'સ્ટૉપ પ્રેસ' સમાચાર પર પડી અને એમના મોંમાંથી એક ચીસ નીકળી ગઇ. સમાચાર નીચે મુજબ હતા: 'રેસકોર્સથી આવતી છેલ્લી બસમાં પાછા ફરતા શ્રી રમાકાન્ત તિવારીનું હૃદય બંધ પડતાં બસમાં જ અવસાન થવા પામ્યું છે. મર્હૂમ રેસની દુનિયામાં ખૂબ જાણીતા હતા અને તા. ૭મીની બધી રેસમાં એ જીતેલા...'

એથી આગળનું લખાણ એ વાંચી જ ન શકયા! એમનાં અંગે અંગ ઢીલાં પડી જઇ પરસેવો વળવા લાગ્યો હતો. છાપા પરની પકડ ઢીલી થતાં તે પણ બસની ફર્શ પર પડી ગયું હતું.

'બસ ઊભી રાખો!' ફાટેલા સાદે ઘાંટો પાડી એ પોતાની બેઠક પરથી ઊભા થયા, પણ આંખે અંધારાં આવતાં ત્યાં જ ફસડાઈ પડયા. માથું એક બાજુ ઢળી પડયું.

બસ ઊભી રહી. કયાંકથી પાણી લાવી એમના મોં પર છાંટવામાં આવ્યું પણ એ હોશમાં ન આવ્યા. એક જણ એમની નાડ હાથમાં લેતો બોલ્યો, 'અરે ભગવાન, બધું ખલાસ છે!'


પેલું છાપું હજી ફર્શ પર પડયું હતું, પણ આ હતભાગી બનાવ સરજનાર એ છાપા તરફ જોવાની કોઇને પડી નહોતી. એનું શું થયું હશે? કદાચ બસ સાફ કરનાર માણસે એને રદ્દ તરીકે કચરાપેટીને હવાલે કરી દીધું હશે.

અજિતકુમાર સંઘવી

(શ્રીકૃષ્ણ પરદેશીની હિંદી વાર્તાને આધારે)

નવાં પુસ્તકો

જિંદગીના ફેરા: 'સારંગ' બારોટની નવલકથા: પ્રકાશક: એન. એમ. ત્રિપાઠી, મુંબાઈ ૨ ૩-૮. **માને ખોળે**: પંચવર્ષીય યોજનાની પશ્ચાદભૂમિકા પર આલેખાએલી નવલકથા. લેખક-પ્રકાશક: ગોવિંદભાઈ અમીન, ૨-૧૨ **કલાપીનો કેકારવ**: એ જાણીતા કાવ્યગ્રંથની સંશોધિત સંવર્ધિત બીજી આવૃત્તિનું પુનર્મુદ્રણ, સંપાદક: સાગર, ૯-૦-૦. આ બંનેના મુખ્ય વિક્રેતા: પુસ્તકાલય સહાયક સહકારી મંડળી લિ., રાવપુરા, વડોદરા. **શ્રમણ બુદ્ધના** જીવનનું બાલમાનસોચિત આલેખન, લેખક: ચંદ્રભાઇ ભટ્ટ, પ્રકાશક: લક્ષ્મી પુસ્તક ભંડાર, ગાંધી માર્ગ, ફર્નાન્ડિઝ પૂલ, અમદાવાદ, ૦-૧૨-૦.



શશીની સુરા (શાર્દૂલ૦)

ઢોળાતી નભથી પીધી શશીતણી એની સુરા તો અમે,
વ્યાપ્યો તે મદ અંગમાં રગરગે કે ગીતિ એની લવી,
જેના સૂર અશબ્દ દૂર સરતા, પહોંચ્યા કહીં? પશ્ચિમે
પોઢેલો જગવ્યો કરી વિવશ તે શું પૂર્વ માંહે રવિ!

(તાજા સંગ્રહ 'પ્રતીક'માંથી) —પ્રિયકાન્ત મણિયાર

વિચારક્ષેત્રના ચાર મહારથીઓ: બેનેદેત્તો ક્રોચે અને બીજા

જગતે તાજેતરમાં વિચારક્ષેત્રના ચાર મહારથીઓ ગુમાવ્યા: ગઈ સાલના સપ્ટેમ્બરમાં જ્યૉર્જ સાંતાયન, નવેમ્બરમાં બેનેદેત્તો ક્રોચે, ડીસેમ્બરમાં સુરેન્દ્રનાથ દાસગુપ્ત અને ચાલુ સાલના એપ્રિલમાં સી. ઇ. એમ. જોડ. આ સર્વમાં ક્રોચેનું સ્થાન મોખરે હતું. વીસમા સદીના યુરોપે જગતને જે બે મહાન ચિંતકો ભેટ ધર્યા છે તેમાંનો એક બર્ટ્રાન્ડ રસેલ અને બીજો ક્રોચે. જોકે બંનેની વિચારધારામાં બહુ સામ્ય નથી.

ઈટલીના અબ્રુઝો પહાડમાં આવેલા કાસામીચીઓલા નામક ગામડામાં ઇ.સ. ૧૮૬૬માં બેનેદેત્તો ક્રોચેનો જન્મ થએલો. એનો દેહ કદે નાનો પણ ગઠેલો હતો અને આંખો અત્યંત તેજસ્વી હતી. સત્તર વર્ષની નાની વયે ધરતીકંપમાં એનાં માબાપ અને એકમાત્ર બહેન માર્યાં ગયાં અને એ પોતે પણ માંડમાંડ બચ્યો. નેપલ્સમાં ઉચ્ચ સરકારીપદે રહેલો એનો કાકો એને આ દુર્ઘટના પછી પોતાને ત્યાં લઇ ગયો.

ક્રોચેએ ભણતર અધૂરું જ મૂકી દીધેલું. એને વારસામાં મિલકત સારા પ્રમાણમાં મળેલી, એટલે વિદ્વાનોના સંસર્ગમાં એ સતત રહેતો અને એ દ્વારા જ એની બુદ્ધિપ્રતિભા વિશેષ ખીલી. ઇટલી માટે એવું કહેવાય છે કે સૌન્દર્ય ખાતર એ દેશ મરી ફીટે, પરંતુ સત્યની બાબતમાં પાઇલેટની જેમ હમેશાં દ્વિધામાં રહે. ક્રોચેએ સત્ય શોધવાનો પ્રયત્ન કરેલો છે, પરંતુ એના નવ-આદર્શવાદ કરતાં પણ એની સૌન્દર્યમીમાંસા કદાચ વધુ દીર્ઘજીવી નીવડે.

કૅથલિક પરંપરામાં જન્મ્યો હોવાના કારણે ક્રોચેમાં એ સંપ્રદાયનાં જ્ઞાનપ્રીતિ અને સૌન્દર્યભક્તિ પર્યાપ્ત પ્રમાણમાં હતાં, પરંતુ ધર્મશ્રદ્ધા મુદ્દલ નહોતી. નાનપણથી જ એ જર્મન વિચારક હૅગલ ને ઇટાલિયન વિચારક વિચોના પ્રભાવ હેઠળ આવેલો. 'સૌંદર્યશાસ્ત્ર'થી માંડીને 'ઇતિહાસનો સિદ્ધાંત' સુધીનાં એનાં પુસ્તકો વાંચી જતાં એના વિચારોનો ક્રમવિકાસ સાદ્યંત જાણી શકાય છે. સૌંદર્યમીમાંસા સિવાયનાં એનાં પુસ્તકોમાં સૌથી વધુ જાણીતું પુસ્તક છે ૧૯૪૯માં પ્રસિદ્ધ થએલું 'તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ' ('ફિલોસોફિયા-એ-સ્તોરિયા').



ઇટાલિયન ફિલસૂફ બેનેદેત્તો ક્રોચે

ક્રોચે તત્ત્વજ્ઞ હતો, ઇતિહાસકાર હતો, સૌંદર્યમીમાંસક હતો ને ઉદારચેતા રાજનીતિજ્ઞ પણ હતો. કાન્ટ્ની પછી એના જેટલી વ્યાપક અને ઊંડી અસર બીજા કોઈ વિચારકની નથી થએલી. જિયોવાન્ની જેન્તીલ સાથે એણે શરૂ કરેલું 'લા ક્રિટિકા' ('સમાલોચક') પત્ર આંતરરાષ્ટ્રીય ખ્યાતિ



આસપાસનાં પંખી-૮૮
કુરરી

પાણીકાંઠે વસતાં પંખીઓને મોટે ભાગે આપણે બતક-બગલાં, ને બહુ તો ટીટોડાંને નામે ઓળખીએ છીએ. બહુ જ ઓછા સામ્ય છતાં કુરરી (અંગ્રેજી Tern) પણ આગ ટીટોડીમાં ગણાઈ જતું પંખી છે. તેની ચારપાંચ જાતોમાંથી આપણે ત્યાં તો નાની ને મોટીને નામે ઓળખાતી બે જ જાતો જોવા મળે છે.

પોતાની ચિપિયા જેવી લાંબી પૂછડી સાથે કુરરી લગભગ સોળે કઇંચ લાંબું પંખી છે. તેનો સમગ્ર વર્ણ આછો સ્લેટિયો ને ક્યાંક ઝાંખો ઘેરો હોય છે. પેટાળ રાખ કરતાં યે ઝાંખું. ઉનાળામાં તેની કાનપટીથી લઇને માથા સુધીનો ભાગ મખમલની ટોપી જેવો ચળકતા કાળા રંગનો થાય છે. નાની કુરરીને આ ઉપરાંત પેટથી પૂછડી સુધીનો ભાગ પણ આવો કાળો થઇ જાય છે. આ શોભા પ્રજનનકાળ જતાં ઝાંખી પડી લગભગ શ્વેત થઈ જાય છે.

તેની આંખની કીકી ભૂરી, ચાંચ લાંબી ને ઘાટી પીળી (નાની કુરરીની નારંગી); પગ નાનકડા ને લાલ. પીઠનો પાછલો ભાગ અને પૂછડી કદના પ્રમાણમાં કંઈક વધુ લાંબાં લાગે. પગનાં આંગળાં જોકે હોય છે તો બતકની પેઠે જોડાએલાં, છતાં કુરરી તરતું યે નથી કે ઝાડ પર પણ બેસતું નથી. આહાર પછી કે થાકે ત્યારે રેતીમાં આરામ લેતું જોવા મળે છે. આહાર માટે તે પોતાની મજબૂત પાંખો પર મુસ્તાક રહી પાણી પર માછલીની શોધમાં ઊડયા કરે છે, ને લાગ મળતાં ઝડપથી પાણી પર ઊતરી આવી ચાંચમાં શિકાર પકડી અદ્ધર ચડી ત્યાં હવામાં જ નાસ્તો પતાવી લે છે.

સહેજ દઝાય તેવી રેતીમાં ખાડો ગાળી અન્ય જળપંખીઓ સાથે તે પણ આ ઋતુમાં માળો કરી, તેમાં ખૂબ લીસાં ને તપખીરી કે જાંબુડા રંગની સુંદર ભાતવાળાં, સહેજ ચળકતા લીલાશ પડતા રાખોડી કે રેતિયા રંગનાં, બે થી ત્રણ પહોળાં લંબગોળ ઈંડાં મૂકે છે.

ધરાવતું, અને એ પત્રે જ ક્રોચેને યુરોપનું સાહિત્યિક નેતૃત્વ આપેલું.

સાહિત્યક્ષેત્રની આ ખ્યાતિએ જ તેને રાજકારણના ક્ષેત્રમાં પ્રવેશ કરાવ્યો. તે સેનેટર નિમાયો, પરંતુ પહેલા મહાયુદ્ધમાં ઈટલીએ ન જોડાવાનું એણે કહેતાં એને જર્મનપક્ષીય ગણી અપમાનિત કર્યો. યુદ્ધનો વિરોધ કરવા બદલ ઈંગ્લંડમાં બર્ટ્રાન્ડ રસેલને અને ફ્રાન્સમાં રોમાંરોલાંને સહન કરવું પડેલું એમ ક્રોચેને ઈટલીમાં સહન કરવું પડેલું. યુદ્ધ બાદ એને શિક્ષણખાતાનો પ્રધાન નીમવામાં આવેલો.

૧૯૨૨ની સાલમાં ઈટલીમાં મુસૉલિનીનો સૂર્ય મધ્યાહ્ને આવ્યો. શરૂઆતમાં ક્રોચેને તેની શુભ નિષ્ઠામાં વિશ્વાસ હતો, પરંતુ ૧૯૨૪માં મેત્તેયોત્તીના ખૂન પછી તેનો એ વિશ્વાસ ઊઠી ગયો અને તે ફાશિઝમનો દુશ્મન બન્યો. એને 'લા ક્રિટિકા'માં રાજકીય નોંધો લખવાનું બંધ કરાવવામાં આવ્યું તો તત્ત્વજ્ઞાનના લેખોરૂપે તેણે એ વાદનો વિરોધ ચાલુ રાખ્યો. પરંતુ પછી તો એનો પોતાનો જ જૂનો સાથી જેન્તીલ પણ ખુલ્લેખુલ્લો ફાશિસ્ટ બન્યો. આનો જબરો આઘાત ક્રોચેને લાગ્યો. એ એકલો પડી ગયો અને પોતાનો ઘણોખરો સમય પુસ્તકાલયમાં જ વીતાવવા લાગ્યો.

બીજા મહાયુદ્ધ દરમિયાન ઈટલીમાં ઊતરેલી અમેરિકન ફોજે એ જ તેને જર્મનોને હાથ પડતો બચાવી લીધેલો. ઈટલી મુક્ત થતાં એ રાજકારણમાં ફરી પ્રવેશ્યો અને લિબરલ પાર્ટીનો પુનરુદ્ધાર કર્યો. ૧૯૪૩ થી ૪૫ સુધીની સરકારોમાં એ રહેલો, પણ ૧૯૪૫ માં તે નિવૃત્ત થયો અને નિવૃત્ત જીવનમાં જ અવસાન પામ્યો.

ક્રોચે વર્તમાન જગતનો એક મહાન વિચારક હતો; સાહિત્યાકાશને છેલ્લાં પચાસ વર્ષથી ઝગમગાવી રહેલો નક્ષત્ર હતો. એ જન્મે ઇટાલિયન હતો, પણ મહાપુરુષો કોઇ દેશકાલવિશેષના નથી હોતા. એ લેખક જ નહોતો, યોદ્ધો પણ હતો. જનતંત્રનો એ હામી હતો; ફાશિસ્ટ કે કમ્યુનિસ્ટ બંને પ્રકારની સરમુખત્યારશાહી સામે એકસરખો ઝૂઝ્યો હતો. સાંસ્કૃતિક સ્વાધીનતાનો એ હિમાયતી હતો અને 'સાંસ્કૃતિક સ્વાધીનતા પરિષદ'ના સંસ્થાપકોમાંનો એક હતો. સુખી સમાજ, સુંદર સમાજની તેની ઝંખના હતી.

જ્યૉર્જ સાંતાયને એક કાળે બુદ્ધિજીવીઓને પોતાની કાવ્યમય તત્ત્વચર્ચાથી મુગ્ધ કરેલા, પણ આજે એ મુગ્ધતા બહુ અલ્પ જણાશે. 'મનુષ્ય વાદળમાં વસી ન શકે' એમ એ કહેતો, પણ વસ્તુતઃ એ પોતે જ વાદળાંમાં વસનારો હતો. નાનપણથી જ પરીકથાઓના વાતાવરણમાં એ ઊછરેલો અને તેની પ્રબળ છાપ તેના ચિંતનમાં રહી છે.

સાંતાયન જન્મે સ્પૅનિયર્ડ હતો, ઉછેરે અમેરિકન, અને છેલ્લાં પચાસ વર્ષથી રોમમાં જ વસતો હતો. આમ છતાં મુસૉલિનીના ફાશિસ્ટ આક્રમણથી માંડીને આખા યે મહાયુદ્ધ દરમિયાન અને એ પછીના સ્થિતિપલટાઓમાં એ ખામોશ જ રહ્યો હતો, જાણે સમકાલીન ઘટનાઓ સાથે એને કશી નિસ્બત જ નહોતી! એને 'ઇન્ટેલેક્ચ્યુઅલ ઍરિસ્ટૉક્રૅટ'ની કક્ષામાં મૂકી શકાય.

એ મુખ્યત્વે કવિ હતો. ૩૩ વરસની ઉંમરે એણે 'સૉનેટ ઍન્ડ અધર વર્સિઝ' નામક કાવ્ય-પુસ્તક બહાર પાડેલું જેના તેને ૧ ડૉલર ૮૭ સેન્ટ મળ્યા હતા! પણ એની 'ધ લાસ્ટ પ્યૂરીટન' નવલકથાની બધી નકલો એક રાતમાં વેચાઈ ગએલી. એનાં પુસ્તકોમાં 'ધ લાઇફ ઑવ રીઝન' તથા આત્મચરિતાત્મક 'પર્સન્સ ઍન્ડ પ્લેઇસિઝ' મુખ્ય ગણાવી શકાય. પ્લેટો, નિરીશ્વરવાદ ને કૅથલિક સંપ્રદાયની વિચારસરણીનું વિચિત્ર મિશ્રણ એમાં જણાય છે. 'ધર્મ એ આત્માની પરીકથા છે' એમ એ માનતો, પણ એનું કવિહૃદય પાછું એ પરીકથાથી તન્મય રહેતું. એના ચિંતનમાં 'વિસંગત સંગતતા' (inconsistent consistency) જણાય છે તેનું પણ આ જ કારણ.

આપણા ભારતના ડૉ. સુરેન્દ્રનાથ દાસગુપ્ત દર્શનશાસ્ત્ર, સાહિત્ય, વ્યાકરણ, રસશાસ્ત્ર, ઈતિહાસ, પુરાતત્ત્વ, મનોવિજ્ઞાન આદિ અનેક વિષયોના અભ્યાસી હતા અને લગભગ ૮૦ જેટલાં પુસ્તકો એમણે લખ્યાં છે, પરંતુ આંતરરાષ્ટ્રી ક્ષેત્રે એમની કીર્તિ તો, 'ભારતીય તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ' એ મહાગ્રંથને આભારી છે. સંસ્કૃત ભાષા જેમ ભાષાશાસ્ત્રીય અભ્યાસમાં બહુમૂલ્ય નીવડી, તેમ ભારતીય તત્ત્વજ્ઞાન દર્શનશાસ્ત્રીય અભ્યાસમાં બહુમૂલ્ય નીવડવાની શ્રદ્ધાએ તેમણે એ મહાગ્રંથનું કાર્ય હાથ લીધેલું અને કૅમ્બ્રિજ યુનિવર્સિટીએ તેમાં એમને સહાય કરેલી. ૧૯૨૨માં એનો પ્રથમ ખંડ બહાર પડ્યા પછી ૧૯૩૨માં બીજો, ૧૯૪૦માં ત્રીજો અને ૧૯૪૯માં ચોથો ખંડ બહાર પડ્યા છે. શૈવ અને શાક્ત દર્શન નિરૂપતો પાંચમો ખંડ પણ એમણે લગભગ તૈયાર કરી નાખેલો જે હવે પછી સંભવતઃ બહાર પડે.

ડૉ. દાસગુપ્તનો જન્મ ઇ. ૧૮૮૭માં બંગાળના બારીસાલ જિલ્લામાં આવેલા બકરગંજ ગામે સંસ્કૃત પઠનપાઠન માટે જાણીતા કુટુંબમાં થએલો. કલકત્તા વિશ્વવિદ્યાલયમાં એમ.એ. થયા બાદ કૅમ્બ્રિજ જઈ ત્યાંથી ડૉક્ટરેટ મેળવી આવી તે થોડો સમય ચટગાંવમાં પ્રોફેસર રહ્યા ને પછી કલકત્તા યુનિવર્સિટીમાં નિમાયા. કૅમ્બ્રિજમાં જી. ઈ. મૂર અને જેમ્સ વૉર્ડ જેવા વિચારકોના સંસર્ગે એમનામાં આલોચક દૃષ્ટિ વિકસાવેલી જે એમના ગ્રંથમાં જણાઇ આવે છે.

સાધારણરીતે કોઈ પણ તત્ત્વજ્ઞ લોકપ્રિય નથી થઈ શકતો; પણ ગયા માસમાં ૬૧ વરસે મૃત્યુ પામેલો ઇંગ્લંડનો સી. ઈ. એમ. જોડ એમાં અપવાદ હતો. એ એટલો લોકપ્રિય હતો કે ઇંગ્લંડનું રવિવારનું એક છાપું તો તેની ખાસ કટાર ચાલુ રાખતું, અને ઇંગ્લંડના રેડિયોઘર બી. બી. સી. એ તેના 'બ્રેઈન ટ્રસ્ટ' વિભાગમાં એને લીધેલો. તત્ત્વજ્ઞાનના પ્રશ્નો એ એવી રસપ્રદરીતે સામાન્ય માનવીને પણ સુગમ બનાવતો કે એ 'સ્મૉલ સૉક્રેટીસ' તરીકે ઓળખાતો. બર્ટ્રાન્ડ રસેલ સિવાય બીજો કોઈ એના જેટલો લોકપ્રિય નહિ હોય.

જોડે અનેક વિષયો પર લખ્યું છે. અને ખૂબી એ છે કે દરેક વિષયમાં એણે પોતા તરફથી કંઈ નવું જ કહ્યું છે. પોતાનું જીવનદર્શન એણે આત્મચરિતાત્મક પુસ્તક 'ટેસ્ટામેન્ટ ઑવ જોડ'માં રજૂ કર્યું છે. શાળા-કૉલેજના ભણતરને એ સમયનો દુર્વ્યય ગણતો. એના મત પ્રમાણે એ કેળવણી જીવનના મુખ્ય પ્રશ્નોનું કશું જ્ઞાન નથી આપતી.

જોડની શૈલી અને તેના જીવનદર્શન બંને પર શૉની અસર હતી. 'માંચેસ્ટર ગાર્ડીઅન'માં એના એક મિત્રે લખ્યા પ્રમાણે એ સંપત્તિ અને કીર્તિને એકીસાથે ચાહતો અને ધિક્કારતો પણ!

ખજૂર

આપણા સમાજમાં જે કેટલીક તદ્દન ભૂલભરેલી માન્યતાઓ પ્રચલિત છે તેમાંની એક ખજૂર વિષે છે. લોકો માને છે કે ખજૂર બહુ ગરમ છે એટલે તે ખાવાથી લોહી પડે. ખરી વાત તો એ છે કે ખજૂર ઠંડું છે ને લોહી પડતું હોય તે તમામ રોગોમાં તે ફાયદો કરતું. કોઈ એવે પ્રસંગે ખજૂર આપવાથી ફાયદો થાય છે!

આયુર્વેદના મહર્ષિ ચરક અને સુશ્રુત કહે છે કે 'ખજૂર રસમાં મધુર છે, શરીરને હૃષ્ટપુષ્ટ બનાવનાર છે, વાજીકરણ છે, પચવામાં ભારે છે, શીત છે. છાતીમાં વ્રણ (ચાંદું) પડ્યું હોય તેમાં તેમજ ક્ષય રોગમાં ખજૂર અત્યંત ઉપયોગી છે અને હૃદયને હિતકર છે. પડી જવાથી ચોટ વાગી હોય, લોહી જામી ગયું હોય, તો ખજૂર હિતાવહ છે. શરીરમાં દાહ બળતો હોય ત્યારે ખજૂરનો ઉપયોગ પ્રશસ્ત છે. ખજૂર વાત અને પિત્તના વિકારોમાં ઉપયોગી ને તૃપ્તિજનક છે,

રસમાં અને વિપાકમાં મધુર છે અને રક્તપિત્તમાં ઉપયોગી છે.' આધુનિક પરિભાષામાં વાત કરીએ તો ખજૂરમાં લોહ છે. જેમાંથી શરીરમાં વિટામિન 'એ' બને છે તે કેરોટીન તત્ત્વ એમાં છે. થોડુંક વિટામિન 'બી' છે તથા 'સી' પણ છે. ૧ અધોળ ખજૂર ખાવાથી ૮૦ કૅલોરી ગરમી પ્રાપ્ત થાય છે. રોજ પાશેર ખજૂર ખાવામાં આવે તો ૮૦૦ કૅલોરી ઉષ્માશક્તિ શરીરને મળે એમાં સાકરનો ખૂબ મોટો ભાગ હોવા ઉપરાંત ચૂનો, ફૉસ્ફરસ અને લોહ ત્રણેય ઠીકઠીક પ્રમાણમાં છે. અર્થાત્ તે હમેશાં ખાવાલાયક પુષ્ટિકારક ખાદ્ય પદાર્થ છે. હિંદુસ્તાનમાં જેમ ભાત એ લોકોના મોટા ભાગનો પ્રિય ખોરાક છે તેમ ઇજિપ્ત અને અરબસ્તાનમાં તો ખજૂર જ મોટા ભાગનો પ્રિય અને મુખ્ય ખોરાક છે. સૂકલકડી શરીરવાળાઓ માટે ખજૂર ઉત્તમ ખાદ્યપદાર્થ છે. શરીરોપયોગી ઘણાં તત્ત્વો એમાં છે. હું તો માંદા સૂકલકડી દરદીઓને રોજ પાશેર ખજૂર અને ૫ તોલા કિસમિસ ખાવાની સલાહ આપું છું. જે દરદીઓ ખજૂર ખાય છે તેમનાં શરીરમાં લોહી પણ જલદી આવે છે.

ખજૂરને પ્રથમ ધોઈ, ઠળિયા કાઢી, ઘીમાં સાંતળીને ખાવું હિતાવહ છે. મુસાફરીમાં ગયા હોઇએ તો બીજું ખાવા કરતાં ખજૂર–મગફળી ખાવાં વધુ સારાં છે. શ્રમને દૂર કરવા માટે સાકર કે સાકરવાળા ખાદ્ય પદાર્થો ખાવા જરૂરી છે. આજે મજૂરો જ્યારેત્યારે ચા પીએ છે, તેના બદલે ખજૂર કે ગોળ ખાતા હોય તો શરીર કંતાવાને બદલે મજબૂત બને. આખો દિવસ તનતોડ મજૂરી કરનારા ગરીબ માણસોને જ્યારે હું ચાના કપ ઢીંચતા જોઉં છું ત્યારે મને ખૂબ જ દુઃખ થાય છે. મજૂરોમાં કામ કરનારા આ સાદી વાત તેમને સમજાવતા હોય તો કેવું સારું? આજે મજૂરોનાં શરીરો દિનપ્રતિદિન ઘસાતાં જાય છે ને કંતાતાં જાય છે. ત્યારે મજૂર–નિવાસોમાં તેમજ કારખાનાંઓમાં બપોરે છુટ્ટી વખતે મજૂરોને ખજૂર, ગોળ, મગફળી વગેરે મળે એવો પ્રબંધ કરવો જોઈએ. જઠરાગ્નિ મંદ હોય તેને જ માટે ખજૂર ભારે છે; બાકી મહેનતનું કામ કરનારા અને તીક્ષ્ણ જઠરાગ્નિવાળા માટે તો તે બલપ્રદ છે, સુપાચ્ય છે.

ખજૂર, દ્રાક્ષ, સાકર, ઘી, મધ અને પીપર સમાન ભાગે લઇ ચાટણ જેવું બનાવવું. આમાંથી હમેશાં ૨–૩ તોલા ખાવાથી ક્ષયમાં, ક્ષયની ખાંસીમાં, શ્વાસમાં સ્વરભેદમાં ઠીક ફાયદો થાય છે. બાળકો માટે પણ આવું ચાટણ સ્વાદિષ્ટ હોઈ, રુચિકારક અને બલપ્રદ છે.

ખજૂરીનો તાજો રસ 'નીરો' વાત અને કફને હરનાર છે, રુચિકારક છે, જઠરાગ્નિ પ્રદીપ્ત કરનાર છે, બલ અને વીર્યને વધારનાર છે, સારો મૂત્રલ છે. આ મોસમમાં બજારમાં ખજૂર પુષ્કળ પ્રમાણમાં મળે છે. સામાન્યરીતે આપણે ખજૂરને સીધું જ (કાચું) ખાઈએ છીએ, અથવા ઘીમાં શેકીને કે દૂધમાં નાખીને તેનો ઉપયોગ કરીએ છીએ; પરંતુ ખજૂરની સ્વાદિષ્ટ ચટણી પણ બનાવી શકાય છે. એક શેર જેટલું ખજૂર લઇ, તેના ઠળિયા કાઢી નાખી, બરાબર વાટી નાખવું; પછી તેમાં નવટાંક જેટલી આમલી ચોળેલું પાણી તથા ૧ તોલો મીઠું નાખીને જરા વધારે વાટવું. સહેજ તિખાશ લાવવા માટે ૧ તોલા જેટલું વાટેલું મરચું અને ૪ તોલા જેટલી ખાંડ નાખવી. કેટલાક લોકો બે તોલા દ્રાક્ષ તથા ૧ તોલો આદુ પણ નાખે છે. આ બધું બરાબર વાટીને એકસરખું મિશ્રિત કરવાથી સુંદર સ્વાદિષ્ટ તથા ગુણકારી ચટણી બને છે. —બાપાલાલ ગ. વૈદ્ય

હિંદમાં મૃત્યુ પામેલો પહેલો અંગ્રેજ

હિંદ સાથે વેપાર કરવા માટે ઈસ્ટ ઇંડિયા કંપની સ્થપાયા પહેલાં બે અંગ્રેજ વેપારીઓ આ દેશ સાથેવેપારની શક્યાશક્યતા તપાસવા હિંદ આવી ગએલા. આ બે વેપારી હતા રાલ્ફ ફિચ તથા જૉન મિલ્ડનહૉલ ફિચ પહેલો આવેલો ને આઠ વર્ષ હિંદમાં રહી ઈ. ૧૫૯૧મા પાછો ફરેલો. મિલ્ડનહૉલ ઈ. ૧૫૯૯માં આવેલો.



મિલ્ડનહૉલનો હેતુ 'મહાન મુઘલ' સાથે કોઈ પ્રકારની વેપારી સંધિ કરી સારી કીમતે ઈસ્ટ ઇંડિયા કંપનીને વેચવાનો હતો. આર્મીનિયા, ઇરાન અને અફઘાનિસ્તાન થઈ ઈ. ૧૬૦૩માં એ આગ્રા પહોંચ્યો. આગમનના ત્રીજા જ દિવસે શહેનશાહ અકબરની મુલાકાત મેળવવા તે ભાગ્યશાળી નીવડ્યો. અકબરે તેનું કેટલાંક ઝવેરાત અને ૨૯ ઘોડાનું નજરાણું આનંદપૂર્વક સ્વીકાર્યું. મિલ્ડનહૉલ જો પાંચ જ વર્ષ રહીને જહાંગીરના સમયમાં હિંદ આવ્યો હોત તો તેણે કદાચ અકબરના જેવું એનું સ્વાગત કર્યું ન હોત.

અકબરે એને બીજી મુલાકાત માટેનો સમય આપ્યો ત્યારે તેણે આ ત્રિવિધ અરજ કરી: એક તો ઇંગ્લંડની રાણી સાથે મૈત્રી, બીજી, મુઘલ સામ્રાજ્યમાં અંગ્રેજોને વેપાર કરવાની છૂટ, અને ત્રીજી, અંગ્રેજો તથા પોર્ટુગીઝો વચ્ચેના યુદ્ધમાં મુઘલ શહેનશાહની તટસ્થતા. મિલ્ડનહૉલને અંગ્રેજ સરકાર તરફથી કશું સત્તાવાર પ્રતિનિધિત્વ આપવામાં નહોતું આવ્યું એ અત્રે નોંધવા જેવું છે.

અકબર પાસે આ માગણીઓ સ્વીકારાવી મિલ્ડનહૉલ ઇંગ્લંડ ગયો. પરંતુ ત્યાર બાદ અકબર અવસાન પામ્યો અને જહાંગીર ગાદીએ આવ્યો. ઈંગ્લંડનો નાવિક એલચી વિલિયમ હૉકિન્સ બે વર્ષ જહાંગીરના દરબારમાં રહી ખાલી હાથે પાછો ફર્યો. એવામાં કૅપ્ટન બેસ્ટે સ્વાલી નજીક પોર્ટુગીઝ કાફલાને હરાવ્યો અને આ બનાવ જહાંગીર પર પ્રભાવ પાડે એવો હોઇને મિલ્ડનહૉલને તેની સાથે વેપારી કરાર કરવા મોકલવાનું કંપનીએ નક્કી કર્યું. મિલ્ડનહૉલ બીમાર હતો છતાં તેણે એ ફરજ સ્વીકારી, અને જેમતેમ કરી ઈ.૧૬૧૪ના એપ્રિલમાં અજમેર પહોંચ્યો. પરંતુ એની તબિયત હિંદ આવ્યા પછી વધુ બગડી અને બે જ મહિના રહીને જૂન માસમાં એ અવસાન પામ્યો હિંદમાં એ વખતે માત્ર આગ્રામાં જ પોર્ટુગીઝ રોમન કૅથલિકોનું કબ્રસ્તાન હતું, એટલે મિલ્ડનહૉલના શબને ત્યાં લઈ જઈ દફનાવ્યું. હિંદમાં મૃત્યુ પામેલા આ પહેલા અંગ્રેજની કબર આજ પણ આગ્રામાં છે, જે પર પોર્ટુગીઝ ભાષામાં કોતરેલું છે: 'Jon de Mendenal, Ingles, Moreo aos I (d) e Junhou 1614'.

પંખીઓની ઑસ્પિટલ

જાણીને નવાઇ ના પામશો કે પક્ષીઓને પણ આપણા જેવા જ રોગો થાય છે. એમને શરદી સળેખમ સતાવે છે, ન્યૂમોનિયા અને સ્ટેફિલૉકૉક્સ જીવાણુઓથી થતા રોગોના એ ભોગ બને છે, પગનાં

હાડકાં ભાંગે છે, પાંખો તૂટે છે, ગૂમડાં થાય છે. ને અપૂરતા ખોરાકને લીધે ઉત્પન્ન થતા રોગો પણ એમને થાય છે. એનું એક દવાખાનું ન્યૂ યૉર્કમાં ડૉ. એસ. યૂજીન હરમનનું છે. દરદીઓમાં વગડાઉ પંખીઓ, કાગડા, કબૂતર, હોલા, કૅનેરી, લવબર્ડ ને શુક-સારિકાઓ પણ છે.

ત્યાંનું એક નોંધપાત્ર દરદી ઘુવડ હતું. એનાં અવારનવાર હાડકાં ભાગતાં. ડૉકટરે નિદાન કર્યું કે તે વિટામિનની-અછતવાળો ખોરાક ખાતું હોવાથી અસ્થિશોષ(rickets)ના રોગથી પીડાય છે! એને સપ્રમાણ ખોરાક આપવામાં આવ્યો અને હાડકાંનું બરડપણું મટી ગયું!

આ પીંછાળાં દરદીઓ માનસિક રોગનાં પણ ભોગ બનતાં હોય છે. એક પંખીની સંગાથિની બીજે ભાગી ગઈ. નરપક્ષી મનથી ભાંગી પડયું. એની ખિન્નતાએ ઉગ્ર રૂપ પકડયું. ડૉકટરે પિંજરામાં નાનું દર્પણ ગોઠવી દીધું. પંખીએ પોતાના પ્રતિબિંબને સાથી માની લઇ પ્રસન્નચિત્ત બની મંજુલ સ્વરે ગાવા માંડયું!

આવું પક્ષીઓનું બીજું દવાખાનું દિલ્હીમાં છે. ભારતભરમાં એકાકી તે લાલ કિલ્લા નજીકના જૈન મંદિરના એક ખૂણામાં આવેલું છે. પોતાનું નામ જાહેર ના કરવાની ઇચ્છાવાળા ઉત્તર હિંદના એક ધનાઢય જૈન કુટુમ્બના દાન ઉપર તે નભે છે.

દરદીઓની મોટી સંખ્યા કબૂતરો અને ચકલીઓની છે. દૂરનાં ગામડાંઓમાંથી એમને સારવાર માટે અહીં લાવવામાં આવે છે. આ ઉપરાંત કાગડા, પોપટ ને રામપક્ષીઓ પણ હોય છે. ઉનાળામાં દરદીઓની સંખ્યા ત્રણથી ચાર ગણી વધી જાય છે. આમાં આર્તવી યાત્રાએ આવેલાં પંખીઓની સંખ્યા વધારે હોય છે. એ દૂરપથગામી પક્ષીઓ મુસાફરીમાં ઇલેકટ્રિક થાંભલાઓ ને તારોથી તથા બિલાડી જેવાં બીજાં પ્રાણીઓથી ઘવાએલાં હોય છે.

ઉપચારમાં તો દરદી આવે કે તરત તેને દેશી દવાનો જુલાબ આપવામાં આવે છે, પાંખો બરાબર સાફ કરવામાં આવે છે, ચામડી ફાટી હોય કે ઘારાં પડયાં હોય ત્યાં પાટાપિંડી કરવામાં આવે છે. વધારે માંદા પંખીને તારની જાળીના પિંજરમાં જુદું રાખવામાં આવે છે. કૃમિ, હોજરીમાં કાંકરા, ચામડીના રોગો કે એવાં કારણોસર થઈ આવેલા રોગોની દવા કરવામાં આવે છે.

ખોરાકમાં દરદીઓને સૂકા ચણાથી માંડી રાંધેલા ભાત ને કુબીજનાં પાન જેવી લીલોતરી આપવામાં આવે છે. ખાઇ ના શકે એવાં માંદલાં પંખીઓને ભાતનું ઓસામણ, ફળનો રસ, ઘઉંનો બાફેલો લોટ વગેરે ખોરાક બળે બળે ખવડાવવામાં આવે છે. પાળેલાં પક્ષીને સારવાર બાદ છૂટાં મૂકવાની શરતે દવા કરવામાં આવે છે. ૧૯૪૯માં આવાં ચાર હજાર પક્ષીમાંથી ત્રણેક હજાર છોડી મુકાયાં હતાં.

માંદાં પંખીમાંથી ઘણાં તો દૂર દેશથી ઊડી આવેલાં આર્તવી પક્ષીઓ હોય છે. આમાંનાં ઘણાં તો કદી યે માનવ સમીપ આવેલાં કે આવવા ટેવાએલાં પણ નથી હોતાં, છતાં સારવાર વખતે માનવ સ્પર્શથી નથી બીતાં કે નથી આઘાંપાછાં થતાં. દાક્તરનો માયાળુ સ્પર્શ એમનામાં કયી લાગણીઓ પેદા કરતો હશે? આ મંદિરના બાગમાં આવવાનો રસ્તો માંદાં પક્ષીઓને કેવી રીતે જડે છે એ રહસ્ય પક્ષી-દાક્તરને પણ આશ્ચર્ય પમાડે છે. સોળ વરસ ઉપરાંતથી પક્ષીઓની એકધારી સેવા કરી રહેલા એ દાક્તર પક્ષીઓ સાથે એવા તો ઓતપ્રોત થઈ ગયા છે કે માંદા કે ઘવાએલા પક્ષીને જોઇને તે લાગણીવશ થઇ જાય છે. પક્ષીઓ પણ એમને સારી રીતે ઓળખી ગયાં છે. તેઓ પોતાની રીતે તેમના પ્રત્યે પ્રેમ વ્યક્ત કરે છે.

—(ડૉ.) શિવપ્રસાદ ત્રિવેદી

ક્લોરોફીલ: એક અદ્ભુત દ્રવ્ય

કેટલાંક વર્ષ પર ન્યૂ યૉર્કના ડૉ. હાવર્ડના દવાખાનામાં અસ્થિ-ક્ષયથી પીડાતો એક દર્દી આવેલો. રોગથી કાયર બની ગએલા એ દર્દીએ તેને વિનંતિ કરી, 'દાક્તર, હવે તો મારું મોત લાવીને આમાંથી છોડાવો. છ મહિના પથારીમાં પડયો પડયો ત્રાસી ગયો છું.'

ડૉ. હાવર્ડે તેને ત્રણચાર ઇન્જેકશનો આપ્યાં. આ ઇન્જેકશનોએ દર્દીને જોઇતું મૃત્યુ તો ન આપ્યું, પરંતુ ઊલટું જીવન પ્રત્યેની એની નિરાશા દૂર કરી દીધી. અસ્થિક્ષયના રોગ પર એ ઇન્જેકશનથી તાત્કાલિક કશો ફેર ન દેખાયો, પરંતુ જિંદગી પ્રત્યેની નફરતને બદલે દર્દીમાં તે પ્રત્યે રસ જાગવા માંડયો. બીજો મોટો ફેરફાર આ ઇન્જેકશનથી એ થયો કે તેના શરીરમાંથી રોગને લીધે નીકળતી દુર્ગંધ ઓછી થઈ ગઇ.

ડૉ. હાવર્ડના આ સફળ પ્રયોગે એમણે ઇન્જેકશન માટે વાપરેલી દવાને જગપ્રસિદ્ધ બનાવી દીધી. એ દવ નું નામ 'ક્લોરોફીલ'. ક્લોરોફીલ એ મૂળ તો દ્રવ્ય છે, જે વનસ્પતિને લીલો રંગ આપે છે. વનસ્પતિએ રસરૂપે ચૂસેલા ભોજનને એ પોષણ દ્રવ્યમાં ફેરવી નાખે છે. માનવજીવનમાં જે મહત્ત્વ 'હેમોગ્લોબીન' (લોહીમાંના લાલ કણો)નું છે, એવું જ મહત્ત્વ વનસ્પતિજીવનમાં ક્લોરોફીલનું છે.

ડૉ. હાવર્ડના આ પ્રયોગ પછી ફિલાડેલ્ફિયાના ડૉ. બેન્જામિન પૅરિકને જખમો પર ક્લોરોફીલનો પ્રયોગ કરી જોયો. જખમો એનાથી જલદી રૂઝાઇને સુકાઈ જતા જણાયા. પછી તો શું? મલમ, પેસ્ટ, મંજન વગેરે અનેક રૂપે ક્લોરોફીલનો ઉપયોગ પ્રચલિત થઈ ગયો. દાંત પર તેના પ્રયોગથી 'પાયોરિયા' જેવું દરદ મટવા લાગ્યું અને મોંની દુર્ગંધનો નાશ થવા લાગ્યો.

ક્લોરોફીલ વનસ્પતિનો તો પ્રાણ છે જ, પરંતુ માનવશરીરના પોષણમાં યે તેનું મહત્ત્વ ઓછું નથી. 'હેમોગ્લોબીન' આપણા શરીરમાં લાલ કણ પેદા કરે છે, જ્યારે ક્લોરોફીલ શર્કરા—સાકર પેદા કરે છે. આ સાકર હેમોગ્લોબીન દ્વારા મળતા પ્રાણવાયુ વડે નાના નાના કણોમાં વિભક્ત થઇ આપણા શરીરને પોષણ આપે છે. ક્લોરોફીલમાં 'કૅરોટિન' નામનું તત્ત્વ પુષ્કળ પ્રમાણમાં હોય છે, જે હાડકાંને પોષણ આપતા વિટામિન—'એ'નું જનક છે. લીલાં શાકભાજી આપણા સ્વાસ્થ્ય માટે વધુ હિતકારી હોવાનું આ જ કારણ છે.

ક્લોરોફીલ એક બાજુ આટલી પોષણશક્તિ ધરાવે છે તેમ બીજી બાજુ અનેક પ્રકારના રોગજંતુઓનો નાશ કરવાની શક્તિ પણ ધરાવે છે. આ કારણે દવાઓ ઉપરાંત એનો ઉપયોગ સાબુ, શૅમ્પૂ, લોશન વગેરે બનાવવામાં પણ થઈ રહ્યો છે.

આ અદ્ભુત દ્રવ્ય વિજ્ઞાનીઓને વર્ષો સુધીના પરિશ્રમને અંતે હાથ લાગ્યું છે. સૌ પ્રથમ જોસેફ પ્રીસ્ટલી નામના વિજ્ઞાનીએ શોધી કાઢયું કે વનસ્પતિના લીલા રંગનું કારણ તેમાં રહેલું ક્લોરોફીલ નામનું રંજક દ્રવ્ય છે. પરંતુ એ પોતે એ દ્રવ્ય અલગ રૂપે મેળવી ન શકેલો. એ રૂપે મેળવવાનો યશ સ્વિટ્ઝર્લૅન્ડના ડૉકટર એમિલ વેર્ગીને ફાળે જાય છે. એણે જ એ દ્રવ્ય પાણીમાં ઓગળી જાય એ સ્વરૂપે છૂટું પાડીને રોગીઓ પર પહેલવહેલો પ્રયોગ કર્યો, અને એ અગ્નિદીપક તથા રક્તવર્ધક હોવાનું જાહેર કર્યું. ડૉ. હાવર્ડ તથા બીજાઓને એના જ પ્રયોગો પરથી પ્રેરણા મળેલી. ક્લોરોફીલનો મોટામાં મોટો ગુણ એ છે કે એનો પ્રયોગ માનવશરીરને કોઈ પ્રકારે નુકસાન નથી કરતો.

આજે તો ક્લોરોફીલ 'ચ્યૂઇંગ ગમ' (ચગળવાની ચીકણી ચૉકલેટ)થી માંડીને લોશન સુધીનાં અનેક સ્વરૂપે બજારમાં મળે છે. એકલા અમેરિકામાં જ એની ખપત વાર્ષિક ૩૦ કરોડ ડૉલરની છે. આટલી લોકપ્રિયતાને કારણે એ વેપારી હરીફાઇનું પણ મોટું સાધન બનેલ છે.

વિચિત્ર સ્મારકો

'મારા મૃત્યુ પછી મારા માટે કોઈ સ્મારક ઊભું ન કરશો. સ્નેહ, મોહ અને મૂર્ખતા મનુષ્યને એવો અંધ બનાવી દે છે કે તે કૂતરાં-બિલાડાંનાં પણ સ્મારકો રચે તો નવાઈ નહિ.' ચીનના 'હસતા ફિલસૂફ' તરીકે ઓળખાતા લૂ-ચીએ પોતાના મૃત્યુ સમયે પોતાના શિષ્યોને આ મુજબનો આદેશ આપેલો.

પણ આજે રચાતાં એવા વિચિત્ર સ્મારકો પાછળ તેણે ઉપાલંભેલાં સ્નેહ-મોહ-મૂર્ખતા કરતાં કૃતજ્ઞતાની ભાવના રહેલી છે.

અમેરિકામાં યૂટા નામક સ્થળે એક દરિયાઈ પંખીનું સ્મારક રચવામાં આવ્યું છે. ત્યાંનાં ઘઉંનાં ખેતરોમાં તીડ પડેલાં અને બધો પાક નષ્ટ થઈ જવાનો ભય હતો, ત્યાં એકાએક એ દરિયાઇ પંખીનાં ઝુંડનાં ઝુંડ ઊતરી પડયાં અને સઘળાં તીડ સ્વાહા કરી ગયાં. પછી તો નગરનિવાસીઓની સભા મળી અને એ પંખી પ્રત્યેની કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે તેનું સ્મારક રચવાનો નિર્ણય થયો.

જાપાનના કો-જો વિશ્વવિદ્યાલયમાં દેડકાનું સ્મારક રચવામાં આવ્યું છે. ત્યાં પ્રાણીશાસ્ત્રનું અધ્યયન કરતા વિદ્યાર્થીઓ તરફથી સંખ્યાબંધ દેડકાં ચીરવામાં આવતાં હોઇ એ પ્રાણી પ્રત્યેના ઋણનો તેના સ્મારક દ્વારા સ્વીકાર કરવામાં આવ્યો છે. અમેરિકાના વેસ્કના ગામડા પર ૧૮૪૧માં ભમરાઓનું આક્રમણ થએલું તેની યાદગીરીમાં ત્યાં ભમરાનું સ્મારક ઊભું કરવામાં આવ્યું છે.

કૂતરાંનાં સ્મારકો તો અનેક રચાયાં છે. ટોકિયોના રેલવે સ્ટેશન પર એક કૂતરાનું સ્મારક છે, જેની વાત અગાઉ 'કુમાર'માં આવી ગઈ છે. તે એક પ્રોફેસરનો પાળેલો હતો. દરરોજ પોતાના શેઠને એ ગાડીએ મૂકવા જતો અને સાંજે પાછા વળતી વખતે એ ફરી પાછો પ્રોફેસરના સ્વાગતાર્થે પહોંચી જતો. એક દિવસ પ્રોફેસરનું અચાનક યુનિવર્સિટીમાં જ અવસાન થયું. પરંતુ આ સ્વામીભક્ત કૂતરો તો એમની રાહ જોતો સ્ટેશન પર બેસી રહ્યો. બહુ મોડું થયું ત્યારે જ ઘેર પાછો ફર્યો. ત્યાર પછી સતત આઠ વર્ષ સુધી એ દરરોજ સ્ટેશને જઇ પોતાના માલિકની રાહ જોતો બેસતો ને અંધારું થઇ જતાં પાછો વળતો! આઠ વર્ષ પછી એ મૃત્યુ પામતાં એ જ્યાં બેસીને દરરોજ પોતાના માલિકની રાહ જોતો ત્યાં તેનું સ્મારક રચાયું.

ઉત્તર હિંદના મિરજાપુર શહેરથી લગભગ ૪ માઇલ દૂર 'મોતિયા તલાવ' નામનું એક તળાવ છે, જે મોતિયા નામના એક કૂતરાની સ્મૃતિમાં બાંધવામાં આવ્યું છે. એના શેઠને ત્યાં ચોરી કરીને ચોરો એ બધો માલ શહેર બહાર એક સ્થળે દાટેલો. મોતિયાએ ચોરોનો પીછો પકડેલો અને પછી શેઠને સંકેતથી એ સ્થળ બતાવી આપેલું. અમેરિકાના ચેશાયર શહેરમાં 'ટેલ્સ ટાવર' નામે ઓળખાતો ટાવર પણ એક સેન્ટ બર્નાર્ડ કૂતરાની સ્મૃતિમાં બંધાએલો છે.

મહારાણા પ્રતાપે તેના પ્રિય ઘોડા ચેતકના શબ પર જેમ છત્રી ચણાવેલી, તે જ રીતે અમેરિકાના પ્રસિદ્ધ સેનાપતિ શેરમૅને પણ પોતાના ઘોડાના શબ પર ત્રીસ ફૂટ ઊંચો સફેદ પત્થરનો એક સુંદર સ્મૃતિસ્તંભ ચણાવેલો છે.

રોમનો ટાઈબર નદી પરનો પૂલ એક મરઘીના સ્મારક તરીકે રચવામાં આવ્યો છે, કારણ નદીમાં પૂર આવેલું ત્યારે એ મરઘીએ રાત્રે ચીસાચીસ કરી શહેરને પૂરની હોનારતથી બચાવેલું.

પરંતુ મૂર્ખાઈ ભરેલાં સ્મારકો પણ નથી થતાં એવું નહિ. એન્જેલ્સના માર્કવિસ આયર્લૅન્ડ નામના એક સેનાપતિએ એવું સ્મારક પણ ઊભું કરેલું છે. એ પોતાના પગ પર અત્યંત મુગ્ધ હતો. કમનસીબે યુદ્ધમાં એનો એક પગ ઊડી ગયો. એણે એ પગ જબરા દબદબાપૂર્વક યુદ્ધભૂમિ પર જ દફનાવ્યો અને તે પરના સ્મારકમાં એને લગતો સ્મૃતિલેખ કોતરાવી, બાજુમાં એક ઝાડ રોપેલું.

અને ક્વીન્સલૅન્ડમાં એક કાન ખજૂરાની જાતના કીડાની સ્મૃતિમાં ત્રણ મજલાનું સ્મારક ઊભું કરવામાં આવ્યું છે! કારણકે ખેતીને નુકસાન કારક એવા એક કાંટાળા છોડનાં કીડાની એ જાતે નાશ કરેલો. કીડાનું આવું સ્મારક રચાયાનો સૌપ્રથમ દાખલો છે રોમના વિખ્યાત કવિ વર્જિલની માખીનો! આ માખી મરી જતાં વર્જિલે એની ધામધૂમભરી સ્મશાનયાત્રા કાઢેલી અને એના દફન પાછળ આજની કીમતમાં લગભગ ૨૫-૩૦ હજાર રૂપિયા ખરચેલા! એ માખીનું કફન સોનેમઢેલું હતું અને એની કબ્ર ઉપર સો ધર્મગુરુઓએ એના આત્માની શાંતિ અર્થે પ્રાર્થના કરેલી! રોમન સમ્રાટ ઑક્ટેવિયન (જે પાછળથી ઑગસ્ટસના નામે પ્રસિદ્ધ થયો)ના મિત્રોએ પણ આ મૃત્યુ અંગે શોક પાળેલો! આ તો બહુ જૂની વાત થઈ, પરંતુ હજુ થોડાં જ વર્ષ પર એક યુગોસ્લાવિયને તેનો બકરો મરી જતાં તેને કીમતી કફન ઓઢાડીને એની દબદબાભરી સ્મશાનયાત્રા કાઢેલી!

ખાંડના કારખાનાના કચરાનો ઉપયોગ

એક સો ટન શેરડી પીલવામાં આવે તો તેમાંથી નીકળતો લગભગ છ ટન ફિલ્ટર પ્રેસનો કચરો તો નાખી જ દેવો પડે છે. આપણા દેશમાં ખાંડનાં ૧૩૪ કારખાનાં ચાલે છે ને તેમાં લગભગ ૧ કરોડ ને ૧૦ લાખ ટન શેરડી દર વર્ષે પિલાય છે. કારખાના દીઠ સરેરાશ એક લાખ ટન શેરડી પિલાય એમ ગણીએ તો પણ તેમાંથી લગભગ છ હજાર ટન કચરો નીકળે. આમાંનો બહુ થોરો ભાગ ખાતર તરીકે વપરાય છે અને બાકીનો નકામો જાય છે. આ કચરામાંથી ઉપયોગી પદાર્થો બનાવી શકાય તો ધૂળમાંથી ધન પેદા કર્યા બરાબર થાય, એમ ગણીને તેના પર કરેલા સંશોધનને પરિણામે તેમાંથી ગરમી અને ધ્વનિરખુ એક પદાર્થ બનાવવામાં આવ્યો છે. આને 'ખનિજ ઊન'–mineral wool કહેવામાં આવે છે. આ પદાર્થની ઔદ્યોગિક ઉપયોગિતાની શક્યતાઓ બહુવિધ છે.

ફિલ્ટર પ્રેસના આ કચરામાં રેતીનું યોગ્ય પ્રમાણમાં મિશ્રણ કરીને તેમાં રાખ, સોડા, ફટકડી વગેરે પદાર્થો ઉમેરવામાં આવે છે. આ મિશ્રણને વીજળિક ભઠ્ઠીમાં ૧૦૦૦–૧૬૦૦ સેન્ટીગ્રેડ ડિગ્રીની ઉષ્ણતાએ પીગળી જાય ત્યાં સુધી ગરમ કરવામાં આવે છે. પછી તેમાં ચોરસ ઇંચે ૭૦–૨૦૦ પૌંડના દબાણમાં હવા છોડવામાં આવે છે. આથી તેનાં સૂક્ષ્મ કોરાં જેવાં રજકણો બની જાય છે, જેને એક લાંબી ભૂંગળીમાંથી પસાર કરતાં તેના લાંબા તાંતણા બને છે. આને લગતો પેટન્ટ કઢાવવામાં આવ્યો છે. —ન. મૂ. શાહ

પર્વત આરોહકો માટેનો પોશાક

બ્રિટનના ઔદ્યોગિક પ્રદર્શનમાં પર્વત આરોહણ સારુ ઠંડા હવામાન માટેના સૂટનો નમૂનો રજૂ થશે. ખાસ તૈયાર કરવામાં આવેલા કાપડમાંથી તે બનાવવામાં આવ્યો છે. તેમાં ૬૦ ટકા નીલોન ને ૪૦ ટકા સૂતરનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તેનું વણાટકામ એટલું બધું બારીક અને વિશિષ્ટ પ્રકારનું છે કે તે શરીરને ઉષ્મા આપ્યા કરે છે. અને કલાકના ૧૦૦ માઇલની ઝડપથી ફૂંકાતો પવન પણ તે પર કંઇ જ અસર કરી શકતો નથી.

વળી આ પોશાકની એક વિશિષ્ટતા એ છે કે તે વજનમાં ઘણો જ હલકો છે—આખા સૂટનું વજન માત્ર ૨ રતલ છે. આથી પર્વતો પર ચઢતાં જરા પણ મુશ્કેલી પડતી નથી ને શરીરની હીલચાલ બહુ જ હળવી અને સ્ફૂર્તિદાયી બની રહે છે.

OUR FRIENDS ABROAD

જગત્સંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ

જાપાનના કેટલાક પત્રમિત્રો

દરેક સરનામાને છેડે Japan એટલું ઉમેરી લેવું.

(1) Tetsuo Muraoka, Fomoto, Yoshimatsu-mura, Airagun, K'goshima Pref.—21, Stamps, Post-cards; (2) Taro Iijima, 553 Ayata, Toyooka-mura, Kaijogun, Chiba Pref.—29, Fishing; (3) Izan Fujita, Hiyashi, Yoro-gun, Gifa Pref.—31, Stamps, Post-cards, Pictures; (4) Kazuo Nakamura, Aoto Hospital, Aoto, Katsushika-ku, Tokyo—21, Stamps; (5) Michio Ahashi, 69 Sueyoshi-cho, 4 Chome, Naka-ku, Yokohama, Kangawa Pref.—23, Camera; (6) Ushizo Katakai, Chojuen Sanatorium, Sahaul, Agatsuma-gun, Gunma Pref.—27, Stamps, Sports, Reading; (7) Yashiaki Fukada, Nukada Sanatorium, 1913 Omachi, Kamakura, Kanagawa Pref.—30, Photos; (8) Ikuzo Shinagawa, Sanyoso, Kiwa-mura, Yashiki-gun, Yamaguchi Pref.—19, Stamps, Reading, Pen-pal; (9) Yoshitaka Shimano, Asaka, Abayama, Hosp. Nasahara, Takatsuki-city—23, Reading, Movie; (10) Masaru Nagai, 7 Mie Sanatorium, Ishinden P. O. Zone, Mie Pref.—29, Stamps, Pen-pal; (11) Yokichi Haryu, 75 Nanzai, Sendai, Miyagi—26, Photography, Chemistry, Physics, Stamps; (12) Takayashi Hatarri, Gifu Sanatorium, Ai-cho, Ena-gun, Gifa Pref.—23, Reading, Stamps; (13) Masatashi Iwamizu, Akasaka Sanatorium, Hainuzuka P O. Zone, Fukuoka Pref.—25, Stamps; (14) Yaneshichiro Ishizawa, 4/3 Nagasumi-cho, Hawtori, Hushiro-city—Correspondence; (15) Eiji Watanabe, Hiroshima Sanatorium, Yeranishi-cho, Hiroshima Pref.—26, Stamps, Post-cards. ઉલ્લેખ : Girdharilal Shroff, 711/3, Sakar Bazar, Ahmedabad-2.

આફ્રિકાનાં કેટલાંક પત્રમિત્રો

(1) Miss Margaret Oduroh—36; (2) Miss Agnes Kuranchie—18; (3) Daniel Mensan Arhin—16; (4) Joseph K. Damoah—20. આ બધાંનું સરનામું: Catholic School, Asin Damang, via Cape Coast, Gold Coast—Br. West Africa. પહેલાં બેમાં C/o P. K. Kuranchie એટલું વધુ ઉમેરવું; (5) Samuel Toku—17; (6) Peter Ampimah—15. આ બંનેનું સરનામું : Catholic Middle School, Asin Damang, via Cape Coast, Gold Coast, Br.W.A. ઉલ્લેખ : જયંત મેઘાણી, ૧૧૫૩, પટ્ટણી રોડ, ભાવનગર (સૌરાષ્ટ્ર); (7) S. L. Dodhia, P.O. Box No. 1633, Nairobi (Br. E.A.)—19, Stamps, Literature.

હિંદી પત્રમિત્રો

(13) Prakash Bhatt, 1136, Krishna Nivas, Sir P.P. Road, Bhavnagar (Saur.)—13, Sports, Stamps, Reading; (14) Bhagvatiprasad Narmdashanker Dave, Jamvanathali (Saur.)—20, Literature, Touring; (15) Bharatkumar Dhanvantrai Desai, Piplawali Golwad, Daulatkhana, 1509-1 Sarangpur, Ahmedabad—18, Stamps, Photography, Literature; (16) Colbert A., 307/A, 9, Outside Nikol Gate, Saraspur, Ahmedabad-2—20, Stamps, Coins, Photographs, Sea-shells, View-cards, Reading; (17) A. D. Nimbark, Chandra Bhuvan, Takhteshwar, Bhavnagar (Saur.)—19, Journalism, Art, Philately, Literature, Cartoons; (18) Mahendra C. Chokshi, 341, Tembla's St., Kalupur, Ahmedabad—20, Politics, Philosophy, Photography, Autographs, Art; (19) Devidas Kanji Bhojak, Loohar Chakla, Narrow St., Kutch-Mandvi—16, Stamps, Magazine, Coins; (20) Jayantilal B. Thakkar, Khadkhad Lines No. 4, Veraval (Saur.)—18, Photos, Drawing, Stamps; (21) Mapara Kantilal N., Plot 603, Westview, Manekwadi, Bhavnagar (Saur.)—20, Literature, Cinema; (22) Ratilal Gandalal Mistry, Near Small Daherasar, Dhrang dhra (Saur.)—20, Films, Music; (23) Bhogilal Premjeebhai Mistry, Near Tennis Club, Dhrangadhra (Saur.)—14, Science, Literature. (ચાલુ)

આ માસ (મે) ઇતિહાસમાં : દિનવિશેષ • વ્યક્તિવિશેષ • પ્રસંગવિશેષ

દિનવિશેષ

તા. ૧ શાંતિનિકેતનમાં વિશ્વભારતી વિદ્યાપીઠની સ્થાપના, ૧૯૨૨.
તા. ૮ રસાયણશાસ્ત્રના પિતા સમા લવાઝીએનો ફ્રાંસના ક્રાંતિમંચ ઉપર વધ, ૧૭૯૪.
તા. ૯ જહાંગીરની હયાતીમાં જ શાહજહાં શહેનશાહ બની દિલ્હી પર ચડયો, ૧૬૨૨.
તા. ૧૦ મીરતમાં સિપાઇઓએ બળવો કરી '૫૭ના સ્વાતંત્ર્યયુદ્ધનો પ્રારંભ કર્યો, ૧૮૫૭.
તા. ૧૪ સાપેક્ષવાદના જનક વિશ્વવિજ્ઞાની આઈન્સ્ટાઇનનો જન્મ, ૧૮૭૯.
તા. ૧૭ મુંબાઇ અને કલકત્તા વચ્ચે ટેલિગ્રાફ વ્યવહાર શરૂ થયો, ૧૮૫૩.
તા. ૨૨ ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં નાતાલ ઇંડિયન કૉંગ્રેસની સ્થાપના કરી, ૧૮૯૪.
તા. ૨૩ ભારતનું પહેલું વર્તમાનપત્ર બંગાળી 'સમાચાર દર્પણ' શરૂ થયું, ૧૮૧૮.
તા. ૨૫ વિલ્બરફોર્સની ઝુંબેશથી બ્રિટિશ સામ્રાજ્યમાંથી ગુલામી બંધ થઈ, ૧૮૬૭.
તા. ૨૭ રશિયાના ઘડવૈયા રાજવી મહાન પીટરે પીટર્સબર્ગ નગર વસાવ્યું, ૧૭૦૩.
તા. ૩૦ સંસારસુધારક ને કેળવણીકાર મહીપતરામ રૂપરામ નીલકંઠનું અવસાન, ૧૮૯૧.

વ્યક્તિવિશેષ : લીઓનાર્દો દ વિન્ચી



વિન્ચી નામના ઈટાલિયન ગામડામાં ૧૪૫૨-ની બીજી મેએ એક વકીલ તથા તેની અસીલ શેઠાણીના ગેર-કાનૂની બાળક તરીકે જ્યારે તેનો જન્મ થયો ત્યારે કોણે માન્યું હશે કે જગતની એ એક એવી પ્રતિભા બનશે કે જેની જોડી મેળવવી ખુદ કુદરતને યે ભારે પડે? ૧૮મા વર્ષથી જ પોતાની પ્રતિભા દાખવતા આવતા એ શિલ્પી-ચિત્રકારે, ત્રીસમે વર્ષે ડ્યૂક ઑવ મિલાનની નોકરીમાં રહીને જગતની આઠમી અજાયબી ગણાતું એવું ફ્રાન્સિસ્કો સ્ફૉર્ઝાનું શિલ્પ તૈયાર કરીને, કે, જગત જેને જોઈને હજી આજે યે મુગ્ધ બની જાય છે એ 'મૉના લિસા'નું ચિત્ર દોરીને જ પોતાની પ્રતિભા નહોતી બતાવી. એ બે તો માત્ર તેની અનેકમુખી મેધાની બે બાજુઓ જ છે. તેણે લશ્કર-નું દોર્યું હતું, સંગીત રચ્યું હતું, અવનવાં યંત્રોની શોધો કરી હતી, પણ એ બધું ક્યાં ગણવા બેસીએ? મૃત્યુ બાદ પોતાની પાછળ તે ૫૦૦૦ પાનાં ભરીને જે નોંધો મૂકી ગયો છે તેમાંનાં માત્ર પચાસેકની જ ઝાંખી કરીએ તો યે તેના એ ગજબનાક ભેજામાં શું શું ભર્યું હતું તેનો ખયાલ આવશે. એમાં પૌરાણિક લોકકથાઓ ને મધ્યકાલીન તત્ત્વજ્ઞાન, દરિયાની ભરતીનાં કારણો ને ફેફસાંમાંની હવાની હલચલ, પૃથ્વીનું માપ ને તેની તથા સૂર્યની વચ્ચેનું અંતર, ધ્રુવડની રાતની ટેવો તથા માણસની દૃષ્ટિના નિયમો, જ્યોતની રચના તથા વર્તુળને સમચોરસ બનાવવાનું સમીકરણ, ગુરુત્વાકર્ષણનો નિયમ તથા હવામાં ડોલતાં વૃક્ષોની તાલમય ગતિ, ઊડતા યંત્ર-હવાઈ જહાજનો નકશો તથા મૂત્રાશયમાં થએલી પથરીનો ઉપચાર, તરવામાં રક્ષણ આપતા અડૂબ જાકીટની નોંધ તથા છાયા-પ્રકાશ પર નિબંધ, ઉદ્યાનની રચના અને લડાઈમાં ઉપયોગી અવનવાં યંત્રોનાં આલેખન, અસ્ત્રો બનાવવાના કીમિયા તથા ભૌમિતિક પ્રમેયો ને સિદ્ધાંતો, ફુવારામાં પડતા પાણીના દબાણનો અભ્યાસ અને પશુપંખીની પ્રજનનક્રિયાનાં અવલોકનો, શૂન્યાવકાશ પર નિબંધ અને વરાળની ચાલક શક્તિનો ઉપયોગ કરવાની રીતો,...આમ, માનવ જીવનને ઉપયોગી પ્રત્યેક ક્ષેત્રમાં તેણે કંઈ ને કંઈ મૌલિક શોધખોળ કરી તેની નોંધ કરી છે! જીવમાત્રને એ સમાનતાથી નિહાળતો અને તેથી માંસાહાર ન કરતો. માનવતામાં સૌંદર્ય લાવવાની ઈચ્છાએ તેને કલાકાર બનાવ્યો, ને માણસની જંગાલિયતે તેને ફિલસૂફ. તેણે મહાન ઈમારતો કલ્પી, સુંદર નગરોની રચના વિચારી, સબમરીન વડે સમુદ્રને અને હવાઈ જહાજ વડે હવાને સર કરવા સાથે તેણે પૃથ્વી પર વરાળથી ચાલે તેવી ગાડીના પણ આલેખો કર્યા. પણ પ્રોત્સાહનને અભાવે તે કશું ન કરી શક્યો. હજારો યોજનાઓમાંથી માત્ર ગણીગાંઠી જ તે પાર પાડી શક્યો. એ પાનાંઓમાં તેણે નોંધેલી યોજનાઓ સિવાય તેની અનેકમુખી પ્રતિભાની સાબિતીમાં આજે તો માત્ર 'મૉનાલિસા', 'લાસ્ટ સપર', 'ઍનન્સીએશન', ઍડોરેશન ઑવ ધ મૅગી', 'વર્જિન ઑવ ધ રૉક્સ' ને 'મૅડોના ઍન્ડ ચાઈલ્ડ વિથ સેન્ટ ઍન' જેવાં જગનામી ચિત્રો ઉપરાંત કશું નથી. તેના અમૂલ્ય ભેજાનો લાભ લેવાને બદલે દુનિયાએ તેની પાસે લડાઈ લડાવી, ઘોડાના તબેલા બંધાવ્યા, અરીસાના તકતા બનાવડાવ્યા. પરિણામે, એ માનતો એમ, એનું જીવન નિષ્ફળ જ નીવડ્યું; અને જીવનનાં પાછલાં વર્ષોમાં એ ફ્લૉરેન્સ, રોમ, વેનીસ ને ફ્રાંસ વચ્ચે રખડતો આખરે ૧૫૧૯માં ફ્રાંસમાં એક અજાણ્યા ગામમાં નહેરના કામ પર દેખરેખ રાખતો મરણ પામ્યો ત્યારે તેની અમૂલ્ય પ્રતિભાને જાણનાર કોઇ તેની પાસે નહોતું! ફક્ત તેને સમજી શક્યો હતો તેનો એક શિષ્ય ફ્રાંસિસ્કો મેલ્ઝી. અને લીઓનાર્ડોના મરણ વિષે એ લખે છે તે ખરું જ છે કે, 'તેનું મોત એ માનવજીવનની મોટી ખોટ છે... ખુદ કુદરત પણ એના જેવી બીજી પ્રતિભા પ્રકટાવવાની શક્તિ નથી ધરાવતી.'

પ્રસંગવિશેષ : સત્તાવનના સ્વાતંત્ર્યસંગ્રામની શરૂઆત : ૧૦મી મે

જેણે એકવાર તો ભારતમાં કંપની સરકારના પાયા ડોલવી નાખ્યા એ, ઇ. ૧૮૫૭ની ક્રાંતિનાં બીજ તો છેક સો વર્ષ પહેલાં પલાશીની યુદ્ધભૂમિમાં વવાએલાં. છતાં દિલ્હી-સમ્રાટ સાથેનો અંગ્રેજોનો અનુચિત વહેવાર, અવધ, ઝાંસી અને નાનાસાહેબને થએલો અન્યાય, ડેલહાઉસીની ખાલસાનીતિ તથા નફ્ફટાઈ ભર્યો ઈસાઇ મતપ્રચાર, એ આ બંડનાં મુખ્ય કારણો ગણાય. તેને માટેની ભૂમિકા અને સંગઠનની સઘળી જ તૈયારી ગુપ્તપણે કરી લઈ ૧૮૫૭ની ૩૧મી મેએ સમગ્ર ભારતમાં એકીસાથે બળવો જગાવવાનું નિશ્ચિત થએલું. પણ ચરબીવાળી કારતૂસો વપરાવવા અંગ્રેજોએ કરેલી બળજબરીથી ઉશ્કેરાઈ જઇને સિપાઈઓએ અધીરા બની જઈ મિરતમાં ૧૦મી મેએ વહેલું જ બંડ ઉઠાવી નાખ્યું. ને થોડા જ દિવસમાં તે સમગ્ર ઉત્તર ભારતમાં ફેલાઇ જઇ કંપનીના વહીવટને નામશેષ કરી નાખે તેવી સ્થિતિ ઊભી થઇ ગઇ. પણ એ કવખતની ઉતાવળથી કંપની ચેતી ગઈ. છતાં યે શીખ, ગુરખા, નિઝામ અને શિંદે જેવાનો મદદ ન મળી હોત અને થોડી શી જીત મેળવતાં ક્રાંતિના નેતાઓ મિથ્યાભિમાનમાં ફરજ ન ચૂક્યા હોત તો બંડ જે રીતે દબાઈ ગયું તેમ ન દબાત.

વંઠી ઘર પછવાડે છીંડી, વંઠી નાર પરઘેરે હીંડી
વંઠયું કાથા વિનાનું પાન, વંઠયું ઘણા પટેલે ગામ.

> **આપણે જેવા હોઈએ તેથી ઊણા ભલે દેખાઇએ, પણ વધારે તો ન જ દેખાઇએ એવી ચીવટ રાખવી એ વિકાસનો માર્ગ છે.**

મહા પરોપકારી ને ઉદારચરિત હાતિમ તાઈને કોઇએ પૂછયું કે તમારા કરતાં વધુ લાયક માણસ તમે કોઈ જોયો છે? તાઇએ જવાબ દીધો કે દુનિયામાં એવા ઘણા હશે, પણ એકનો જ દાખલો આપું. એક વાર મેં મોટી ધુમાડાબંધ મિજબાની આપેલી જેમાં ચોમેરના સમસ્ત પ્રદેશને જમવાનું આમંત્રણ હતું. અચાનક એ જ દિવસે જંગલમાં મારે કોઈ કામે જવાનું થતાં એક કઠિયારાને લાકડાંનો ભારો લાવતો જોયો. તેને મેં પૂછયું 'તમે હાતિમની મિજબાનીમાં ન ગયા?' તેણે જવાબ દીધો: 'જે પસીનો ઉતારીને પોતાનો રોટલો મેળવે છે તેને વળી હાતિમને ત્યાં જવાની શી જરૂર?'

અનેકાર્થી શબ્દ: **વૃત્તિ**=ચિત્તમાં ઊઠતો વિચાર, ચિત્તનો વ્યાપાર; મનનું વલણ; સ્વભાવ, પ્રકૃતિ; વર્તન, વ્યાખ્યા, ટીકા; ભિન્ન રસોમાં ઉપયોગી માનેલી વર્ણન કરવાની શૈલી (કૌશિકી, સાત્વતી, આરભટી અને ભારતી); ધંધો; આજિવિકા; શબ્દની અર્થ બતાવવાની શક્તિ.

ઇજિપ્તમાં છે તે કરતાં પણ મેકૂસિકોમાં વધુ પીરામિડો છે. તે આઝટેક અને ઈન્કા લોકોએ બાંધેલા.

૧થી માંડીને ગમે તેટલી મોટી સંખ્યા સુધીના બધા આંકડાનો સરવાળો કરવાની એક સહેલી રીત છે: છેલ્લી સંખ્યાને એના પછીની જ સંખ્યા વડે ગુણી અર્ધા કરતાં આવે તે જવાબ. જેમકે ૧ થી ૬ સુધીની સંખ્યાનો સરવાળો (૧+૨+૩+૪+૫+૬=) ૨૧ થાય છે; તેને આ સહેલી રીતે ગણતાં ૬×૭=૪૨÷૨=૨૧.

કહેવતોના અર્થ: 'ધંધુકામાં ધાડ નહિ, ને ધોળકાને વાડ નહિ'—જ્યાં પ્રજા સુખી ને સમૃદ્ધ હોય તેવી સ્થિતિ દર્શાવવા વપરાતી આ કહેવતનો શબ્દાર્થ દાખવે છે તે મુજબ એક કાળે આપણાં એ બે પ્રાચીન શહેરો પૈકી એકના લોકો એવા સુખી હતા કે ત્યાંના પ્રદેશમાં કદી ધાડ પડતી નહિ, અને બીજાની જાહોજલાલીથી તેનો વિસ્તાર એટલો વધેલો હતો કે તેને વાડ કે કોટની મર્યાદા ન હતી. પણ આજે ત્યાંની પ્રજા વિષે એક વળી વિપરીત જ કહેવત પ્રચલિત છે:

ધોળકાની ધાણી ને મલાવનું પાણી,
ધબધબ ધૂએ ને રોટલાને રૂએ.


પીળા બુટને કાળા કરવા હોય તો ઍમોનિયાના પાણીવાળું પોતું બેત્રણ વાર ફેરવી, સુકાઈ ગયે કાળું બુટપૉલિશ લગાડવું.

ઇંગ્લંડના રાષ્ટ્રીય રેડિયો (બી.બી.સી.) ઉપરથી રાણી ઈલીઝાબેથના રાજ્યારોહણ પ્રસંગે અંગ્રેજી ઉપરાંત આ ૪૧ ભાષાઓમાં બ્રોડકાસ્ટ થશે: ડૅનિશ, નૉર્વેજિયન, ફિન્નિશ, સ્વીડિશ, ડચ, ફ્રેન્ચ, જર્મન, પોલિશ, ચેક, સ્લોવાક, હંગેરિયન, ઇટાલિયન, સ્પૅનિશ, પોર્ટુગીઝ, ગ્રીક, ટર્કિશ, આલ્બેનિયન, બલ્ગેરિયન, રૂમાનિયન, રશિયન, સર્બોક્રોટ, સ્લોવીન, માલ્ટીઝ, આફ્રિકન, હિંદી, તામિલ, મરાઠી, બંગાળી, સિંહાલી, ઉર્દૂ, અરેબિક, હિબ્રૂ, ફારસી, કૅન્ટનીઝ, કયૂયોયૂ, બર્મી, મલાયી, થાઈ, જાપાની, ઇન્ડોનેશિયન અને વીએટનામીઝ.

'આ મજબૂત બંધ ટીન તો તમે મને આપ્યું, પણ એ ખોલવું કઇ રીતે?'
'એ બધી સૂચના અંદર મૂકેલા ખાસ કાગળમાં છાપી છે.'

મીણબત્તીના પ્રકાશના પંદર લાખમા ભાગ જેટલા પ્રકાશમાં પણ ઘુવડ સંપૂર્ણ આસાનીથી પોતાના શિકારને પકડી શકે છે.








બ્રિટિશ નૌકાખાતા પાસેથી ભારતની સરકારે ગયે મહિને મેળવેલી ત્રણ વિનાશિકાઓ (લડાયક જહાજો) બેડેલ, લૅમર્ટન અને હિડિંગફૉલ્ડને અનુક્રમે ગોદાવરી, ગોમતી અને ગંગા નામ આપીને હાલ તેની મરામત ઇંગ્લંડમાં કરાવાય છે, અને આવતા ઑગસ્ટમાં તે ભારત આવનાર છે. નામ-પલટા સાથે તેનાં પ્રતીકો પણ નવાં તૈયાર કરવામાં આવ્યાં છે તેનાં આલેખનો ઉપર આપ્યાં છે. ભારતીય નૌકાદળના સંહારક વિભાગના સીનિયર ઑફિસર કમાન્ડર કોહલીના કપ્તાનપણા નીચે ગોદાવરી એ ત્રણેમાં મુખ્ય રહેશે. તેની સંજ્ઞામાં ભારતના નકશામાં ગોદાવરી નદીનો વહનમાર્ગ દર્શાવવા સાથે તેના મૂળ પાસે આવેલી નાશિકની પ્રખ્યાત પ્રાચીન ગુફાઓનું આલેખન છે. ગોમતીની સંજ્ઞામાં લખનૌ પાસે ગોમતીકાંઠે આવેલ પ્રખ્યાત 'છત્તર મંઝિલ'નું અને ગંગાની સંજ્ઞામાં હિમાલયમાંના ગંગા નદીના ઉદ્ભવસ્થાનનું ચિત્રણ છે.

સતી . . . ચિત્રકાર: નંદલાલ બોઝ

આ અંકમાંનાં કલાચાર્ય અવનીન્દ્રનાથનાં સંસ્મરણોમાં જેનો ઉલ્લેખ આવે છે તે આ ચિત્રના મૂળ રંગોની ખૂબી, તેના ફોટોગ્રાફ પરથી લેવાએલી આ એકરંગી છાપમાં લેશમાત્ર ઊતરી નથી શકી તેની અમને દિલગીરી છે.




¶ ૧૯૦૮માં આ ચિત્ર પ્રથમ બહાર પડ્યું ત્યારે તેનો પરિચય આપતાં સિસ્ટર નિવેદિતાએ લખેલું: 'આનો કલાકાર કોઇ યુરોપિયન હોત તો આપણને અચૂક એમાં. શરીરનું સંપૂર્ણ કાઠું દાખવેલી અને વિજયની દીપ્તિવાળો રૂપસુંદર ચહેરો આપણી સામે ધરી રહેલી કોઈ રમણીનું પાત્ર જોવા મળત. પણ 'સતી'ની ભાવનાને વ્યક્ત કરતું ભારતીય ચિત્તનું સંવેદન શ્રી નંદલાલ બોઝે આમાં જે ઉતાર્યું છે એથી વધુ મર્મસૂચક કોઇ ભાગ્યે જ ઉતારી શક્યું હોત. આમાંની ભારતીય નારી અલબત્ત સુંદર પણ છે, સૌભાગ્યના શણગાર ધારણ કરેલી છે અને પોતાની ધ્યેયપ્રાપ્તિની એ પળ વિષે એકાગ્ર પણ થએલી છે, પરંતુ એમાં પોતાના વિજય કે વડાઈની કશી સભાનતા નથી. ભારતીય ચિત્તમાંથી જ પ્રકટે એવું, શુદ્ધ સત્ત્વથી ઓપતું—રજસ્‌ના એક પણ અંશ વિનાનું એ પાત્ર છે. ભભૂકતા અગ્નિની ભાલા જેવી જ્વાળાઓમાં એ પરોવાએલી હોવા છતાં ચહેરા પર ભયની એક રેખા નથી, કે એના પ્રાર્થનાલીન ભાવમાં મૃત્યુસમયની વેદનાની છાયા સરખી યે નથી. એની આંખો કશું જોતી નથી:—નથી જોતી નીચેની અગ્નિજ્વાલાઓને કે નથી જોતી પોતાની પાછળ રહેલાં પ્રિયજનોને. પોતે તત્કાલ જેને જઈને મળવાની છે તેના સિવાય કશું જ એ જોતી નથી. એનું મન શાંતિથી છલોછલ ભરેલું છે. એને મન આ મિલનની પળ છે; વિયોગનું ક્યાંય નામનિશાન નથી.

¶ સંપૂર્ણ નિર્ભયતા અને આત્મ-વિસ્મરણની આ મૂર્તિમાં સ્ત્રીજાતિના ગૌરવની ભારતીય ભાવનાનું આપણને કેવું દર્શન થાય છે! બીજા દેશોમાં ધાર્મિક સ્વાતંત્ર્ય, રાજકીય મુક્તિ કે જ્ઞાનપ્રાપ્તિ જેવાં મહાન ધ્યેયો માટે જે આત્મવિલોપન થયાં છે એવાં અહીં તો માત્ર કૂંળા ગૃહિણીધર્મની મધુર લાગણીને ખાતર હજારગણી સામાન્યતાથી થયાં છે. આ દેશમાં એવાં આત્મવિલોપન કરનારી સતીઓ પેઢી દર પેઢી પૂજાતી આવે એમાં નવાઇ નથી. અને એ પણ ચોક્કસ છે કે જે પ્રજામાં એ નિપજી તે પ્રજાની ઊંડી હિંમત અને ભક્તિભરી વફાદારી કદી લુપ્ત થવાની નથી; પરંતુ ભવિષ્યમાં, આ રીતે નહિ તો ભાવિ યુગમાં આવી પડનારી જગતવ્યાપી કટોકટીઓમાં, કોઈ નવા સ્વરૂપે પણ એને વાચા આવીને તે અવશ્ય વ્યક્ત થશે. પ્રાચીન હિંદી ગૃહિણીના પતિભક્તિના નાના ક્ષેત્રથી માંડીને સંત મહાત્માની શહીદી સુધીમાં થએલાં એ આત્મવિલોપનોનો આખો યે પગથાર ભારતીય ગૌરવગાથાનો જ માર્ગ છે, જેના પરનું એકએક પગલું આપણી વંદનાનું અધિકારી છે.

ફોટોગ્રાફી હરીફાઈ

પહેલું ઈનામ : મોકૂફ; બીજું ઈનામ : 'વાત્સલ્ય'-નટુ પરીખ (અમદાવાદ); નોંધપાત્ર: (૧) દરિયાને આરે: અરુણ ચાંદે-મુંબાઈ; (૨) હીરા ભાગોળ: ચન્દ્રકાન્ત મહેતા અમદાવાદ; (૩) ત્રણ બહેનો: આશાકાન્ત નિમ્બાર્ક-ભાવનગર.









બાળકને ધવડાવતી વિચારમગ્ન રંક માતાનું ચિત્ર જીવંત હોય તેટલું સ્વાભાવિક છે. બેઠેલા પાત્રની ત્રિકોણ બનતી રચનામાં ઘોડિયાની ઝોળી ને માતાની ઓઢણીની ભાતના પટ્ટા સામસામા આવીને વૈવિધ્યને પૂરક બને છે. સાદા વિષય અને સાદી રચનાના આ અસરકારક ચિત્રની ટેકનીક મોળી ન હોત તો પ્રથમ ઇનામ મેળવત. નોંધપાત્ર ઠરેલાં 'દરિયાને આરે' ચિત્રમાં કૅમેરો વાંકો થઇ ગયો છે તથા બે વહાણો ને પાત્રનાં સ્થાન કશા જ હેતુ વિનાનાં છે. એ ખામીઓ દૂર કરીને એમાંથી ઉચિત ચિત્રસંયોજન કેમ રચવું તે સફેદ લીટીનું ચોકઠું દોરી બતાવ્યું છે. 'હીરાભાગોળ' એ જ ભાઇએ મોકલેલા મુંબાઈના દૃશ્ય કરતાં વિષય દૃષ્ટિએ ચડિયાતું છે, પણ પેલાના જેવી સંપૂર્ણ ટેકનીક નથી આવી : ફોકસિંગની ખામી છે. એ જ ખામી 'ત્રણ બહેનો'વાળા ચિત્રમાં પણ છે જો ન હોત તો એ બંને ચિત્રો ઇનામને પાત્ર ઠરત એવા તેના વિષયો તથા સંયોજન છે. **શ્રીદામ ભટ્ટ**